સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# જોહનિસબર્ગમાં મોદીની એન્થોની અલ્બેનીસ સાથે મુલાકાત

## ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન સાથે સંરક્ષણ, સુરક્ષા , ખનિજો, વેપાર અને મુડી રોકાણ સહિતના મુદ્દે વડાપ્રધાન મોદીની ચર્ચા

**નવી દિલ્હી, તા. ૨૨**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી G૨૦ સમિટમાં હાજરી આપવા માટે દક્ષિણ આફ્રિકા પહોંચ્યા છે. પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય સમુદાયના સભ્યોએ તેમની સાથે મુલાકાત કરી. દક્ષિણ આફ્રિકાનું G૨૦નું પ્રમુખપદ ઘણી રીતે ખાસ છે. હકીકતમાં, ભારતે ૨૦૨૩ માં G૨૦ નું પ્રમુખપદ સંભાળ્યું. ભારતના પ્રમુખપદ હેઠળ દક્ષિણ આફ્રિકા G૨૦ નું સભ્ય બન્યું. દક્ષિણ આફ્રિકામાં, પીએમ મોદીએ ભારતીય સમુદાય સાથે વાતચીત કરી. યુવાનોએ ગણેશ પ્રાર્થના, શાંતિ મંત્ર અને અન્ય આધ્યાત્મિક પ્રસાદ સાથે પીએમ મોદીનું સ્વાગત કર્યું. એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૧ ભારતીય રાજ્યોના લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.

પીએમ મોદીએ જોહાનિસબર્ગમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ સંરક્ષણ, સુરક્ષા, ખનિજો, વેપાર અને રોકાણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ મુલાકાત વિશે લખ્યું, "ઓસ્ટ્રેલિયન પીએમ અલ્બેનીસ સાથેની મુલાકાત ખૂબ જ સારી રહી. આ વર્ષે અમારી વ્યૂહાત્મક ભાગીદારીના પાંચ વર્ષ પૂરા થયા છે, અને આ વર્ષોમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે જેણે અમારા સહયોગને વધુ ગાઢ બનાવ્યો છે."

તેમણે આગળ લખ્યું કે આજે અમારી ચર્ચામાં, ત્રણ મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું: સંરક્ષણ અને સુરક્ષા, પરમાણુ ઉર્જા અને વેપાર, જ્યાં અમારા સંબંધોને વધુ મજબૂત બનાવવાની નોંધપાત્ર તક છે. ચર્ચા કરાયેલા અન્ય ક્ષેત્રોમાં શિક્ષણ, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને વધુનો સમાવેશ થાય છે.

અનુસંધાન પાના ૭ પર

## જોહનિસબર્ગમાં કેનેડાના વડાપ્રધાનને પણ મળશે મોદી

**નવી દિલ્હી, તા. ૨૨**

દક્ષિણ આફ્રિકામાં શરૂ થયેલ જી-૨૦ દેશોની શિખર પરિષદમાં ભાગ લેવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક દેશોના રાષ્ટ્રવડાઓ સાથે પણ દ્વિપક્ષી બેઠકોનો દૌર શરૂ કર્યો છે અને ગઈકાલે તેઓએ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સાથે બેઠક યોજશે. લાંબા સમયથી ભારત અને કેનેડાના સંબંધોમાં તનાવ બાદ હવે સ્થિતિમાં થોડો સુધારો આવ્યો છે પરંતુ હજુ પણ અનેક મુદાઓ પર બંને દેશો વચ્ચે મતભેદો છે .



ખાસ કરીને ખાલીસ્તાની અલગતાવાદીઓને જે રીતે કેનેડામાં શરણ મળે છે તે ભારત માટે સૌથી મહત્વનો મુદો છે અને આ મુદે બંને દેશોના સંબંધો પણ અત્યંત વણસી ગયા હતા. ખાસ કરીને ૨૦૨૩માં ખાલીસ્તાની નેતા નિજ્જરની થયેલી હત્યામાં કેનેડા સરકારે ભારત સરકારની ભૂમિકા હોવાનો આક્ષેપ કરતા મોટો વિવાદ સર્જાયો હતો જોકે હવે કેનેડામાં સત્તા પરિવર્તન થયું છે અને માર્ક કાર્ની કે જેઓ એક બેન્કર છે .

તેઓ અમેરિકી ટેરીફના વાતાવરણ સંદર્ભમાં ભારત સાથે વ્યાપારીક સંબંધો વધારવા આતુર છે હાલમાં જ કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ ભારતની મુલાકાત લઈ ચુકયા છે અને ભારતના વ્યાપાર મંત્રી પિયુષ ગોયલ પણ વ્યાપારીક સમજુતી મુદે વાતચીત ચલાવી રહ્યા છે તે સંદર્ભમાં બંને દેશોના વડાપ્રધાનો વચ્ચેની મુલાકાત મહત્વની બની રહેશે.

# યુક્રેન શાંતિ યોજના પર ચર્ચા કરવા પુતિને દર્શાવેલી તૈયારી

### યુએસ દ્વારા પ્રસ્તાવિત ૨૮ મુદ્દાઓ પર ચર્ચા કરાશે : પુતિન

મોસ્કો, તા. ૨૨

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા માટે ૨૮-મુદ્દાની શાંતિ યોજના રજૂ કરી. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આનો જવાબ આપ્યો છે. પુતિને જણાવ્યું હતું કે રશિયા યુક્રેન માટે યુએસ દ્વારા પ્રસ્તાવિત ૨૮-મુદ્દાની શાંતિ યોજનાની વિગતો પર નોંધપાત્ર ચર્ચા માટે તૈયાર છે. રાષ્ટ્રપતિ પુતિને જણાવ્યું હતું કે રશિયાને આ યોજના યુએસ સરકાર સાથે વાતચીતના હાલના માધ્યમો દ્વારા પ્રાપ્ત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તે અંતિમ શાંતિ કરાર માટેનો આધાર બનાવી શકે છે. સિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, પુતિને જણાવ્યું હતું કે મોસ્કો પ્રસ્તાવિત યોજનાની તમામ વિગતો પર નોંધપાત્ર ચર્ચા માટે તૈયાર છે, જેમાં શાંતિ વાટાઘાટો અને સમસ્યાઓના શાંતિપૂર્ણ ઉકેલનો સમાવેશ થાય છે.

એ નોંધવું જોઈએ કે પુતિન અને ટ્રમ્પ આ વર્ષે ઓગસ્ટમાં યુએસએના અલાસ્કામાં મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ રશિયા-યુક્રેન મુદ્દા પર ચર્ચા કરી હતી. જો કે, વાટાઘાટો કોઈ ઉકેલ લાવી શકી નથી, અને ત્યારથી આ મુદ્દો સ્થિર રહ્યો છે.

દરમિયાન, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પોતાના લોકોને કહ્યું કે યુક્રેન તેના ઇતિહાસના કેટલાક સૌથી મુશ્કેલ નિર્ણયોનો સામનો કરી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા તૈયાર કરાયેલી નવી ૨૮-મુદ્દાની શાંતિ યોજના માટે તેમના દેશ પર સંમત થવાનું દબાણ યુક્રેનના ઇતિહાસમાં સૌથી મુશ્કેલ ક્ષણોમાંનું એક બની રહ્યું છે.

તેમણે કહ્યું કે યુક્રેન હવે તેની વિશ્વસનીયતા ગુમાવવા અથવા મુખ્ય ભાગીદાર બનવા વચ્ચે

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ બંગાળમાં 'સર'ના વિરોધમાં મમતાનો મોરચો

### કોલકાતા બાદ ૨૪ પરગણા જિલ્લામાં ટીએમસીની રેલી

કોલકાતા, તા. ૨૨

તૃણમૂલ કોંગ્રેસ (TMC) પશ્ચિમ બંગાળમાં ભારતીય ચૂંટણી પંચ (ECI) ના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) સામે પોતાનો વિરોધ ચાલુ રાખી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨૫ નવેમ્બરે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બોંગાવમાં જૈંઇ વિરોધી રેલીને સંબોધિત કરશે. રેલી બાદ, બેનર્જી બોંગાવમાં વિરોધ કૂચમાં પણ ભાગ લેશે. આ મુખ્યમંત્રીના નેતૃત્વમાં બીજી SIR વિરોધી રેલી અને વિરોધ કૂચ હશે. પહેલી રેલી ૪ નવેમ્બરે કોલકાતામાં યોજાઈ હતી. તૃણમૂલ કોંગ્રેસના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતુ કે SIR વિરોધી રેલી અને વિરોધ કૂચ માટે બોંગાવને સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે આ વિસ્તારમાં મટુઆ સમુદાયની વસ્તી વધુ છે.

તૃણમૂલ કોંગ્રેસે પહેલેથી જ પ્રચાર શરૂ કરી દીધો હતો કે SIRને કારણે મટુઆ સમુદાયને યાદીમાંથી દૂર કરવામાં આવશે. માતુઆઓ એક પછાત વર્ગના હિન્દુ સમુદાય છે જે પડોશી બાંગ્લાદેશથી શરણાર્થી તરીકે સ્થળાંતર કરીને પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લાઓમાં

અનુસંધાન પાના ૭ પર

# બેગુસરાઈમાં પોલીસ એન્કાઉન્ટરમાં કુખ્યાત ગુનેગાર ગંભીર રીતે ઘાયલ

### બિહાર સરકારમાં સમ્રાટ ગૃહમંત્રી બનતા પોલીસ તંત્ર એક્શનમાં

નવી દિલ્હી, તા. ૨૨

બિહારમાં નવી સરકાર બનતાની સાથે જ પોલીસ ગુનેગારો સામે કાર્યવાહીમાં લાગી ગઈ છે. શુક્રવારે રાત્રે બેગુસરાયમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને જિલ્લા પોલીસ વચ્ચેના સંયુક્ત ઓપરેશન દરમિયાન એન્કાઉન્ટર થયું.

આ ઘટનામાં એક કુખ્યાત ગુનેગાર ઘાયલ થયો હતો. તેના પર સરપંચના પુત્રની હત્યા કરવાનો આરોપ છે. આ ઘટના સાહેબપુર કમલ પોલીસ સ્ટેશન વિસ્તારના શાલીગ્રામ અને માલ્હીપુર ગામની નજીક બની હતી.

ઘાયલ ગુનેગાર શિવદત્ત રાય (ઉં.વ.૨૭) છે, જે તેઘરા પોલીસ સ્ટેશન વિસ્તારના બનહરા ગામના રહેવાસી રાજકિશોર રાયનો પુત્ર છે. પોલીસે ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને રોકડ રકમ પણ જપ્ત કરી છે. ઘાયલ વ્યક્તિ બેગુસરાયની સિવિલ હોસ્પિટલમાં પોલીસ કસ્ટડીમાં સારવાર હેઠળ છે. પોલીસ હજુ સુધી તેની સ્થિતિ જાહેર કરી રહી નથી.

સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)ને માહિતી મળી હતી કે ફરાર ગુનેગાર શિવદત્ત રાય, સાહેબપુર કમલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માલ્હીપુર નજીક હથિયારો ખરીદવા આવ્યો છે. માહિતી મળતાં, જીલ્લા ટીમ ત્યાં પહોંચી. સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી.

STF અને સ્થાનિક પોલીસ ઈનપુટવાળી જગ્યા પર પહોંચી, તો બે બાઈક પર સવાર ૬ આરોપીઓ પોલીસને જોતાં જ ગોળીઓ ચલાવવા લાગ્યા. આત્મરક્ષામાં પોલીસે ગોળી ચલાવી તો એક ગોળી શિવદત્ત રાયની જાંઘમાં લાગી અને તે પડી ગયો. બાકીના અપરાધીઓ

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય પ્રદેશમાં કાતિલ ઠંડીમાં ઠુંઠવાતા બે લોકોનાં મોત

### રાજસ્થાનમાં જોરદાર ઠંડી સાથે ગાઢ ધૂમ્મસ

નવી દિલ્હી, તા. ૨૨૨

ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી છે. મધ્યપ્રદેશમાં છેલ્લા બે દિવસમાં ઠંડીથી બે લોકોના મોત થયા છે. શુક્રવારે ભોપાલ અને ઈન્દોર સહિત સાત જિલ્લાઓમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. પહેલીવાર પચમઢીમાં તાપમાન ૫.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. નર્મદાપુરમમાં વિઝિબિલિટી ૫૦૦ મીટર નોંધાઈ હતી.

રાજસ્થાનમાં, શિયાળાના પવન ફૂંકાતા ઉત્તર-પશ્ચિમી પવનોને કારણે ધુમ્મસ છવાઈ રહ્યું છે. તેના પરિણામે દિવસ દરમિયાન અન્ય દિવસોની તુલનામાં હળવો સૂર્યપ્રકાશ રહે છે. લઘુત્તમ તાપમાનમાં પણ ૧ ડિગ્રીનો વધારો થયો છે, જે ઘણા શહેરોમાં એકથી બે અંક સુધી પહોંચી ગયું છે. આગામી બે અઠવાડિયા સુધી તાપમાન ઘટશે નહી.

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં શેષનેત્ર તળાવ તાપમાનમાં ઘટાડો થવાને કારણે થીજી ગયું. ગુરુવારે બદ્રીનાથ ધામમાં નવેમ્બર મહિનાની પહેલી હિમવર્ષા થઈ, જેનાથી સમગ્ર મંદિર સંકુલ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું. અહી તાપમાન માઈનસ ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું.

અનુસંધાન પાના ૭ પર

# થાણેમાં ચાલુ કારના ડ્રાઈવરને હાર્ટ એટેક આવતા અકસ્માતમાં ૪નાં મોત

## ચાર-પાંચ વાહનો સાથે અથડાઈને કાર પલટી ગઈ

**મુંબઈ, તા. ૨૨**

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અંબરનાથ શહેરમાં શુક્રવારે સાંજે ૬.૪૨ વાગ્યે કાર ચલાવી રહેલી એક વ્યક્તિને અચાનક હાર્ટ-એટેક આવ્યો. આ પછી બેકાબૂ કાર સામેથી આવતાં વાહનો સાથે અથડાઈ અને પલટી ગઈ. શહેરના ફ્લાયઓવર પર થયેલા આ અકસ્માતમાં ૪ લોકોનાં મોત થયાં છે અને ૩ લોકો ઘાયલ થયા છે.

આખી ઘટના ફ્લાયઓવર પાસેની ઈમારત પર લાગેલા ઝઝૂફમાં રેકોર્ડ થઈ છે. ફૂટેજમાં દેખાય છે કે સાંજે ૬ વાગ્યે ૪૨ મિનિટે એક ફુલ સ્પીડે કાર સામેથી આવી રહેલા બે ટૂ-વ્હીલર સહિત ૪થી ૫ વાહન સાથે અથડાય છે અને પલટી ખાઈ જાય છે.

વીડિયોમાં એવું પણ દેખાય છે કે ટક્કરના કારણે બાઈકસવાર એક વ્યક્તિ હવામાં ઊછળીને ફ્લાયઓવર પરથી નીચે જઈને પડી. અકસ્માત પછી તરત જ લોકોની ભીડ જામી ગઈ અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા.

આ દુર્ઘટનામાં ૪ લોકોનાં મોત થયા છે, ૩ લોકો ઘાયલ છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમની હાલત પણ ગંભીર જણાવાઈ રહી છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, કાર-ડ્રાઈવરને અચાનક હાર્ટ-એટેક આવ્યો હતો. આના કારણે કારનું સંતુલન બગડ્યું અને અકસ્માત થયો. ડ્રાઈવરનું પણ આ ઘટનામાં મોત થયું છે. પોલીસનું કહેવું છે કે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને ઘટનાનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

# આરોગ્ય વિમા સિસ્ટમમાં વર્ષે ૧૦ હજાર કરોડની છેતરપિંડી

### જંગી ફ્રોડના કારણે વિમા કંપનીઓને ભારે નુકશાન

નવી દિલ્હી, તા. ૨૨

દેશમાં આરોગ્ય અને જીવન વિમા પ્રિમીયમ સસ્તુ થાય તે માટે કેન્દ્ર સરકારે જીએસટી દુર કરીને મોટી રાહત સર્જી છે તેની સાથોસાથ આગામી સમયમાં જે ઉંચા પ્રિમીયમ વસુલાય છે.

તેમાં પણ મર્યાદા મુકવા તૈયારી કરી છે તે વચ્ચે ચોંકાવનારા રીપોર્ટમાં જણાવાયું છે કે, હેલ્થ ઈન્સ્યુરન્સ સિસ્ટમમાં ફ્રોડ અને ઉંચા કલેઈમ મંજૂરીના કારણે દર વર્ષે રૂા. ૮ થી ૧૦,૦૦૦ કરોડનો વધારાનો બોજો વિમા કંપનીઓ પર આવે છે જેના કારણે વિમા કંપનીઓને બીનજરૂરી રીતે પ્રિમીયમ વધારવાની ફરજ પડે છે અને બીજી તરફ જાહેર નાણાંનો દુરવ્યર્ય પણ થાય છે.

વાસ્તવમાં આ માટે હેલ્થ ઈન્સ્યુરન્સ સિસ્ટમમાં જે ડેટા સિસ્ટમ છે તે અત્યંત નબળી હોવાનું અને ચેક એન્ડ બેલેન્સ પધ્ધતિ પણ મજબુત નહીં હોવાથી તેનાથી દર્દીઓને પોતાના આરોગ્ય ખર્ચમાં વધુ રકમ ખર્ચવાની ફરજ પડે છે. બોસ્ટન કધસલ્ટીંગ ગ્રુપ મેડી આસીસ્ટના રીપોર્ટમાં આ ફ્રોડનો ઉલ્લેખ કરાયો છે. જેમાં રીટેલ હેલ્થ પોર્ટફોલિયોમાં ફ્રોડની શકયતા વધુ હોવાનું દર્શાવાયું છે.

અનુસંધાન પાના ૭ પર

# ચૂંટણી પંચની વેબસાઈટ પર સરળતાથી નામ મળી રહેશે

### સર પ્રક્રિયામાં માતા-પિતાના નામ રજૂ કરવા ફરજીયાત નથી

નવી દિલ્હી, તા. ૨૨

દેશમાં મતદાર યાદીના સુધારા માટે જે વ્યાપક SIR ની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે તેમાં ખાસ કરીને ૨૦૦૨ અને ૨૦૦૩ની મતદાર યાદીમાં નામ શોધવા મુદે સૌથી વધુ મુશ્કેલીઓ પડી રહી છે અને તેના કારણે વ્યાપકપણે લોકો ફરિયાદ પણ કરી રહ્યા છે તે વચ્ચે હવે ચૂંટણી પંચે એક મહત્વના સુધારામાં નામ શોધવા માટેની પ્રક્રિયા સરળ બનાવી હોવાનું જાહેર કર્યુ છે અને તેના કારણે હવે મતદારોને પોતાના કે પરિવારના નામ જુની મતદાર યાદીમાં શોધવા માટે કોઇ જુની મતદાર યાદી ફંફોળવાની જરૂર પડશે નહી.

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ ૨૦૦૩ની મતદાર યાદીમાંથી નામ શોધવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. ચૂંટણી પંચે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

ચૂંટણી પંચ (ECI) એ ૨૦૦૩ ની મતદાર યાદીમાં નામ શોધવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. મતદારોએ હવે કમિશનની વેબસાઈટ પર તેમનું નામ, રાજ્ય અને માતાપિતાના નામ દાખલ કરવાની જરૂર છે. આમ કરવાથી તરત જ ૨૦૦૩ ની મતદાર યાદીમાં તેમના નામનું સ્થાન જાહેર થઈ જશે.

ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને આ પગલું ભરી રહ્યું હોવાનું કહેવાય છે. મતદારો હવે તેમના મતવિસ્તાર, મતવિસ્તાર નંબર, મતદાન મથક

અનુસંધાન પાના ૭ પર

# માત્ર તસ્વીર અને ક્યુઆર કોડ સાથેના આધાર કાર્ડની વિચારણા

### આધાર કાર્ડમાંથી નામ, સરનામું અને જન્મ તારીખ દુર કરવા તૈયારી

નવી દિલ્હી, તા. ૨૨

ભારતીય નાગરિકો માટે આધાર કાર્ડ એ એક જરૂરી દસ્તાવેજમાંથી એક છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા હવે આધાર કાર્ડને લઈને મહત્ત્વના ફેરફાર કરવાનો વિચાર કરાઈ રહ્યો છે.આજના ડિજિડટલ વર્લ્ડમાં આધાર કાર્ડનો વધી રહેલો દુરુપયોગ ઘટાડવા અને ઓફલાઈન વેરિફિકેશનને દૂર કરવા માત્ર ફોટ અને ક્યુઆર કોડ રાખવામાં આવશે. આનો અર્થ એવો થયો કે આધાર કાર્ડ પરથી હવે નામ, સરનામું અને ડેટ ઓફ બર્થ જેવી માહિતી હટાવવામાં આવશે.આધાર કાર્ડ એ દરેક નાગરિકો માટે ખૂબ જ મહત્ત્વનો દસ્તાવેજ છે. આ બાબતે માહિતી આપતા સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર મહિનામાં આધારને લઈને એક મહત્ત્વનો નિયમ અમલમાં મૂકવામાં આવશે.આ નિયમ અનુસાર હોટેલ, ઈવેન્ટ અને અન્ય જગ્યાઓ પર આધાર કાર્ડની કોપી લઈને ઓફલાઈન વેરિફિકેશન બંધ કરાવવામાં આવશે. આ સાથે સાથે જ એજ વેરિફિકેશનને વધારે કડક બનાવવામાં આવશે.સૂત્રો દ્વારા આપવામાં આવેલા માહિતી અનુસાર આધાર કાર્ડ પર હાલમાં ફોટોની સાથે સાથે નામ, સરનામું અને ડેટ ઓફ બર્થ જોવા મળે છે. જ્યાં સુધી કાર્ડ પર ડિટેઈલ્સ છપાશે ત્યાં સુધી લોકો તેને જ સાચી માનશે અને તેનો ખોટો ઉપયોગ થઈ શકે છે. આ માટે આધાર કાર્ડ પર ખાલી ફોટો અને એક ક્યુઆર કોડ

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પાંડેસરાના ઉદ્યોગો દૂષિત પાણી ખાડીમાં છોડતા હોવાની રજૂઆત

## કલેક્ટરની સંકલન બેઠકમાં ધારાસભ્યોએ વિવિધ મુદ્દા ઉઠાવ્યા

સુરત, તા.૨૨

સુરત જિલ્લા સદન ખાતે સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાનો મળી હતી. ધારાસભ્યો તથા વિવિધ વિભાગોના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જનપ્રતિનિધિઓ દ્વારા મળતી રજૂઆતોનો સમયબદ્ધ અને અસરકારક નિકાલ થાય તે અંગે ખાસ ભાર મુક્યો હતો.

ધારાસભ્યશ્રી વિનોદભાઈ મોરડીયાએ રેશનિંગ દુકાનોમાં અંત્યોદય, BPL અને APL-૧ કાર્ડધારકોને મળતી ચીજવસ્તુઓની યાદી દુકાન બહાર બોર્ડ દ્વારા દર્શાવવા રજુઆત કરી હતી. કલેકટરશ્રીએ જિલ્લા પુરવઠા અધિકારીને આકસ્મિક ચકાસણી કરવા અને બોર્ડ ન દર્શાવતા આવા રેશનીગના દુકાનદારો સામે કડક કાર્યવાહી કરવા સુચના આપી હતી. ધારાસભ્યશ્રીએ પંડોળના ઔદ્યોગિક વિસ્તારમાં ડાઈંગ મીલ્સ દ્વારા રાત્રિના સમયે કેમિકલયુક્ત પાણી ગટરમાં છોડાતું હોવાની તેમજ લક્ષ્મી એન્કલેવ-૧ની શુભલક્ષ્મી ફાસ્ટફૂડ રેસ્ટોરન્ટમાંથી થતો અવાજ અને પ્રદૂષણ અંગેના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં રજૂઆત કરી હતી. જે સંદર્ભે કલેક્ટરશ્રી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. ધારાસભ્ય પુર્ણેશભાઈ મોદીએ બેઠકમાં નાના બાળકો માટે નવો તરણકુંડ બનાવવા તેમજ રાંદેર વિસ્તારની હેતલ નગર સોસાયટીનો સૂચિત સોસાયટી યોજના અંતર્ગત ઝડપથી સમાવેશ કરવા ઝડપથી કાર્યવાહી કરવા અંગે જણાવ્યું હતું. ધારાસભ્ય મનુભાઈ પટેલે પાંડેસરા GIDC વિસ્તારમાં CTP હેઠળ નાના ઔદ્યોગિક એકમો દ્વારા રાસાયણિક પાણી ખાડીમાં છોડાતું હોવા અંગે ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. ઔદ્યોગિક એકમો દ્વારા થતું પ્રદૂષણ નિયંત્રણમાં લાવવા તેમજ નાના ઉદ્યોગોને સરળતાથી વ્યવસાય કરી શકે તે માટે સહાયરૂપ નીતિ અમલમાં લાવવાની રજૂઆત કરી હતી. કલેકટરશ્રીએ પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીને જરૂરી સેમ્પલ લઈ, કાર્યવાહી કરવા જણાવ્યું હતું. સાથે નાના ઉદ્યોગકારોના પ્રશ્નોના નિરાકરણ માટે પદાધિકારીઓને સાથે રાખી બેઠક કરવા પણ જણાવ્યું હતું. પાંડેસરા GIDC વિસ્તારની ખાડી પરનું દબાણ દૂર કરવા કાર્યવાહી કરવા મહનગરપાલિકાના અધિકારીઓને જરૂરી

અનુસંધાન પાના ૭ પર



# સર્વોદય જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓલપાડ-મોરથાણ ગામે વસ્ત્ર દાન કરાયું

## જરૂરિયાતમંદોને ૨૫૦ જોડી કપડાનું વિતરણ

સુરત, તા.૨૨

સર્વોદય જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા ઓલપાડ તાલુકાના મોરથાણ ગામે વસ્ત્ર દાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરીબ અને જરૂરતમંદ લોકો માટે લોકો થકી અને લોકો દ્વારા આવેલ વસ્ત્ર દાન અંતરિયાળ વિસ્તારના ગરીબ અને નિરાધાર લોકો ને મળી રહે એ માટે આશરે ૨૫૦ થી વધારે કપડાંની જોડી મોરથાણ ગામના હળપતિવાસમાં વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ દર્શન નાયક, મંત્રી જયેન્દ્ર દેસાઈ, સહમંત્રી બાદલ પટેલ(પત્રકાર), ગામના સરપંચ જયેશ દેસાઈ તેમજ સહકારી તથા સામાજિક આગેવાન અંદાજ શેખ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વોદય ટ્રસ્ટના પ્રમુખ દર્શન નાયકે જણાવ્યું કે, અમારા ટ્રસ્ટ થકી અવારનવાર રચનાત્મક કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. ટ્રસ્ટ થકી નાના માણસો સુધી કઈ રીતે પહોંચી શકાય અને કઈ રીતે ગરીબ અને જરૂરતમંદો ને સહાયરૂપ બની શકાય એ માટે અમો હરહંમેશ પ્રયત્નશીલ રહેતા આવ્યા છે. આવનાર દિવસોમાં પણ આ ટ્રસ્ટ થકી નાના માણસોને મદદરૂપ થવાય એ માટે સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# સુરતથી ઈન્ટરનેશનલ એરકાર્ગો સેવા શરૂ કરવા ચેમ્બરમાં ચર્ચા

## ચેમ્બર ખાતે એર ઈન્ડિયાના વેસ્ટ ઝોન કાર્ગો ઓપરેશન્સ હેડ સાથે બેઠક



સુરત, તા.૨૨

સુરત શહેરના વાયુ વણિજ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રગતિ તરફ એક વધુ પગલું ભરાયું છે. એર ઈન્ડિયાના વેસ્ટ ઝોન કાર્ગો ઓપરેશન્સ હેડ શ્રી મહેશ ગણેશને સુરતની મુલાકાત લીધી હતી અને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પ્રેશિયસ ઈન્ટરનેશનલ કાર્ગો ઓપરેશન્સ શરૂ કરવાનો પ્રારંભિક પ્રક્રિયાત્મક અભ્યાસ અને ચર્ચાઓ કરી હતી. આ મુલાકાતને સુરતમાંથી આંતરરાષ્ટ્રીય કાર્ગો હેન્ડલિંગને નવી દિશામાં મૂકવાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રક્રિયામાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કેન્દ્રિય ભૂમિકા રહી હતી. ચેમ્બર ઓફ કોમર્સ ખાતે તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી બેઠકમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તથા ચેમ્બરની એવિએશન/એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ હાજર રહયા હતા. સુરતમાંથી આંતરરાષ્ટ્રીય કાર્ગો સુવિધાઓ સુધારવા અને કાર્ગો હબ તરીકે શહેરને ઊભું કરવા માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ છે. આ મુલાકાતને સુરતના વેપાર, ઉદ્યોગ અને નિકાસકારો માટે એક મોટા અવસર તરીકે જોવામાં આવી રહી છે. પ્રેશિયસ કાર્ગો ઓપરેશન્સ શરૂ થવાથી સુરતના હીરા, ટેક્ષટાઈલ અને અન્ય મૂલ્યવાન ઉત્પાદનોને વૈશ્વિક બજારોમાં સીધી અને ઝડપી એકસેસ મળશે, જે શહેરના અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. ચેમ્બરે આ પહેલને આવકાર આપી સુરતને વૈશ્વિક કાર્ગો નકશા પર વધુ મજબૂત રીતે સ્થાપિત કરવા તમામ સ્ટેક હોલ્ડરો સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

# વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ.ની ઈન્ટિરિયર ડિઝાઇનની વિદ્યાર્થીનીએ પ્રોજેક્ટ વિકસાવ્યો

## પોર્ટેબલ સ્કેચિંગ સ્ટૂલ ડિઝાઇનનું પેટન્ટ રજીસ્ટર્ડ થઈ



સુરત, તા.૨૨

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગની ત્રીજા વર્ષની વિદ્યાર્થી ઈશિતા રાજેશકુમાર ધામેલિયાએ પોર્ટેબલ સ્કેચિંગ સ્ટૂલનો એક નવીન અને ઉપયોગી પ્રોજેક્ટ સફળતાપૂર્વક વિકસાવ્યો છે. આ પ્રોજેક્ટની તમામ જરૂરી પ્રક્રિયા યુનિવર્સિટી ના SSIP અને ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા માર્ગદર્શિત કરવામાં આવી હતી. આ પોર્ટેબલ સ્ટૂલ ખાસ કરીને એવા આર્ટિસ્ટો અને વિદ્યાથીઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે આઉટડોર લાઈવ સ્કેચિંગ માટે વારંવાર અલગ-અલગ સ્થળોએ જતા હોય છે. સ્ટૂલનું ડિઝાઈન હળવું, કોમ્પેક્ટ અને સરળતાથી લઈ જવાય તેવું છે, જેથી તેનો ઉપયોગ કોઈપણ સ્થળે આરામદાયક રીતે કરી શકાય. તેનો ફોલ્ડેબલ રૂપ તેને વધુ કાર્યક્ષમ અને મોબાઈલ બનાવે છે. આ નવીન ડિઝાઈનનો મુખ્ય હેતુ આર્ટિસ્ટોને લાંબા સમય સુધી સ્કેચિંગ દરમિયાન યોગ્ય બેઠક, આરામ, પોર્ટેબિલિટી અને ગતિશીલ કાર્યક્ષમતા પ્રદાન કરવાનો છે. આદર્શ ઊંચાઈ, મજબૂત બંધારણ અને યૂઝર-સેન્ટ્રિક અભિગમ આ સ્ટૂલને આઉટડોર ક્રિયેટિવ કાર્ય માટે અત્યંત ઉપયોગી બનાવે છે. આ પ્રોજેક્ટ સહાયક અધ્યાપક અંકિત ચાંગાવાલા, સ્નેહલ પટેલ અને જિમીશા શાહના નિષ્ણાંત માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યો છે. તેમણે ઈશિતાને ડિઝાઈન પ્રક્રિયા, કાર્યપદ્ધતિ અને નવીનતા તરફ સતત પ્રેરણા આપી, જેના પરિણામે આ મોડ્યુલર અને પોર્ટેબલ સ્ટૂલનો સફળ વિકાસ શક્ય બન્યો. વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ના માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. એન. આર. પટેલ, પ્રો. પરેશ પારેખ (કો-ઓર્ડિનેટર, SSIP) અને ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલે ઈશિતા ધામેલિયા તથા તેમના માર્ગદર્શકોને આ પ્રશંસનીય સિદ્ધિ અને ડિઝાઈન નવીનતામાં યોગદાન બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા.



# પુત્તુર મ્યુનિસિપલનું પ્રતિનિધિ મંડળ સુરત શહેરની મુલાકાતે

## સુરત મહાનગર પાલિકાની વિવિધ કામગીરી પ્રતિનિધિ મંડળે નિહાળી

સુરત, તા.૨૨

મ્યુનિસિપલ કમિશનર વિધ્યા એમ. કાલે, સબરીનાથ રાય, એ.ઈ.ઈ. , ક્રિષ્નામૂર્તિ રૈડી, આસી. ઈજનેર, મનોજભાઈ, જુ. ઈજનેર, વિનોદ આર.જોશી, સિનિયર પ્રોગામર, સ્વેથા કિરણ, સિનિયર હેલ્થ ઈન્સ્પેકટર સહિતના સિટી મ્યુનિસિપલ કાઉન્સીલ, પુત્તુરના અધિકારીશ્રીઓનું પ્રતિનિધિ મંડળ તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૨૨/૧૧/૨૦૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ હતા.

જે પૈકી આજરોજ સુરત મહાનગરપાલિકાના માન. આસી. મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.આર. પ્રસાદ તથા અન્ય અધિકારી સાથે ઉપરોકત સિટી મ્યુનિસિપલ કાઉન્સીલ, પુત્તુરના પ્રતિનિધિ મંડળ સાથે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે જુના સ્થાયી સમિતિ ખંડમાં મિટીગ યોજાયેલ. સદર મિટીગમાં સુરત મહાનગરપાલિકાએ પ્રાપ્ત કરેલ વિવિધક્ષેત્રની સિધ્ધી , હાઈડ્રોલિક, ડ્રેનેજ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ટ્રાન્સફર સ્ટેશનની કામગીરી, બાયો મેડિકલ વેસ્ટ

અનુસંધાન પાના ૭ પર

# ભાઠા નદી બેટમાં બાંધકામની એનએ પરવાનગી તાકીદે રદ કરવા માંગણી

## દર્શન નાયકની ફરિયાદ અંગે ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીએ સરકારને પત્ર લખ્યા

સુરત, તા.૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક ની જુદી જુદી રજૂઆતો બાબતે માજી કેન્દ્રીયમંત્રી તથા ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષનાં નેતા ડૉ. તુષાર ચૌધરીએ ગુજરાત સરકારના સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનને ત્રણ મહત્વના મુદ્દાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવા આગ્રહપૂર્વકના પત્રો લખ્યા છે. જેમાં સહકારી બેંકોમાં ૧૦ વર્ષથી વધુ સમયથી ડિરેક્ટર પદે રહેલા વ્યક્તિઓના રાજીનામાં માંગ્યા

ડૉ. ચૌધરીએ સહકાર મંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ઘણી સહકારી બેંકોમાં કેટલાક ડિરેક્ટરો સતત ૧૦ વર્ષ કે તેથી વધુ સમય સુધી પદ પર રહીને નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આવા તમામ ડિરેક્ટરોના રાજીનામાં તાત્કાલિક લેવા અને નવી ચૂંટણી પ્રક્રિયા અમલમાં મૂકવા માંગ કરી છે.

સુરત જિલ્લાના ભાઠા ગામે તાપી નદીના બેટમાં ગેરકાયદેસર બાંધકામની દ્રઢ પરવાનગી રદ કરવા મુખ્યમંત્રીને પત્ર ચોર્યાસી તાલુકાના ભાઠા ગામે તાપી નદીના બેટમાં આવેલા બ્લોક નં. ૬૦૮, ૬૨૭ અને ૬૨૮ની જમીનમાં આપવામાં આવેલી બિનખેતી (NA) પરવાનગી અને તેના આધારે થયેલા બાંધકામ સામે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી સ્પે.સી.એ. નં. ૭૨૩/૨૦૧૧, ૩૮૮૧/૨૦૧૧ તેમજ એલ.પી.એ. નં. ૧૧૦૪/૨૦૧૧ અને ૧૨૫૩/૨૦૧૧ની પિટિશનોમાં કોર્ટે બાંધકામની પરવાનગી રદ કરી દીધી હતી. તેમ છતાં કલેક્ટર દ્વારા આપવામાં આવેલી NA પરવાનગી હજુ રદ કરવામાં આવી નથી અને બાંધકામ તેમજ પૂરણ કાર્ય ચાલુ છે. આ બાબતે મુખ્યમંત્રીને પત્ર લખીને દ્રઢ પરવાનગી તાત્કાલિક રદ કરી બાંધકામ-પૂરણ અટકાવવા માંગ કરવામાં આવી છે. માંડવી-માંગરોળના કરંજ, તડકેશ્વર, લીમોડ્રા, હરિયાલ વગેરે ગામોમાં એલ્યુમિનિયમ-રબર કંપનીઓ દ્વારા ભયંકર પ્રદૂષણ અંગે પત્રમાં જણાવાયું છે.આ વિસ્તારમાં ચાલતી એલ્યુમિનિયમ અને રબર કંપનીઓ દ્વારા પર્યાવરણીય કાયદાઓના ગંભીર ભંગ સાથે ઝેરી કેમિકલ યુક્ત

અનુસંધાન પાના ૭ પર



# રમતગમતના વિકાસને સૂર્યશક્તિનો સહયોગ

## એઈડ્સ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ૫૦ કી.વોટ સોલાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર શહેરના રમતગમત વિકાસ ઈતિહાસમાં એક વધુ ગૌરવપૂર્ણ ક્ષણ આજે સર્જાઈ છે. KP ગ્રુપના CSR અંતર્ગત AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્થાપિત ૫૦ કી.વોટ સોલાર રૂફટોપ પ્રોજેક્ટનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ટકાઉ ઊર્જા અને રમતગમતના સંકલનથી અંકલેશ્વરના ખેલક્ષેત્રને નવી ઊર્જા અને દિશા આપનાર આ પ્રોજેક્ટ ભાવિ પેઢીઓને લાભાન્વિત કરનાર સાબિત થશે. આ પ્રસંગે KP ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી નિલેશભાઈ પટેલ, શ્રી ગિરિશભાઈ પટેલ, શ્રી કિરણભાઈ દેસાઈ, તેમજ વિરજ સર અને પરિમલ સરની મુખ્ય ઉપસ્થિતિમાં પ્રોજેક્ટનું અનાવરણ કરાયું. કાર્યક્રમમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ સોસાયટીના સચિવ શ્રી અશોક પંજવાણી, સંયુક્ત સચિવ શ્રી સુભાષ પટેલ, તેમજ મેનેજમેન્ટ કમિટીના સભ્યો શ્રી દીપક રૂપરેલ, શ્રી મિતેશ શાહ, શ્રી ભાવેશ પટેલ, એઆઈડીએસ ના જનરલ મેનેજર ડોક્ટર નિનાદ ઝાલા, સ્પોર્ટ કોમ્પ્લેક્સના એડમિનિસ્ટ્રેટર શ્રી ક્રિષ્નાસિંહ અને શ્રી સ્મિત પટેલ હાજર રહ્યા હતા.

# મોરા ગામ ખાતે સી-સી રોડનું નિર્માણ કાર્ય પ્રગતિમાં

## રીલાયન્સ ગેટથી ને.હા.-૫૩ જોડતો સી- સી રોડ બની રહ્યો છે

સુરત, તા.૨૨

ચોર્યાસી તાલુકામાં વિકાસને નવી દિશા આપતા મોરા ગામ ખાતે સી—સી રોડના નિર્માણ કાર્ય હાલમાં ઝડપથી ચાલી રહ્યું છે. સુરત પંચાયત મા.મ. વિભાગ દ્વારા સુવિધાપથ યોજના હેઠળ હાથ ધરાયેલા આ પ્રોજેક્ટથી ગામના નાગરિકો, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા હજારો કર્મચારીઓ તથા સ્થાનિક ખેડુતોને સીધો લાભ થશે.આ માર્ગનું નિર્માણ કાર્ય રૂ.૧૧૧ લાખના ખર્ચે પૂર્ણ થવાનું છે. રીલાયન્સ ગેટ નં. ૫૭ સામે થી શરૂ થતાં આ સી-સી રોડનું જોડાણ વિજયભાઈ મોદીના ખેતર સુધી તેમજ મણી ભાગુબેનના ઘર સુધી કરવામાં આવી રહ્યું છે. ૫.૫ મીટર પહોળાઈ ધરાવતા આ મહત્વપૂર્ણ માર્ગનું કામ પૂરું થતા, મોરા ગામને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને નેશનલ હાઈવે-૫૩ સાથે વધુ સશક્ત કનેક્ટિવિટી મળશે. ગામજનો તથા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત કામદારો માટે આ માર્ગ 'સુવિધાનું નવું દ્વાર' સાબિત થશે. રોજિંદી અવરજવર વધુ સરળ બનશે, જ્યારે ખેડુતો માટે પોતાના ખેતરો સુધી પહોંચવું વધુ ઝડપી અને આરામદાયક બનશે. ખાસ કરીને, આ માર્ગ ને.હા.-૫૩ સાથે જોડાતો હોવાથી વાહનચાલકોને શહેરના જથ્થાબંધ ટ્રાફિકમાંથી મુક્તિ મળશે અને ઓછા સમયમાં હાઈવે પર પહોંચી શકાશે.વહીવટીતંત્ર અનુસાર, આવા નવા માર્ગોના નિર્માણથી મોરા સહિત આસપાસના વિસ્તારોમાં વિકાસના કામોને વધુ વેગ મળશે. પરિવહન સુવિધાના સુધારાથી કૃષિ, રોજગાર અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં સકારાત્મક અસર થવાની શક્યતા છે. મોરા ગામમાં ચાલી રહેલી સી—

અનુસંધાન પાના ૭ પર

# શ્રી ગટ્ટુ વિદ્યાલયની વિદ્યાર્થીનીનો એથ્લેટિક્સમાં ઝળકી

અંકલેશ્વર, તા.૨૨



તારીખ ૨૦/૧૧/૨૦૨૫ના રોજ યોજાયેલ ખેલ મહાકુંભ – તાલુકા સ્તરની એથ્લેટિક્સ સ્પર્ધામાં શ્રી ગટ્ટુ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ)ની પ્રતિભાશાળી વિદ્યાર્થીની જીયા બારસડીયાએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળા અને અંકલેશ્વરને ગૌરવ અનુભવાવ્યું છે. આ સિદ્ધિ માટે વિદ્યાર્થીનીને રૂ. ૧૫૦૦/- નું ઈનામ મેળવવા પાત્રતા મેળવી છે.જીયા બારસડીયા હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ શાળાનું પ્રતિનિધિત્વ કરશે. તેમને તાલીમ અપનાર શાળાના પી.ઈ. શિક્ષક શ્રી ધર્મેશભાઈ વસાવા પ્રત્યે શાળા પરિવારે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. શાળા મેનેજમેન્ટ, શાળાની આચાર્યા શ્રીમતી સુષ્માબેન ચૌધરી, ઉપાચાર્યા શ્રીમતી અંજલી પટેલ તથા સમગ્ર શાળા પરિવાર આ સિદ્ધિને હર્ષ અને ગૌરવની લાગણી સાથે અભિનંદન પાઠવે છે. વિદ્યાર્થીઓ આવી જ રીતે ઉત્તરોત્તર પ્રગતિ કરે અને શાળાનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવે છે.

# કામદાર યુનિયનોની ઓફિસોના મુદ્દે મેયર, કમિશનરને રજૂઆત

## ઓફિસોનો કબજો ગેરકાયદે લેવાયો હોવાનો આરોપ

સુરત, તા.૨૨

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૨૫ જેટલા યુનિયનોને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ડેપ્યુટેશન) દ્વારા તારીખ ૧૨/ ૧૧/૨૦૨૫ તથા તારીખ ૧૮/ ૧૧/૨૦૨૫ ના રોજ એક એક પત્ર આપી યુંનિયનોની માહિતી તારીખ ૧૯ નવેમ્બર સુધીમાં આપવા માટે જણાવેલ હતું.જે મુજબ તમામ ૨૫ યુનિયન દ્વારા તેમનો જવાબ અને જરૂરી માહિતી પુરાવાઓ તારીખ ૧૯ મી સુધીમાં આપી દીધા હતા.ત્યારબાદ યુનિયનો તરફથી આપવામાં આવેલ જવાબ અને પુરાવાઓને ધ્યાનમાં લીધા વગર અને અભ્યાસ કર્યા વગર નિયમ મુજબ કાયદાકીય કાર્યવાહી કરવાને બદલે ૧૯મી નવેમ્બરના રોજ સાંજે છ કલાક બાદ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતે આવેલ કચેરીના કમ્પાઉન્ડમાં આવેલ યુનિયનોના તમામ બોર્ડ વિવિધ ખાતા દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતા. તેમજ તે જ દિવસે મોડી રાત્રે ૧૨ કલાક બાદ તમામ યુનિયન ઓફિસના તાળા ગેરકાયદેસર રીતે તોડાવી, તમામ યુનિયનોની યુનિયન ઓફિસોની અંદર રહેલ કબાટ,ટેબલ, ખુરશી તેમજ ફાઈલો, જરૂરી દસ્તાવેજો કોર્ટના કાગળો, કામદાર કર્મચારીઓની અનેક ફાઈલો તેમજ અંદર રહેલ રોકડ રકમ સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા ગુમ કરી દેવામાં આવી છે.તેમજ આ તમામ ઓફિસનો ગેરકાયદેસર રીતે કબજો લઈ લેવામાં આવેલ છે.જે અંગે તમામ યુનિયનો તેનો સખ્ત વિરોધ કરી રહ્યા છે.આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને વખોડી રહ્યા છે. આજરોજ બપોરે સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી અને મ્યુનિસિપલ કમિશનર શ્રીને યુનિયનના આગેવાનોએ રૂબરૂ મુલાકાત લઈને વિગતવાર ચર્ચા કરી હતી. અને યુંનિયનોની ઓફિસ જે સ્થિતિમાં હતી,તે સ્થિતિમાં પાછી આપવા માટે રજૂઆત કરી છે.તમામ રજૂઆતો શાંતિપૂર્વક સાંભળીને આ આ અંગે ઘટતું કરવા ખાતરી આપી હતી.

ત્યારબાદ તમામ યુનિયનના આગેવાનો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં સાંજે ૫:૪૫ થી ૬:૧૫ સુધી મુખ્ય દરવાજા પાસે ઉભા રહીને યુંનિયનોની ઓફિસો ગેરકાયદેસર રીતે કબજે કરી લેવાના અને યુનીયનો અને યુનિયનના પ્રતિનિધિઓને બદનામ કરવાની જે કુચેસ્તા કરવામાં આવી છે, તેની વિરુદ્ધમાં અડધો કલાક મૌનવ્રત ધારણ કરીને ઊભા રહ્યા હતા.ત્યારબાદ લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે જઈ વિવિધ સાત યુનિયન દ્વારા જુદી જુદી ફરિયાદો પોલિસ ઈન્સ્પેક્ટર શ્રી લાલગેટને રજૂ કરેલ છે અને આ બાબતે તાકીદે કાર્યવાહી કરીને,તે અંગેની એફ.આઈ.આર દાખલ કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. જે ગેરકાયદેસર કૃત્ય કરવામાં આવેલ છે,તે અંગેની ફરિયાદ વિવિધ યુનીયનો દ્વારા તેજ રાત્રિએ મોડી રાત્રે લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે આપેલ હતી.જે અંગે જાણવા મળ્યા મુજબ,આ અંગેની તપાસ આ વિસ્તારના એસીપી શ્રીને સોંપવામાં આવેલ છે અને તેઓ આ અંગે તપાસ કરી રહ્યા છે.તમામ યુનિયન દ્વારા આ અંગે જરૂર જણાય, આ માટેની વધુ કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે તેમજ જરૂર જણાય આંદોલનના તમામ કાર્યક્રમો આપવાની પણ ફરજ પડશે.



# સંસ્કારદીપ વિદ્યાલયમાં આઉટડોર જીમ્નેસિયમ

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલયમાં આઉટડોર જીમ્નેશિયમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. અંકલેશ્વરની શ્રીમતી પુષ્પાવતી દેવીદાસ શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલયમાં કે.પટેલ કેમો ફાર્માના સૌજન્યથી આઉટ ડોર જીમનેશ્યમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં કે પટેલ કેમોફાર્માના જીતુ પટેલ, ગીરીશ પટેલ, નિલેશ પટેલ, મહેન્દ્ર પટેલ અને વિરાજ પટેલે હાજરી આપી બાળકોને કસરત કરવાનું શું મહત્વ છે એના વિશે સમજ આપી હતી. આ પ્રસંગે સંસ્કાર દીપ ટ્રસ્ટના અધ્યક્ષ એન.કે નાવડીયા,મંત્રી હિતેનભાઈ, તથા ટ્રસ્ટી અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## એસેન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓની કલા ઉત્સવમાં સિદ્ધિ

સુરત, તા.૨૨

શ્રી આદિનાથ સ્વામી એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત એસેન્ટ સ્કૂલ ના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ના વિદ્યાર્થીઓ કલા ઉત્સવ QDC લેવલ પર અલગ અલગ કૃતિ માં ઝળક્યા જેમાં સંગીત વાદન પહેલો ક્રમાંક આરવ ગજ્જર, સંગીત ગાયન પ્રથમ સૃષ્ટિ વર્મા, ચિત્રકામ વિકાસ યાદવ દ્વિતીય, ઉ.માં વિભાગ ચિત્રકામ જનક છીપા પ્રથમ, સંગીત ગાયન પ્રગતિ તિવારી પ્રથમ ક્રમાંકે આવી શાળા નું નામ રોશન કર્યું છે. આ પ્રસંગે શાળા ના આચાર્ય શ્રી વિશાલ શાહ દ્વારા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક સતીશ મિસ્ત્રી અને પરેશ પટેલ ને અભિનંદન પાઠવવામાં આવ્યા.

# નવા લેબર કાયદાનો કેન્દ્રીય ટ્રેડ યુનિયનોનો ભારે વિરોધ

સુરત, તા.૨૨

કેન્દ્રીય ટ્રેડ યુનિયનોનો સંયુક્ત મંચ, આજથી અમલમાં મૂકવામાં આવેલા આ મજૂર-વિરોધી અને પુંજીપતિ-પરસ્ત લેબર કોડ્સની એકતરફી અને મનસ્વી ઘોષણાની કડક નિંદા કરે છો અમે તેને દેશના મહેનતકશ વર્ગ સાથે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ એક છેતરપિંડીયું પગલું ગણાવીએ છીઓ ૨૧ નવેમ્બર ૨૦૨૫એ જાહેર કરાયેલી આ કહેવાતી ચાર "લેબર કોડ્સ"ની અધિસૂચના લોકતંત્રની ભાવનાનું ખુલ્લું ઉલ્લંઘન છે અને ભારતના કલ્યાણકારી રાજ્યના સ્વરૂપને નષ્ટ કરે છો

દસ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને સ્વતંત્ર ઔદ્યોગિક મહાસંઘોનો સંયુક્ત મંચ આ દમનકારી લેબર કોડ્સનો વિરોધ તે દિવસથી કરે છે જ્યારે ૨૯ કેન્દ્રીય મજૂર કાયદાઓ રદ કરી આ કોડ્સ પસાર કરવામાં આવ્યા

૨૦૧૯માં વેજ કોડ પસાર થતાં જ દેશભરમાં વિરોધ-આંદોલન શરૂ થયા અને જાન્યુઆરી ૨૦૨૦ની સામાન્ય હડતાળે તેનું સ્વરૂપ લીધું અને જ્યારે અન્ય ત્રણ કોડ્સ—ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ કોડ, સોશિયલ સિક્યોરિટી કોડ અને ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ—સપ્ટેમ્બર ૨૦૨૦માં પસાર કરાયા, ત્યારે તાત્કાલિક વિરોધો થયા અને ૨૬ નવેમ્બરની ઐતિહાસિક રાષ્ટ્રીય હડતાળ યોજાઈ, જેને સંયુક્ત કિસાન મોરચા (SKM)ના "દિલ્હી ચાલો" આંદોલનનું સમર્થન મળ્યું હતું તે બાદ અનેક સંયુક્ત કાર્યવાહી ચાલી રહી, જેમાં ૯ જુલાઈ ૨૦૨૫ની ઐતિહાસિક દેશવ્યાપી હડતાળ એક શિખર હતું, જેમાં ૨૫ કરોડથી વધુ કામદારો જોડાયા હતા.

# સ્વામિનારાયણ ગુરુકુળ કલા મહાકુંભમાં અવ્વલ નંબરે

## તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધામાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ બાજી મારી

સુરત, તા.૨૨

ગુજરાત સરકાર આયોજિત, અંકલેશ્વર ખાતે, તાલુકા કક્ષાએ યોજાયેલ કલા મહાકુંભની અનેકવિધ સ્પર્ધાઓમાં ગુરુકુલ શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જેમાં શ્રીમદ્ભગવદ્ગીતા ક્વિઝ સ્પર્ધામાં રવિના દેવડા અને આયુષ્ય ધાંધલિયાએ તૃતીય ક્રમાંક, સંગીત વાદન સ્પર્ધામાં કૌતુક હુલાણીએ દ્વિતીય ક્રમાંક, એથ્લેટિક સ્પર્ધામાં U-૧૭ ૮૦૦ મીટર દોડમા ક્રિષ્ના વસાવાએ દ્વિતીય ક્રમાંક અને ઉંચી કૂદમા તૃતીય ક્રમાંક, ચિત્ર સ્પર્ધામાં રાજશ્રી ટુકડીયાએ પ્રથમ ક્રમાંક, બાળ કવિ સ્પર્ધામાં નિધિ જમારિયાએ પ્રથમ ક્રમાંક અને ગાયન સ્પર્ધામાં હેતવી માકડીયાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને ગુરુકુલિય પ્રાચીન સંગીત અને રમત-ગમત પરંપરાને ગૌરવ અપાવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ભવ્ય સફળતા મેળવનારા સફળવીરોને સંસ્થાના વડા કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી કિશોર સરજી, આચાર્યા દર્શનાબેન ત્રિવેદી અને આચાર્યા પાયલબેન પોશિયાએ ખૂબ ખૂબ અભિનંદન સાથે બિરદાવ્યા હતા.

# ગૌતમ અદાણીની ઇન્ડોલોજી મિશનને રૂ.૧૦૦ કરોડની સખાવતની જાહેરાત

**અમદાવાદ, ૨૧ નવેમ્બર ૨૦૨૫**

અદાણી ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવના ઉદ્ઘાટન પ્રસંગે અદાણી ગ્રૂપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં ભારતની સભ્યતાના જ્ઞાનની જાળવણી, માળખું અને ભવિષ્યને સુરક્ષિત કરવા માટે રચાયેલ તેના પ્રકારનું પ્રથમ ડિજિટલ માળખું-ભારત નોલેજ ગ્રાફ બનાવવાની સીમાચિહ્નરૂપ પ્રતિબદ્ધતાની જાહેરાત કરી હતી.


અદાણી ગ્રુપ, શિક્ષણ મંત્રાલયની ઇન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (આઈકેએસ) ના સહયોગથી ભારતની સંસ્કૃતિ, ભાષાઓ, ફિલસૂફીઓ, વિજ્ઞાન અને સાંસ્કૃતિક વારસાના વૈશ્વિક શૈક્ષણિક અભ્યાસ-ઈન્ડોલોજીને પુનર્જીવિત કરવા માટે ત્રણ દિવસીય ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવનું આયોજન કરી રહ્યું છે.


આ કાર્યક્રમમાં મુખ્ય સંબોધન આપતા શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "શરૂઆત તરીકે, હું ભારત નોલેજ ગ્રાફ બનાવવા અને આ ઈન્ડોલોજી મિશનમાં યોગદાન આપનારા વિદ્વાનો અને ટેકનોલોજિસ્ટ્સને ટેકો આપવા માટે ૧૦૦ કરોડ રૂપિયાના સ્થાપક યોગદાનની જાહેરાત કરવા માટે નમ્ર છું. આ એક સભ્યતાના દેવાની ચુકવણી છે ".

આ સંમેલનમાં સન્માનિત મહેમાન સ્વામી અવીમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી હતા, જેઓ જ્યોતિર મઠના જગદ્ગુરુ શંકરાચાર્ય હતા, જેઓ પૂજ્ય આચાર્યોના અખંડ વંશમાં ૪૬મા હતા, જેઓ પોતાની આધ્યાત્મિક સત્તા આદિ શંકરાચાર્ય સુધી પહોંચાડે છે.આ સંમેલનને સંબોધતા શંકરાચાર્યએ કહ્યું હતું કે, "જ્યારે મેં શંકરાચાર્યનું પદ સંભાળ્યું હતું, ત્યારે મેં કહ્યું હતું કે મારી ભૂમિકા ત્યારે જ અર્થપૂર્ણ બનશે જ્યારે ભારત વિશ્વગુરુ (વૈશ્વિક શિક્ષક) બનશે અને આજે, ગૌતમ અદાણીજીની પહેલ મારા તે જ સ્વપ્નને મોટો ટેકો છે ".ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવ ૨૦ થી ૨૨ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન અમદાવાદના અદાણી કોર્પોરેટ હાઉસ (ACH) ખાતે યોજાઈ રહ્યું છે. એવા સમયે જ્યારે વિશ્વભરમાં ભારતવિદ્યા વિભાગો સંકોચાઈ રહ્યા છે, ત્યારે આ પ્રયાસ ભારતની જ્ઞાન પ્રણાલીઓની માલિકીને પુનઃસ્થાપિત કરવાનો અને તેમને અધિકૃત, સંશોધન સંચાલિત ભારતીય દ્રષ્ટિકોણ દ્વારા વિશ્વ સમક્ષ રજૂ કરવાનો છે.કોન્ક્લેવને સંબોધતા, શંકરાચાર્યએ કહ્યું, "જ્યારે મેં શંકરાચાર્યનું પદ સંભાળ્યું, ત્યારે મેં કહ્યું હતું કે મારી ભૂમિકા ત્યારે જ અર્થપૂર્ણ બનશે જ્યારે ભારત વિશ્વગુરુ (વૈશ્વિક શિક્ષક) બનશે . અને આજે, ગૌતમ અદાણીજીની પહેલ મારા તે જ સ્વપ્નને મોટો ટેકો આપે છે."

ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવ ૨૦ થી ૨૨ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન અમદાવાદમાં અદાણી કોર્પોરેટ હાઉસ (ACH) ખાતે યોજાઈ રહ્યો છે. એવા સમયે જ્યારે વિશ્વભરમાં ઈન્ડોલોજી વિભાગો સંકોચાઈ રહ્યા છે, આ પ્રયાસ ભારતની તેની જ્ઞાન પ્રણાલીઓ પર માલિકી ફરીથી સ્થાપિત કરવાનો અને તેમને એક અધિકૃત, સંશોધન-સંચાલિત ભારતીય દ્રષ્ટિકોણ દ્વારા વિશ્વ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કરે છે.

ગૌતમ અદાણીએ ઉમેર્યું હતું કે જો કોઈ સભ્યતા અને તેની સાંસ્કૃતિક અને ભાવનાત્મક માળખાનો સક્રિયપણે બચાવ કે સંવર્ધન નહીં કરે, તો માનવીય વર્તન, સંસ્કૃતિ કે પરંપરા તરફ નહીં, પરંતુ મશીનના અલ્ગોરિધમના એક શુષ્ક તર્ક તરફ વળશે. આ પરિવર્તન શાંત, ક્રમિક હશે અને આપણે આપણા પોતાના દેશને કેવી રીતે અનુભવીએ છીએ, શીખીએ છીએ અને વિશ્લેષણ કરીએ છીએ તેને ફરીથી આકાર આપશે ," આ સહયોગ અદાણી સમૂહની રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને ઇન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (IKS) ના આદેશ સાથે જોડે છે જે ભારતના પરંપરાગત જ્ઞાન માળખાને સમકાલીન શિક્ષણમાં એકીકૃત કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ હેઠળ શરૂ કરાયેલ IKS વિવિધ શાખાઓમાં પ્રાચીન ભારતીય જ્ઞાનને મુખ્ય પ્રવાહમાં લાવવાનું કામ કરે છે, આંતરશાખાકીય સંશોધન, ગ્રંથો અને પ્રથાઓનું સંરક્ષણ અને એન્જિનિયરિંગ, પર્યાવરણીય વિજ્ઞાન, ભાષાશાસ્ત્ર, જાહેર નીતિ અને આરોગ્યસંભાળ જેવા આધુનિક સંદર્ભોમાં વ્યવહારુ ઉપયોગને પ્રોત્સાહન આપે છે.ભારતીય શાસ્ત્રે ભારતની વૈશ્વિક સમજણને ઐતિહાસિક રીતે કંડારીને, ભાષાશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિત, શાસન, સાહિત્ય અને આરોગ્ય વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોને ઉજાળ્યા છે. પરંતુ દાયકાઓથી ઘટતા જતા સંસ્થાકીય સમર્થનને કારણે તેની શૈક્ષણિક ગહેરાઇ ઓછી થઈ ગઈ છે. આ પડકારનો સામનો કરવા માટે, અદાણી સમૂહ અને દ્વિજી સંયુક્ત રીતે અગ્રણી સંસ્થાઓમાં ૧૪ પીએચડી વિદ્વાનોને બળ આપવા માટે પાંચ વર્ષનો કાર્યક્રમ પણ ચલાવી રહ્યા છે. તેમના સંશોધનમાં પેનિનિયન વ્યાકરણ અને ગણતરીત્મક ભાષાશાસ્ત્ર, પ્રાચીન ખગોળશાસ્ત્ર પ્રણાલીઓ, સ્વદેશી આરોગ્યસંભાળ માળખું, પરંપરાગત ઈજનેરીમાં ટકાઉપણાના સિદ્ધાંતો, રાજકીય વિચાર, વારસો અભ્યાસ અને શાસ્ત્રીય સાહિત્યનો સમાવેશ થશે.IIT, IIM, IKS-કેન્દ્રિત યુનિવર્સિટીઓ અને પ્રખ્યાત વિદ્વાનો સાથે સંકળાયેલા સખ્ત રાષ્ટ્રીય પરામર્શ દ્વારા વિદ્વાનોની પસંદગી કરવામાં આવી હતી. ડેટા સાયન્સ, સિસ્ટમ્સ થિંકિંગ અને મલ્ટિમોડલ આર્કાઇવિંગ જેવા અદ્યતન સાધનો સાથે શાસ્ત્રીય જ્ઞાનને એકીકૃત કરીને આ કાર્યક્રમ થકી ઈન્ડોલોજીને સમકાલીન શૈક્ષણિક પ્રવચન અને વૈશ્વિક શિષ્યવૃત્તિ માટે સુસંગત બનાવવાનો પ્રયાસ કરે છે.આ પહેલ વસુધૈવની ભાવનામાં મૂળ કુટુમ્બકમ "વિશ્વ એક પરિવાર તરીકે" ના પ્રાચીન ભારતીય સિદ્ધાંત પ્રત્યેની અદાણી સમૂહની મજબૂતાઈ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે





**આ સંમેલનમાં સન્માનિત મહેમાન સ્વામી અવીમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી હતા, જેઓ જ્યોતિર મઠના જગદ્ગુરુ શંકરાચાર્ય હતા, જેઓ પૂજ્ય આચાર્યોના અખંડ વંશમાં ૪૬મા હતા, જેઓ પોતાની આધ્યાત્મિક સત્તા આદિ શંકરાચાર્ય સુધી પહોંચાડે છે.**







## સુરતમાં ૧૦૩ કરોડની લોન મંજૂર

# નેશનલ મેગા MSME ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ ટેક્સટાઇલ હબને નોંધપાત્ર નાણાકીય પ્રોત્સાહન આપે છે

સુરત, ૨૨ નવેમ્બર

સુરતના મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટમાં FOSTTA (ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન) ખાતે યોજાયેલ 'નેશનલ મેગા MSME ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ' એક જબરદસ્ત સફળતા હતી, જેમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે રૂ.૧૦૩ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન રૂ.૮૦ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી, જ્યારે ?૨૩ કરોડના પ્રસ્તાવોને સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી. વધુમાં, કુલ ?૧૬૩ કરોડના નવા લીડ્સ જનરેટ કરવામાં આવ્યા હતા.

**મુખ્ય મહેમાનો અને સહભાગીઓ**

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં ડૉ. હિમાંશુ ગુપ્તા (DGM MSME CO, મુંબઈ) મુખ્ય અતિથિ હતા. શ્રી મનીષ વર્મા (પ્રાદેશિક વડા, સુરત) એ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું.

આ કાર્યક્રમમાં FOSTTA ના ચેરમેન શ્રી કૈલાશ હકીમ, MANTRA (નેશનલ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન) ના સચિવ અને વરિષ્ઠ ટેકનિશિયન સહિત અન્ય મુખ્ય હિસ્સેદારોએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં ૬૫ ગ્રાહકો, ૧૦૦ થી વધુ ઉદ્યોગસાહસિકો અને ૧૫ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CAs) ની સક્રિય ભાગીદારી જોવા મળી, જેમણે નાણાકીય સલાહ માટે મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપી હતી. ૪૦ ડિમાન્ડ ડ્રાફ્ટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ટ્રાવેલ પ્લસઃ ગુજરાતનાં ઘાસિયાં મેદાનમાં કલરવ કરતાં મુસાફર પક્ષી- કુંજ

પંખીઓ સૃષ્ટિનાં આરંભથી જ આ ધરાને વસુધૈવ કુટુંમ્બક્મની ભાવનાથી જોતા આવ્યા છે અને એ ક્રમ આજ દિન સુધી ચાલતો આવ્યો છે. યુરોપિયન દેશોમાંથી ભારત આવતા વિવિધ પક્ષીઓની મુસાફરીનું વિજ્ઞાન અચરજ પમાડે તેવું હોય છે. આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યાં છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીના એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પતઝડની મોસમ બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું.

જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતનાં સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી

એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહ રચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસ્સાવી દે છે અને સઘળાં પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે. મારા પપ્પા ખેતરમાં ઊંચે નજર માંડીને કહેતા કુંજડાં આવવાનાં શરૂ થઇ ગયા એટલે હવે શિયાળો બેઠો સમજો. આ કુંજ ગજ્જબનાં મુસાફર જીવડાં હો ભાઈ. શિયાળાનું પાકું એંધાણ જ આ પક્ષીઓ આપે. આપણા પ્રદેશમાં શિયાળુ મોંઘેરા મહેમાન કુંજનાં આગમનની શરૂઆત થઇ ચૂકી છે. સદીઓથી પક્ષીઓ આ સૃષ્ટિ પર રાજ કરતા આવ્યા છે. પક્ષીઓનાં માઈગ્રેશન રૂટ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેનો મહત્ત્વનો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે એટલે હવે અવનવા પક્ષીઓ મુસાફર બનીને ગુજરાત આવે છે. પંખીઓનાં આવા વિશ્વને શ્રી ધ્રુવ ભટ્ટે અદ્ભુત શબ્દો આપ્યા છે. પાંખમાં ભરીને ચલો આખું આકાશ કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ ભાંગતા કિનારાનું ભાંગે એકાંત એવી કલબલતી કોઈ વાત બોલીએ માળાનો હોય નહી આપણને સાદ સાવ ટૂંકા રોકાણ છીએ આપણે યાયાવર ગાન છીએ આપણે

શિયાળો બેસે કે ગુજરાત અને રાજસ્થાનનાં રણ વિસ્તાર, ઘાસિયાં મેદાનો અને સરોવરોની આસપાસનાં ખેતરોમાં કુંજનો કલરવ ગુંજવા માંડે. વહેલી સવારે ઊંચે આકાશમાં નજર માંડો કે એકમેકની પાછળ શિસ્તબદ્ધ દ શેપમાં ઉડાન ભરતા નજરે ચઢે. દેખાવે આકર્ષક લાગતા કુંજ મોટા ભાગનો સમય ખોરાક શોધવામાં જ વિતાવતા હોય છે.

પોતાની લાંબી અને મજબૂત ચાંચનો ઉપયોગ કરીને જમીનમાં ઉગેલા ઝાંખરાઓનાં મૂળ ખોદીને તેઓ ખાતા હોય છે. તેઓનું દિશા જ્ઞાન અચરજ પમાડે તેવું છે. જે રૂટનો ઉપયોગ કર્યો હશે એ જ રસ્તેથી તેઓ પરત ફરે છે અને એ જ પ્રક્રિયા વર્ષો વર્ષ સુધી ચાલ્યા જ કરે છે. મોટાભાગે તેઓ ૨૫૦૦ મીટર કરતા વધારે ઊંચાઈ વાળા વિસ્તારો પરથી ઉડવાની પ્રક્રિયાને ટાળતા હોય છે જેથી યોગ્યતા માત્રામાં હવાની મદદ મળી રહે અને શક્ય એટલા ઓછા સમયમાં યોગ્ય સ્થળે વિરામ માટે ઉતરાણ પણ કરી શકાય.

યુરોપિયન દેશોમાં વધુ માત્રામાં જોવા મળતું આ પક્ષી રાજસ્થાન અને ગુજરાતને પોતાનું શિયાળુ આવાસ બનાવે છે. કચ્છનાં મોકળા બન્નીનાં ઘાસિયાં મેદાનો તેઓ માટે સ્વર્ગ છે. નળ સરોવર આસપાસનાં ખેતરોમાં, કાઠિયાવાડનાં ભાલ વિસ્તારનાં મગફળીનાં



ખેતરોમાં, કચ્છનાં નાના રણનાં ખુલ્લાં મેદાનોમાં આ પક્ષીઓ ખૂબ જ મોટા સમૂહમાં ઊતરે છે. આ પક્ષીઓની ઉડાનને જોઈને જાણે પળવાર માટે જગ વિસરી જવાય એવો એનો નાદ હોય છે.

અસંખ્ય પક્ષીઓ એક સાથે ઝડપથી ઉડતા હોવા છતાં એકમેક સાથે એવો તાલમેળ જાળવે છે. તેઓ એકબીજાને મદદ કરીને સુરક્ષિત રીતે હજારો કિમી જેટલી મુસાફરી દિવસ દરમ્યાન સતત ઉડાન ભરીને પાર પાડે છે અને રાત થતા જ સુરક્ષિત વિસ્તાર પસંદ કરીને આરામ કરે છે અને દિવસની શરૂઆત થતા જ ફરી ઉડાન શરૂ કરે છે.

પરત ફરતી વખતે ગુજરાતથી નીકળીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને છેલ્લે કઝાકિસ્તાન પહોંચે છે અને ફરી પાછા ગુજરાતનાં નળ સરોવર સુધી પરત ફરે છે. કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે.

બનાકસકાંઠાનો રણ વિસ્તાર, પોરબંદર નજીક આવેલ અમીપુર ડેમ વિસ્તાર, મોકરસાગર જળ પ્લાવિત ક્ષેત્ર, માંડવીનો દરિયાઈ પટ્ટો, કચ્છનાં નાના રણથી લઈને રાજસ્થાનનાં રણ વિસ્તારનો વિશાળ પટ્ટામાં કુંજનો કલરવ આખા શિયાળા દરમ્યાન સાંભળવા અને જોવા મળે. શિયાળાની ઋતુમાં કુદરતનાં સંપૂર્ણ પણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતા વગડાની વાટે જ નીસરી જવું પડે.

અમદાવાદ નજીકની નવી જ જાહેર કરાયેલી રામસર સાઈટ થોળ પક્ષી અભયારણ્યમાં હાલમાં કુંજનાં ટોળેટોળા તળાવનાં કિનારે ગમ્મત કરતા જોવા મળે એમને જોવામાં મારો આખો ટંક ક્યાં જતો રહે એ સૂર્ય ક્ષિતિજ પર ઢળ્યા પછી જ ખયાલ આવે. ઓક્ટોબર—નવેમ્બર દરમ્યાન શરૂ થયેલું માઈગ્રેશન થકી ડિસેમ્બરમાં ખૂબ જ મોટા પ્રમાણમાં કુંજ જોવા મળે છે. માર્ચ એપ્રિલ મહિનાની ગરમી શરૂ થતા જ પોતાનાં બ્રિડીગ ગ્રાઉન્ડ તરફ પરત ફરવા ઉડાન ભરે છે.

દુનિયા માટે દિવસ ઢળે પણ મારા માટે તો દિવસ ઊગે. સોનેરી સંધ્યા ટાણે આ વિશ્વપ્રવાસી કુંજ તેઓના કલરવથી આખું વાતવરણ ગૂંજવી મૂકે ત્યારે એક આખો પરિવાર ક્યાંક પ્રવાસે નીકળવાનો હોય ત્યારે આદરવામાં આવતી તૈયારીઓ નજર સમક્ષ તરવરે. કોઈ પણ જીવ જ્યારે કોઈ સ્થળને પોતાનું ઘર બનાવે એટલે એ સ્થળ સાથે ગજ્જબની આત્મીયતા બંધાઈ જાય.

પોતાના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓ લાંબો પ્રવાસ ખેડીને ગુજરાતમાં શિયાળો ગાળવા આવતા આ પક્ષીઓ ઉનાળો બેસે કે અધધધ લાંબી એટલે કે હજારો માઈલની સફર શરૂ કરે એ પહેલા તેઓ આખાયે આકાશમાં ગુંજતા ગુંજતા ચક્કર લગાવે જાણે તેઓ પોતાના ઘરને છેલ્લી વાર જતાં જતાં જોઈ લેતાં હોય. મારા મનમાં તેઓને જોઈને એક નિઃશ્વાસ નખાઈ જાય કે આ તળાવે ફરી હું આવીશ પણ મને કુંજની ગુંજ થોડા મહિનાઓ સુધી નહિ સાંભળવા મળે. આપણે પોતાની જાતને વિશ્વ પ્રવાસી તરીકે ઓળખાવીએ પણ આમનાથી વિશેષ વિશ્વ તો આપણે નહિ જ જોયું હોય ને?

# તંદુરસ્તી-મનદુરસ્તીઃ યોગમાં નાડીશોધનને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે

જેમ આપણે જળ વડે ધોઈને કે કપડાથી લૂછીને શરીરની બહારની સપાટી સાફ કરીએ છીએ તેવી રીતે શરીરની અંદરના અવયવોને સાફ કરવાની પદ્ધતિ યોગમાં વિકસી છે. આ માટે ભિન્ન ભિન્ન ક્રિયાઓ પ્રયોજવામાં આવે છે. આ ક્રિયાઓને શોધનકર્મ કહેવાય છે. યોગમાં શરીરનું આંતરિક શોધન કરવામાં ચાર સાધનોનો ઉપયોગ થાય છે. પાણી, વસ્ત્ર કે દોરી, હવા અને શરીર ચાલન. બસ્તિ, વારિસાર, જલનેતિ વગેરેમાં પાણીનો ઉપયોગ થાય છે. ધૌતિમાં વસ્ત્ર અને સૂત્રનેતિમાં સૂતરની દોરી વપરાય છે. કપાલભાતિમાં હવાથી શોધન થાય છે. નૌલિ કે અગ્નિસારમાં-કોઈ બાહ્ય સાધનોનો ઉપયોગ થતો નથી. પરંતુ માત્ર શરીરના અવયવોના ચાલન દ્વારા જ શોધન થાય છે. ત્રાટકમાં માત્ર આંખની સ્થિર સ્થિતિ દ્વારા શોધન કરવામાં આવે છે.

(૨) શોધનકર્મનું યોગમાં સ્થાનઃ

યોગમાં નાડીશોધનને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. નાડીશોધન કર્યા વિના પ્રાણાયામ કે અંતરંગયોગનો અભ્યાસ કરનાર સાધન

જોખમ વહોરી લે છે. આ નાડીશોધન માટે શોધનકર્મનું મૂલ્યવાન પ્રદાન છે. યોગમાં નાડીશોધન (અનુલોમવિલોમ) નામનો એક ખાસ પ્રાણાયામ છે જેનાથી સાધક નાડીશોધન સિદ્ધ કરે છે. એક પરંપરા નાડીશોધન માટે માત્ર નાડીશોધન પર્યાપ્ત માને છે. પરંતુ બીજી પરંપરા મુજબ નાડીશોધન માટે આ પ્રાણાયામ ઉપરાંત શોધન કર્મોથી શરીરનું શોધન કરવું આવશ્યક છે.

જ્યાં સુધી શરીરમાં વાત, પિત્ત અને કફજન્ય દોષ હોય ત્યાં સુધી યોગાભ્યાસ કઠિન અને જોખમી છે. એટલે પહેલા ત્રિદોષજન્ય રોગોનું નિવારણ આવશ્યક છે. આ કાર્ય શોધનકર્મોથી સારી રીતે થઈ શકે છે.

ધાનુ સામ્ય એ ચિત્તની સમ અવસ્થા માટેનું આવશ્યક સોપાન છે. ધાતુ સમ્ય વિના ચિત્તવૃત્તિ નિરોધ દુષ્કર છે. આ ધાતુ સામ્ય સિદ્ધ કરવા માટે શોધનકર્મોનું પ્રદાન મૂલ્યવાન છે.

યોગાભ્યાસ દરમિયાન સાધક ક્યારેક વ્યાધિઓનો ભોગ થઈ પડે તેવી શક્યતાઓ છે. આ વખતે જાણકારની સલાહ પ્રમાણે શોધનકર્મો દ્વારા તે રોગનિવારણ કરી શકાય.

આ રીતે આપણે કહી શકીએ કે શોધનકર્મ સાક્ષાત યોગ સાધન નથી પરંતુ એક મૂલ્યવાન સહાયક સાધન છે.

(૩) યૌગિક શોધનકર્મોનું વિશિષ્ટ સ્વરૂપ :

આયુર્વેદમાં શોધનકર્મોને પંચકર્મ કહે છે. બસ્તિ, વમન, વિરેચન, સ્નેહન અને સ્વેદન-આ પાંચ આયુર્વેદના શોધનકર્મો છે. યૌગિક શોધનકર્મ અને આયુર્વેદના પંચકકર્મમાં કેટલીક ભિન્નતાઓ રહેલી છે.

આયુર્વેદિક શોધનકર્મમાં સામાન્યતઃ ઔષધિનો ઉપયોગ થાય છે. જ્યારે યૌગિક શોધનકર્મમાં ઔષધિનો ઉપયોગ નથી.

આયુર્વેદમાં શોધનકર્મનો હેતુ રોગનિવારણ કે શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ છે. યૌગિક શૌધનકર્મ તેથી આગળ વધીને નાડીશોધન અને આખરે આધ્યાત્મિક વિકાસને દૃષ્ટિ સમક્ષ રાખે છે. એટલે યૌગિક શોધનકર્મનો હેતુ વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે.

આયુર્વેદિક શોધનકર્મના પ્રમાણમાં યૌગિક શોધનકર્મના સ્વરૂપ અને સંખ્યા બન્ને દૃષ્ટિએ વિકાસ થયો છે. ઘેરંડ સંહિતામાં એકવીશ શોધનકર્મોનું વર્ણન છે.

આયુર્વેદિક શોધનકર્મો કરતાં યૌગિક શોધનકર્મો વધુ કઠિન છે. આયુર્વેદમાં શોધકનકર્મો દરદીઓ માટે છે. જ્યારે યૌગિક શોધનકર્મો સાધક માટે છે.

યૌગિક શોધનકર્મનું મૂલ્ય આયુર્વેદિક શોધનકર્મ કરતાં વધુ છે.

જે શોધનકર્મ બંનેમાં સમાન છે. તેમના સ્વરૂપમાં બંનેમાં ભિન્નતા છે. દા. ત. આયુર્વેદમાં બસ્તિ કરવા માટે પાણીને બહારના દબાણથી અંદર પસાર કરવામાં આવે છે. જ્યારે યૌગિક બસ્તિમાં નૌલિકર્મ દ્વારા પાણીને અંદર ખેંચવામાં આવે છે. આયુર્વેદિક વિરેચનમાં ઔષધિ પ્રયોગથી રેચન કર્મ થાય છે. યૌગિક પદ્ધતિમાં નૌલિ, ઉડ્ડિયાન અને આસનોમાં પ્રયોગથી જ વિરેચન સિદ્ધ કરવામાં આવે છે.

(૪) યૌગિક શોધનકર્મોનું વર્ગીકરણઃ

(૧) કપાલભાતિઃ (i) કપાલભાતિ, (ii) વ્યુત્ક્રમ કપાલભાતિ (iii) શીત્ક્રમ કપાલભાતિ

(૨) નૌલિ

(૩) ત્રાટક

(૪) નેતિ-

(I) જલનેતિ, ii સૂત્રનેતિ

(૫) બસ્તિ- i જલબસ્તિ, ii શુષ્ક બસ્તિ

(૬) ધૌતિ-

(અ) અંતર્ધૌતિ i વાતસાર

(બ) હૃદધૌતિ i દંડધૌતિ, ii વમનધૌતિ iii ગજકરણી, iv બાધી ક્રિયા, v વસ્ત્રધૌતિ, vi વાયુભક્ષણ

(ક) મૂલશોદન

(ડ) દંડધૌતિ- i દંતમૂલ શોધન, ii કર્ણશોધન, iii જીહ્વામૂલ શોધન, iv કપાલરન્ધ્ર શોધન

કપાલભાતિ

(૧) નામઃ કપાલ એટલે મસ્તક અને ભાતિ એટલે પ્રકાશિત કરે છે. કપાલભાતિમાં અભ્યાસથી ચહેરા પર તેજ આવે છે. તેથી તેને કપાલભાતિ કહે છે.

(૨) યોગશાસ્ત્રમાં ઉલ્લેખઃ હઠપ્રદીપિકામાં સ્વાત્મારામ કપાલભાતિનું જે સ્વરૂપ વર્ણવે છે તે સ્વરૂપ પ્રમાણે આપણે અહીં કપાલભાતિની પદ્ધતિ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

'લુહારની ધમણની જેમ તીર્વ ગતિથી રેચક-પૂરક કરવાથી કપાલભાતિ થાય છે. તે કફદોષનો નાશ કરનારી છે.' ઘેરંડ સંહિતામાં શીત્ક્રમ કપાલભાતિ અને વ્યુત્ક્રમ કપાલભાતિ એવા બે વિશેષ પ્રકારોનું વર્ણન છે.

(૩) આસનઃ

પ્રાણાયામ માટે ઉપયુક્ત એવું આસન કપાલભાતિ માટે પણ ઉપયુક્ત છે. એટલે કે કુશાસન પર મૃગચર્મ કે ઊનનું આસન પાથરી તેના પર સુતરાઉ સફેદ કાપડ પાથરી આસન બનાવવું. તેમ શક્ય ન હોય તો ગડી વાળેલો કામળો પણ ચાલી શકે. કપાલભાતિમાં અભ્યાસ વખતે પદ્માસનમાં બેસવું તે સૌથી ઉત્તમ છે. કારણ કે કપાલભાતિ શ્વાસોચ્છ્વાસની તીવ્રતાને કારણે છૂટી જાય તેવી શક્યતા છે.પદ્માસનમાં આવું જોખમ નથી. જેઓ પદ્માસનમાં ન બેસી શકે તેઓ બીજા અનુકૂળ ધ્યાનોપયોગી આસનમાં બેસી શકે છે. આસન ધારણ કર્યા પછી હાથની ગોઠવણી કપાલભાતિમાં વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. બંને હાથને ઢીંચણ પર હથેળી રાખી દઢતાપૂર્વક ગોઠવો. શરીર સહેજ આગળ નમાવો, હાથ ઢીંચણ પર દબાવીને રાખો. આટલું કરવાથી આસન દઢ થશે, જે કપાલભાતિ માટે આવશ્યક છે. કમરથી ઉપરનું શરીર મસ્તક સહિત સીધી રેખામાં રાખો જેથી શ્ર્વસનક્રિયામાં અવરોધ ન થાય.

**પશ્ચિમ રેલવે**

**વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (CO), ૨ જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ-ટેન્ડર નોટિસ નં.: WR-MMCT-SnT-STTD-૨૭-૨૦૨૫, તા. ૧૯.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનઃ ૧ વર્ષની વોરંટી પછી સાત વર્ષની વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (CAMC)સાથે દાદર, બાંદ્રા ટર્મિનસ, અંધેરી, બોરીવલી, વસઈ રોડ, ભિલાડ, અમલસાડ, નવાપુર, ઉદવાડા, સિંદખેડા અને નારદાણા સ્ટેશનો ખાતે નવીનતમ RDSO સ્પષ્ટીકરણો અનુસાર IP ધોરણે કોચ ગાઈડન્સ સિસ્ટમ્સની જોગવાઈ. કામની કિંમતઃ ₹ ૧૫,૧૭,૫૨,૧૫૫.૧૧. બીડ સુરક્ષાઃ ₹ ૯,૦૮,૮૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૮.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0816

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ડબ્લ્યુ), વેસ્ટર્ન રેલ્વે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦ ૦૧૩, ટેન્ડર સૂચના નં. EL/WA/PL/૨૦૨૪-૨૫/૬૭R૨, તારીખઃ ૨૦.૧૧.૨૦૨૫ આમંત્રિત કરે છે. કાર્યનું નામ અને સ્થાનઃ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન આરસીએફ ખાતે ઉત્પાદિત એલએચબી નોન-એસી કોચમાં સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ, પરીક્ષણ અને ફેરફાર લોઅર પરેલ વર્કશોપ, મુંબઈ ખાતેના દરના કાર્યક્ષેત્ર અને સમયપત્રક અનુસાર - ૧૩. કામની અંદાજિત કિંમતઃ ૧,૬૪,૪૪,૬૯૩.૨૦. ઈએમડીઃ રૂ.૨,૩૨,૨૦૦/-. સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ ૧૩.૧૨.૨૦૨૫ સુધી, ૧૨:૦૦ કલાક. ખોલવાની છેલ્લી તારીખ અને સમયઃ ૧૩.૧૨.૨૦૨૫ ના રોજ ૧૨:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0828

facebook.com/WesternRly

## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫**

# પોતાનો જ ચુકાદો ઊલટાવતી સુપ્રીમ

વિધાનસભામાં પસાર થતા ઠરાવ-વિધેયકો મંજૂર કરવાની કોઈ સમય સીમા રાજ્યપાલો કે રાષ્ટ્રપતિ માટે નિશ્ચિત કરી શકાય નહીં તેવો ચુકાદો સુપ્રીમકોર્ટે ગુરુવારે આપ્યો તેના અનેક સૂચિતાર્થ છે. અદાલતની ક્ષમતા અને બંધારણીય પદની ગરિમા બંને જળવાયા છે, સાથે જ લાંબા સમયથી ચાલતા વિવાદ ઉપર પણ વિરામ લાગ્યું છે. જે વિધેયકો પસાર થાય તેને મંજૂરી આપવા માટે જો વિલંબ થાય તો અદાલત તેમાં દખલ કરી પણ શકે તેવું સ્પષ્ટ રીતે જણાવાયું છે. આવા કિસ્સામાં રાજ્યપાલો માટે ત્રણ વિકલ્પ ખુલ્લા રહેશે. દેશની સંસદીય અને બંધારણીય વ્યવસ્થા માટે આ ચુકાદો માર્ગદર્શક બની રહેશે. તમિલનાડુના રાજ્યપાલ અને સરકાર વચ્ચે થોડા સમય પહેલાં વિધેયકો સંદર્ભે વિવાદ થયો હતો. વિધાનસભામાંથી પસાર થયેલા બિલ-વિધેયક રાજ્યસભાએ રોકી રાખ્યા હતા. આ મુદ્દે સુપ્રીમકોર્ટે આઠમી એપ્રિલે આદેશ આપ્યો હતો કે, વિધેયક રોકવાની કોઈ વિશેષ સત્તા રાજ્યપાલ પાસે નથી. સુપ્રીમકોર્ટે એવું પણ કહ્યું હતું કે, રાજ્યપાલ તરફથી મોકલાયેલા વિધેયકો ઉપર રાષ્ટ્રપતિએ પણ ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. ગુરુવારે આવેલા ચુકાદા પછી આ બાબતે સ્પષ્ટતા થઈ ગઈ છે. પાંચ જજની પીઠે સર્વસંમતિથી એવું કહ્યું છે કે, કોઈ પણ વિધેયકને વધારે સમય માટે રોકી રાખવું તે સંઘવાદનું ઉલ્લંઘન ગણાશે. કોર્ટે કહ્યું કે, રાજ્યપાલને ચોક્કસ કોઈ બિલ રોકી રાખવું જરૂરી લાગે તો રોકવાનો અધિકાર છે. તેના માટે કોઈ સમયસીમા નથી, પરંતુ વિલંબના સંજોગમાં અદાલત દખલ કરી પણ શકે છે. રાજ્યપાલ પાસે ત્રણ વિકલ્પ છે : એક તો ખરડો તત્કાલ મંજૂર કરે અથવા ફેરવિચારણા માટે ગૃહને મોકલે કે પછી રાષ્ટ્રપતિને પુનઃ મોકલી દે. વિધાનસભાઓ દ્વારા પસાર થયેલા વિધેયકની મંજૂરી માટે બંને બંધારણીય પદને કોઈ સમયસીમામાં બાંધી શકાશે નહીં. જો રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ મંજૂરી માટેનો વિધેયકનો જવાબ નથી આપતા તો કાયદો એવું માની લે છે કે, મંજૂરી મળી ગઈ છે. રાજ્યપાલ કોઈ પણ નિર્ણય વખતે મંત્રીમંડળની સલાહથી બંધાયેલા નથી. વિધેયકની યથાર્થતા શું છે તે અદાલતનું કાર્યક્ષેત્ર ભલે ન હોય, પરંતુ કોઈ કારણ વગર જો વિલંબ લંબાય તો જરૂરી નિર્દેશ અદાલત આપી પણ શકે છે. અદાલત પોતાના બંધારણીય અધિકારનો ઉપયોગ રાષ્ટ્રપતિ તરફથી ન થતી કાર્યવાહી સંદર્ભે પણ કરી શકે છે.

**એક તો ખરડો તત્કાલ મંજૂર કરે અથવા ફેરવિચારણા માટે ગૃહને મોકલે કે પછી રાષ્ટ્રપતિને પુનઃ મોકલી દે. વિધાનસભાઓ દ્વારા પસાર થયેલા વિધેયકની મંજૂરી માટે બંને બંધારણીય પદને કોઈ સમયસીમામાં બાંધી શકાશે નહીં.**

# અસ્થાના દર્દીઓની સંખ્યા વધી છે

## ભોજન વેળા પાણીથી નુકસાન

દેશના મોટા રાજયોના મોટાશહેરોમાં પ્રદુષણના કારણે લોકોની હાલત દિન પ્રતિદિન કફોડી બનેલી છે. લોકોને શ્વાસ લેવાની તકલીફ છે. આવી સ્થિતીમાં પહેલાથી જ અસ્થમાની તકલીફ ધરાવતા લોકોની હાલત કફોડી બની રહી છે. જ્યારે બીજી બાજુ નવા અસ્થમાના દર્દીઓ વધી રહ્યા છે. આવી સ્થિતીમાં આરોગ્ય નિષ્ણાંતોની ચિંતામાં વધારો થઇ રહ્યો છે. દિલ્હીમાં હાલમાં પ્રદુષણની ચિંતાજનક સપાટી જોવા મળી રહી હતી. જેના કારણે લોકો જાહેર રસ્તા પર આવ ગયા હતા. કેટલાક જાહેર કાર્યક્રમ રદ કરવામાં આવ્યા હતા. સરકારની ફટકાર બાદ આખરે કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે સરકાર અને કોર્ટના પગલાની રાહ જોયા વગર લોકોએ પણ પ્રદુષણને ઘટાડી દેવા માટે સતત જાગૃત રહેવાની જરૂર છે. પ્રદુષણને ઘટાડી દેવા માટે વાહનોની પણ ભૂમિકા રહેલી છે. હાલમાં વાહનોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે પરંતુ તેના કારણે ફેલાઇ રહેલા પ્રદુષણ તરફ કોઇનુ ધ્યાન જઇ રહ્યુ નથી.નાના પાયાના ઉદ્યોગો દ્વારા પણ મોટા પાયે પ્રદુષણ ફેલાય છે. તેમના દ્વારા હવામાં છોડવામાં આવતા ધુમાડાના કારણે પણ પ્રદુષણ ફેલાય છે. સરકાર દ્વારા વારંવાર પગલા લેવામાં આવે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય ઘણા પરિબળો પણ યોગદાન આપે છે.

**આ રીપોર્ટમાં પહલગામ હુમલાનો ઉલ્લેખ આતંકવાદી હુમલા તરીકે નથી કરાયો પણ બળવાખોર હુમલા (ઈનસર્જન્ટ એટેક) તરીકે કરાયો છે.**

# ભારત પાકિસ્તાન સામે હારેલું? અમેરિકા સત્યનો અવતાર નથી

## અત્યારે અમેરિકાને ભારત નહીં પણ પાકિસ્તાન સાથે સારાસારી રાખવાથી ફાયદો થશે

અમેરિકાની સંસદ એટલે કે કૉંગ્રેસના એક રિપોર્ટના કારણે ઓપરેશન સિંદૂરનો મુદ્દો ફરી ચર્ચામાં છે. યુએસ-ચાઇના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યૂ કમિશન યુએસસીસીના રિપોર્ટમાં દાવો કરાયો છે કે, મે ૨૦૨૫માં પહલગામ હુમલા પછી ભારતે હાથ ધરેલા ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનનો હાથ ઉપર રહ્યો હતો અને ભારત સામેના ચાર દિવસના યુદ્ધમાં પાકિસ્તાનને મોટી લશ્કરી સફળતા મળી હતી. ભારત સરકાર ઓપરેશન સિંદૂરમાં ભારતને મોટી જીત મળી હતી એવા દાવા કરે છે તેનાથી બિલકુલ વિપરિત દાવો આ રિપોર્ટમાં કરાયો છે. બલકે ભારત જીત્યું હતું એવા દાવાનો છેદ જ ઉડાવી દેવાયો છે તેથી ભારતીયો માટે આ રિપોર્ટ આઘાતજનક છે.

બીજી આઘાતજનક વાત એ છે કે, આ રીપોર્ટમાં પહલગામ હુમલાનો ઉલ્લેખ આતંકવાદી હુમલા તરીકે નથી કરાયો પણ બળવાખોર હુમલા (ઈનસર્જન્ટ એટેક) તરીકે કરાયો છે. ભારતે પહલગામમાં પાકિસ્તાની પીઠ્ઠુ આતંકવાદી સંગઠનો દ્વારા હુમલો કરાયેલો એવું છડેચોક કહીને પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરેલી પણ અમેરિકન રીપોર્ટ તો પહલગામ હુમલાને આતંકવાદી હુમલો માનવા જ તૈયાર નથી તેનાથી વધારે આઘાતજનક બીજું શું કહેવાય? ભારત સરકારે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતનાં કોઈ ફાઈટર જેટ તૂટ્યાં નહીં હોવાનો દાવો કરેલો પણ આ રિપોર્ટ પ્રમાણે, ભારતનાં ઓછામાં ઓછાં ૩ ફાઈટર જેટ આ હુમલામાં સાફ થઈ ગયાં હતાં. આ રિપોર્ટ પ્રમાણે.

આ રિપોર્ટમાં એવો દાવો પણ કરાયો છે કે, પાકિસ્તાને ભારતનાં રાફેલ ફાઈટર જેટ તોડી પાડ્યાં હોવાનું જૂઠાણું ચીને ફેલાવ્યું હતું કેમ કે પાકિસ્તાને ચીનનાં મિસાઈલ અને શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાન પાસે ચીનનાં જે-૧૦ અને જે-૩૫ ફાઈટર જેટ ઉપરાંત ચીનની એચક્યુ-૯ એર ડીફેન્સ સિસ્ટમ, ઙક-૧૫ મિસાઈલો સહિતનાં શસ્ત્રો છે. આ શસ્ત્રો દુનિયામાં શ્રેષ્ઠ છે અને ફ્રાન્સ સહિતના અમેરિકાના સાથી દેશોનાં ફાઈટર જેટનો તેની સામે કોઈ ક્લાસ નથી એવું સાબિત કરવા માટે ચીન એવાં પડીકાં ફરતાં કરી રહ્યું છે કે, પાકિસ્તાને ભારતનાં રાફેલ ફાઈટર જેટને ઉડાવી દીધાં.

આ રિપોર્ટ ૮૦૦ પાનાંનો છે ને મૂળ તો ચીન અને અમેરિકાના સંબંધો પરના કમિશને બનાવેલો છે તેથી તેમાં બીજું બધું બહુ પિષ્ટપિંજણ કરાયું છે. તેમાંથી મોટા ભાગનું ચીનની લુચ્ચાઈઓ વિશે છે તેથી આપણને તેની સાથે ઝાઝી લેવાદેવા નથી. આપણા માટે મહત્વનો મુદ્દો ઓપરેશન સિંદૂરને લગતો છે.

અમેરિકા એવું માનતું હોય કે, ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાન જીત્યું હતું તો આપણા માટે આ વાત બહુ આઘાતજનક કહેવાય કેમ કે આપણે તો છેલ્લા છ મહિનાથી એવું જ માની રહ્યા છીએ કે, ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દીધી હતી અને ઘરમાં ઘૂસીને માર્યા હતા. આપણી સરકારે આ વાત કરી હતી અને આપણા આર્મીએ પણ આ જ વાત કરી હતી પણ આ રિપોર્ટ તો એવું કહે છે કે, આપણે ભ્રમમાં છીએ ને ખરેખર ભારત નહીં પણ પાકિસ્તાન જીત્યું હતું. આપણી સરકાર કે આર્મીએ કરેલી ઘણી ખરી વાતોને પણ આ રિપોર્ટ ખોટો ગણાવે છે.

આ રિપોર્ટ સાચો જ હોય એ જરૂરી નથી કેમ કે અમેરિકનો કંઈ દેવના દીકરા નથી કે રાજા હરિશ્ચંદ્રનો અવતાર પણ નથી કે સાચું જ બોલે. અમેરિકા દુનિયામાં સૌથી લુચ્ચું પ્રાણી છે અને પોતાનાં હિતોને સાચવવા નરાતર જૂઠ બોલવામાં કે ખોટી વાતો ફેલાવવામાં અમેરિકાને કોઈ છોછ નથી. બલકે જૂઠાણાં ફેલાવવા માટે અમેરિકાનું આખું તંત્ર કામ કરે છે. અમેરિકાએ જાત જાતનાં કમિશન બનાવ્યાં છે જે આવા રિપોર્ટ બનાવીને પોતાને ના ફાવે એવા દેશોની મેથી મારે છે. માનવાધિકારથી માંડીને આતંકવાદ સુધીના મુદ્દે અમેરિકાની સંસદનાં કમિશન આ જ કામ કરે છે.

અમેરિકા પોતાના રિપોર્ટ વિશ્વસનીય લાગે એ માટે તેમને નિષ્પક્ષતાનાં વાઘાં પહેરાવે છે. યુએસસીસીને પણ એવાં વાઘાં પહેરાવવા માટે રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને પક્ષના સાંસદોને તેમાં રખાયા છે. આ કમિશન ચીન અને અમેરિકાના આર્થિક અને સુરક્ષા સંબંધો પર નજર રાખે છે, સંતુલિત રીતે દેખરેખ રાખવા માટે બનાવવામાં આવ્યું હતું.જે દર વર્ષે ચીન શું કરી રહ્યું છે અને વિશ્વ પર એની શું અસર પડી રહી છે તેનો અહેવાલ તૈયાર કરે છે. સાથે સાથે ચીન દ્વારા ઊભા કરાતા પડકારોનો સામનો કેવી રીતે કરવો એ અંગે ભલામણો પણ કરે છે.

ટૂંકમાં આ કમિશનનું મુખ્ય કામ અમેરિકાનાં હિતો સાચવવાનું છે ને અત્યારે અમેરિકાને ભારત નહીં પણ પાકિસ્તાન સાથે સારાસારી રાખવાથી ફાયદો થશે એવું લાગે છે તેથી પાકિસ્તાનનાં વખાણ કરી દેવાયાં છે. પાકિસ્તાનીઓ ભારતને યુદ્ધમાં હરાવવાની અતૃપ્ત ઈચ્છાથી વરસોથી પિડાય છે. અમેરિકાએ પાકિસ્તાનની આ નબળાઈનો લાભ લેવા તેને ફુલણજી કાગડો બનાવવા માટે ભારત સામે જીત્યું હોવાનો રિપોર્ટ બનાવડાવી દીધો હોય એ પૂરી શક્યતા છે તેથી આ રીપોર્ટને સાચો માનીને આપણે દુઃખી થવાની જરૂર નથી પણ ભારત સરકાર આ રિપોર્ટ સામે ચૂપ છે એ જોઈ ચોક્કસ દુઃખ થાય છે.

અમેરિકાના કમિશનનો રિપોર્ટ ભારત સરકારને જૂઠ્ઠી સાબિત કરે છે. ભારત સરકારે ઓપરેશન સિંદૂરમાં જીતનો ખોટો દાવો કરેલો એવું સાફ શબ્દોમાં કહે છે એ જોતાં આ રિપોર્ટ અંગે માત્ર ચોખવટ જ નહીં પણ આકરી પ્રતિક્રિયા પણ જરૂરી છે. અમેરિકાનો રિપોર્ટ કહે છે એ પ્રમાણે ભારતનાં ૩ ફાઈટર જેટ તૂટ્યાં હતાં કે નહીં એ ચોખવટ પણ થવી જોઈએ કેમ કે ભારતની પ્રજાને એ જાણવાનો અધિકાર છે.

આ રિપોર્ટ સામે ચીને તરત રીએક્શન આપીને રિપોર્ટને જ મોટું જૂઠાણું ગણાવ્યું છે ત્યારે ભારત સરકારની ચૂપકીદી ખટકે છે. આ ચૂપકીદીના કારણે એવી છાપ ઊભી થઈ રહી છે કે, અમેરિકાનો રિપોર્ટ સાચો છે અને ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાન જ જીત્યું હતું. ભારત સરકારે આ જૂઠાણાને ખોટું સાબિત કરવું જ જોઈએ.

આ રિપોર્ટ એ વાતનો પુરાવો છે કે, ભારત ગમે તે કરે પણ અમેરિકાને ભારતનાં નહીં પણ પોતાનાં હિતો સાચવવામાં જ રસ છે. આ કારણે અમેરિકા ભારતને નીચાજોણું કરાવીને પાકિસ્તાનને થાબડવાની ગંદી રમત રમી રહ્યું છે. અમેરિકાને પાકિસ્તાન પાસેથી રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો જોઈએ છે તેથી તેના માટે પાકિસ્તાનને ભારત સામે વિજેતા જાહેર કરવામાં પણ તેને છોછ નથી. અમેરિકાની આ ગંદી રમત જોયા પછી હવે તો આપણી આંખ ઉઘડવી જ જોઈએ. ક્યાં સુધી દોસ્તીની દુહાઈઓથી ખુશ થઈશું?

**રાજા સિંહે નોળિયાકુમાર નફ્ફટને જીતાડવા માટે ભક્ત શિરોમણી કાર્યકર ઘેટભાઈ ઘાસફૂસિયાના નેતૃત્વમાં પાર્ટી કાર્યકરોને પ્રચાર કરવા મોકલી દીધી.**

# નેતા નોળિયાકુમારનું ચૂંટણી જીતવાનું રહસ્ય

• 'અરે એ બધી ચિંતા છોડ! આપણે નરો પાસેથી એક નહીં તો બીજી રીતે ટેક્સ વસૂલીને જ માદાઓને આપીએ છીએ. આપણું એમાં કંઈ જતું નથી. તું તુરંત માદાઓને મોટી રકમ આપી દે!'

આખાય જંગલમાં રાજા સિંહનું રાજ ચાલતું અને જંગલના જુદા જુદા ભાગોમાં અલગ અલગ મુખ્યમંત્રીઓ સત્તા સંભાળતા. જંગલની શાસકીય વ્યવસ્થા એવી હતી કે સ્થાનિક વિભાગોનું સંચાલન મુખ્યમંત્રીઓ કરતા અને એમાં જંગલના રાજા સિંહ વિવિધ યોજનાઓના માધ્યમથી મદદ કરતા. જંગલના વિભાગોમાં ચૂંટણીઓ આવતી રહેતી અને એમાં રાજા સિંહની પાર્ટીના અને વિપક્ષના નેતા સસલાભાઈની પાર્ટીના નેતાઓ જીતવા માટે જોર લગાવતા. નોળિયાકુમાર કેટલાય સમયથી જંગલમાં એક વિભાગના મુખ્યમંત્રી હતા.

નોળિયાકુમારની ખાસિયત એ હતી કે દરેક ચૂંટણીમાં તેને બહુમતી ન મળે તો પણ ગમે તેમ કરીને અન્ય નેતાઓની મદદ લઈને ખુરશી મેળવી લેતા. મતદારો કઈ તરફ વળશે એ નોળિયાકુમાર માટીમાં માથું નાખીને સૂંઘી લેતા અને પછી એ નેતાઓની મદદ લઈ લેતા. છેલ્લે તેમણે સસલાભાઈની સહાયથી મુખ્યમંત્રીની ખુરશી મેળવી હતી. પછી સમય બદલાતો જોઈને તેમણે રાજા સિંહને સહયોગી બનાવી લીધા. આ આવડતના કારણે નોળિયાકુમારે 'નફ્ફટ' ઉપનામ મેળવ્યું હતું.

નોળિયાકુમાર નફ્ફટ અને રાજા સિંહના ગઠબંધન સામે વિપક્ષના નેતા સસલાભાઈ અને તેમના સહાયક તીડભાઈ પૂરજોશમાં પ્રચાર કરતા હતા. આ તીડભાઈ આક્રમક પ્રચાર કરતા અને આખાય વિભાગમાં ફરી વળતા એટલે તેમને સમર્થકો તીડભાઈ તેજતર્રાર કહેતા હતા. તીડભાઈની મહેનત જોઈને જંગલમાં ચર્ચા ચાલતી હતી કે આ વખતે તો તીડભાઈ મુખ્યમંત્રી બની જ જશે.

રાજા સિંહે નોળિયાકુમાર નફ્ફટને જીતાડવા માટે ભક્ત શિરોમણી કાર્યકર ઘેટભાઈ ઘાસફૂસિયાના નેતૃત્વમાં પાર્ટી કાર્યકરોને પ્રચાર કરવા મોકલી દીધી. આ કાર્યકરો સોશિયલ મીડિયામાં રાજા સિંહ ને નોળિયાકુમારની દોસ્તીનો ભરપૂર પ્રચાર કરતા હતા. રાજા સિંહે તો તેમની સરકારના બધા દરબારીઓને નોળિયાકુમારનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો હતો. તેના પરિણામે રીછભાઈથી લઈને હાથીભાઈ હરખપદૂડા સુધીના નેતાઓ ચૂંટણી પ્રચાર કરી ગયા હતા. આટલું કર્યા પછીય નોળિયાકુમારની ફેવરનો માહોલ બનતો હતો. રાજા સિંહ સ્વયં જાત-ભાતનો વેશ લઈને મતદારોને આકર્ષવા મહેનત કરતા હતા છતાં જોઈએ એવું પરિણામ મળતું ન હતું. રાજા સિંહ ઊંડી ચિંતામાં હતા.

રાજા સિંહે તેમના અંગત રાજકીય સલાહકાર રીછભાઈ સાથે ચર્ચા-વિચારણા કરી. રીછભાઈએ રાજા સિંહને કલકલિયા કલમઘસુએ તૈયાર કરેલી યોજનાઓનું લિસ્ટ બતાવ્યું. કલકલિયો કલમઘસુ રાજા સિંહનાં ભાષણો લખી આપવાની સાથે સાથે યોજનાઓનાં નવાં નવાં ક્રિએટિવ નામો પણ આપતો હતો. કલકલિયાએ આપેલા નામનો ઉપયોગ કરીને જ અગાઉ રાજા સિંહે ઘણી ચૂંટણીઓમાં ફાયદો મેળવ્યો હતો. એમાં સૌથી અસરકારક યોજનાનું નામ હતું - લાડલી માદા યોજના. કલકલિયાએ યોજનાની વિગતમાં લખ્યું હતું એ રાજા સિંહે વાંચ્યું : 'સુંદર દેખાવાનો દરેક માદાનો જન્મસિદ્ધ શોખ છે. તેમને બ્યુટી પ્રોડક્ટની ગિફ્ટ બહુ જ ગમે છે. યોજનાના ભાગરૂપે જો બ્યુટી પ્રોડક્ટ ખરીદવા માટે આર્થિક સહાય આપવામાં આવે તો માદાઓની વોટબેંક આપણને મળી જશે.'

'વેરી ગુડ! તારી ખાસિયત એ છે કે તને યોગ્ય સમયે યોગ્ય બાબતો યાદ આવે છે.' સિંહે રીછભાઈના વખાણ કર્યા ને તુરંત જ નોળિયાકુમારને ફોન જોડીને સલાહ આપી : 'ચૂંટણી જીતવી હશે તો યોજનાઓનો લાભ માદાઓને આપવો પડશે! તારા વિસ્તારની દરેક માદાને બ્યુટી પ્રોડક્ટ ખરીદવા આર્થિક સહાય આપ એટલે આપણો વિજય નક્કી છે.'

'...પણ મારી પાસે ફંડ જ નથી. જેટલું ફંડ હતું એટલું તો મેં મારી સુરક્ષા અને મારી લાઈફસ્ટાઈલ પાછળ આપી દીધું. વધ્યું એ તમારી સૂચનાથી પાર્ટી ફંડમાં જમા કરાવી દીધું.' નોળિયાકુમારે ચિંતા વ્યક્ત કરી, 'હવે ફંડ આપીશ તો મારી પાસે કશું વધશે નહીં.'

'અરે એ બધી ચિંતા છોડ! આપણે નરો પાસેથી એક નહીં તો બીજી રીતે ટેક્સ વસૂલીને જ માદાઓને આપીએ છીએ. આપણું એમાં કંઈ જતું નથી. તું તુરંત માદાઓને મોટી રકમ આપી દે!'

'જી મહારાજા!' નોળિયાએ રાજા સિંહના કહેવા પ્રમાણે માદાઓના બેંક એકાઉન્ટમાં બ્યુટી પ્રોડક્ટ ખરીદવા માટે મોટી રકમ ટ્રાન્સફર કરી દીધી. વિપક્ષના નેતા સસલાભાઈ અને તીડભાઈ તેજતર્રારે ભારે વિરોધ કર્યો. ચૂંટણી યોજતા બાજ સમાજ પાસે જઈને રજૂઆતો કરી. ચાલુ ચૂંટણીએ ફંડ ટ્રાન્સફર કર્યું એમાં ચૂંટણીના નિયમનો ભંગ થાય છે એવું યાદ કરાવ્યું, પરંતુ બાજોએ તેમને સ્પષ્ટ કહી દીધું : 'તમે ખોટા વિરોધો ન કરો. રાજા સિંહ કહે-કરે એ ફાઈનલ હોય. અમારે એમાં કશું કહેવાનું રહેતું નથી.'નોળિયાકુમારે માદાઓના બેંક એકાઉન્ટ્સમાં આર્થિક સહાય આપી તે પછીના દિવસે મતદાન થયું અને માદાઓએ નોળિયાકુમારને જ મત આપ્યાં. એટલું જ નહીં, નરોને પણ દબાણ કરીને નોળિયાની તરફેણમાં વોટિંગ કરાવ્યું. માદાઓના એક જૂથે નારો લગાવ્યો : 'અમારો નેતા કેવો હોય?' બીજા જૂથે વળતો જવાબ આપ્યો : 'નોળિયાકુમાર જેવો નફ્ફટ હોય!'

**નીતીશકુમારે આજે ૧૦મી વખત બિહારના મુખ્ય પ્રધાનપદના શપથ લીધા છે**


# 'સુશાસન બાબુ'નું દસમું પર્વ ભાજપે પોતાનું વચન પાળ્યું

## જાતિ સમીકરણનું સંતુલન પણ રખાયું છે, જેમાં સબ કા સાથ સબ કા વિકાસ ચરિતાર્થ થાય છે.

બિહારના મુખ્ય પ્રધાનપદના શપથ ૧૦મી વખત લઈને નીતીશકુમારે ઐતિહાસિક વિક્રમ બનાવ્યો છે. જનતા દળ (યુ)થી પાંચ બેઠક વધુ મેળવી હોવા છતાં ભાજપે વચન પાળ્યું છે. ચૂંટણી નીતીશના નેતૃત્વમાં લડયા પછી સરકાર પણ એમના નેતૃત્વમાં આવી છે. ચૂંટણીનાં પરિણામ આવ્યાં પછી પણ નીતીશકુમારના ભાવિ અંગે શંકા વ્યક્ત કરનારા ભોંઠા પડયા છે. સરકારના ગઠનમાં વાંધા પડશે એવી ધારણા પણ ખોટી પડી છે. વિધાનસભાના સ્પીકર, ગૃહવિભાગ અને નાયબ મુખ્ય પ્રધાનો અંગે ખેંચતાણ થઈ પણ આખરે બંને મુખ્ય પક્ષે જૂની સરકારના 'જૈસે થે' એમ જ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. કુલ ૨૬ કેબિનેટ પ્રધાનોએ શપથ લીધા, જેમાંથી ૧૪ ભાજપના, આઠ જેડી (યુ)ના, બે લોકજનશક્તિ પાર્ટીના તથા જીતનરામ માંઝીની હિન્દુસ્તાની અવામ મોરચા તથા રાષ્ટ્રીય લોક મોરચાના એક-એક વિધાનસભ્યનો સમાવેશ થાય છે. ભાજપશાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહપ્રધાન અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ નડ્ડાની હાજરી શક્તિ પ્રદર્શન નહીં પણ એનડીએની એકતાનું પ્રતિબિંબ પાડતી હતી. શપથવિધિ પૂરી થયા બાદ વડાપ્રધાન મોદીએ બિહારી શૈલીમાં ગમછો હવામાં ઘુમાવ્યો, જે તેમણે પરિણામના દિવસે એનડીએના વિજય બાદ પણ કર્યું હતું. શપથ લેનારાઓમાં એક મુસ્લિમ અને ત્રણ મહિલાઓનો સમાવેશ છે. મહિલાઓએ મોટા પ્રમાણમાં કરેલાં મતદાનની નોંધ લેતાં આ પગલું લેવાયું છે. કોમનવેલ્થ ગેમ્સમાં રાઈફલ શૂટિંગમાં ગોલ્ડ મેડલ વિજેતા શ્રેયસી સિંહ, નાયબ મુખ્ય પ્રધાન માટે જેમનું નામ ચર્ચામાં હતું એ રમા નિશાદ તથા પૂર્ણિયાથી છવાર વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવેલા જનતા દળના લેશી સિંહને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. સાથે જ પહેલીવાર ચૂંટાયેલા ત્રણ વિધાનસભ્યે પણ શપથ લીધા. જાતિ સમીકરણનું સંતુલન પણ રખાયું છે, જેમાં સબ કા સાથ સબ કા વિકાસ ચરિતાર્થ થાય છે. નીતીશકુમારે આજે ૧૦મી વખત બિહારના મુખ્ય પ્રધાનપદના શપથ લીધા છે, ત્યારે એમની રાજકીય કારકિર્દીનો ઈતિહાસ તાજો થાય છે. ચૂંટણીના પ્રચાર દરમિયાન તેજસ્વી યાદવ વારંવાર ભાજપને પૂછતા હતા કે, એનડીએ પાસે મુખ્ય પ્રધાનપદનો ઉમેદવાર કોણ છે? આખરે ભાજપે જાહેર કર્યું નીતીશકુમારનું નામ. પણ એટલું જ કહ્યું કે, નીતીશકુમારના નેતૃત્વ હેઠળ એનડીએ મેદાનમાં છે અને એમનું નેતૃત્વ ચૂંટણી પછી પણ હશે. તેજસ્વી યાદવે તો માત્ર ઉમેદવારનું નામ પૂછયું - કારણ કે, એમને આશા હતી કે, ભાજપ નામ બહાર પાડશે નહીં, પરિણામ પછી નક્કી થશે એમ કહેશે! જો નામ બહાર પડે નહીં તો તેજસ્વીને ફાયદો થાય. એમણે તો શપથવિધિની તારીખ પણ જાહેર કરી હતી! તેજસ્વીથી બે ડગલાં આગળ એમના પિતા લાલુપ્રસાદ હતા - જેમણે વર્ષ ૨૦૦૫માં જાહેરાત કરી અથવા આગાહી કરી હતી કે નીતીશના નસીબમાં જ મુખ્ય પ્રધાનપદ નથી! અને નીતીશકુમારનું નસીબ - ભાગ્ય કેવું પલટાયું? વિરોધીઓ એમને પલટુરામ કહેતા હતા પણ એમણે સુશાસન બાબુ બનીને નસીબ જ પલટી નાખ્યું! વર્ષ ૨૦૦૫માં બિહાર વિધાનસભાની સભ્ય સંખ્યા ૩૨૫ હતી. ઝારખંડનું અલગ રાજ્ય થયા પછી ૨૪૩ છે. ૨૦૦૫ની ચૂંટણીમાં નીતીશે ભાજપ સાથે સમજૂતી કરી તે કેન્દ્રીય પ્રધાન અરુણ જેટલીને આભારી છે. આ બંનેની જોડીએ લાલુ યાદવનાં ૨૦ વર્ષના જંગલરાજના મુદ્દા ઉપર ચૂંટણી લડી અને અરુણ જેટલીના આગ્રહથી નીતીશને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા. આ જાહેરાત પછી વોટ-બેઠકો વધુ મળી, પણ સ્પષ્ટ બહુમતી મળી નહીં. લાલુ યાદવના આરજેડીને ૭૫, નીતીશના જનતા દળ (યુનાઈટેડ)ને પંચાવન અને ભાજપને ૩૭, રામવિલાસ પાસવાનના લોકજનશક્તિ પક્ષને ૨૯ બેઠક મળી હતી. પણ નવેસરથી ચૂંટણી જાહેર થાય તેના ૧૦ દિવસ પહેલાં સુપ્રીમકોર્ટે રાષ્ટ્રપતિ શાસન ગેર-બંધારણીય ગણાવ્યું, પછી ચૂંટણીમાં બિહારની જનતાએ એનડીએને બહુમતી આપી. નીતીશને ૫૫થી વધીને ૮૮ બેઠક મળી. ભાજપને ૩૭થી વધીને ૫૫ મળી અને આરજેડી ૭૫થી ઘટીને ૫૪ થઈ. નીતીશકુમાર મુખ્ય પ્રધાન બન્યા અને આજ સુધી રહ્યા છે! ૨૦ વર્ષમાં ૧૦મી વખત મુખ્ય પ્રધાનપદના શપથ લીધા છે.

# આલિયા, કરણે દિવ્યા ખોસલા વિરુદ્ધ નેગેટિવ કેમ્પેઈન ચલાવેલું

## જિગરા ફિલ્મ વખતે થયેલા વિવાદ બાદ દિવ્યાએ મુકેશ ભટ્ટ સાથેનું ઓડિયો રેકોર્ડિંગ વાયરલ કર્યું


મુંબઈ : ટી સીરિઝના માલિક ભૂષણ કુમારની પત્ની અને હિરોઈન દિવ્યા ખોસલા કુમાર તથા નિર્માતા મુકેશ ભટ્ટ વચ્ચેની એક ઓડિયો વાતચીત વાયરલ થઈ છે. તેમાં એવું તારણ મળી રહ્યું છે કે આલિયા ભટ્ટ અને કરણ જોહરે દિવ્યાને બદનામ કરવા માટે રીતસરનું નેગેટિવ પબ્લિસિટી કેમ્પેઈન ચલાવ્યું હતું.

વાસ્તવમાં આલિયા ભટ્ટે કરણ સાથે મળીને પોતાના પ્રોડક્શન હેઠળની પહેલી ફિલ્મ 'જિગરા' બનાવી હતી. આ ફિલ્મ સદંતર ફલોપ રહી હતી. તે સમયે દિવ્યાએ એવો આરોપ મૂક્યો હતો કે 'જિગરા'ની સ્ટોરી વાસ્તવમાં તેની અને હર્ષવર્ધન રાણેની ફિલ્મ 'સાવી'ની બેઠી ઉઠાંતરી છે. તે સમયે દિવ્યા ફક્ત પબ્લિસિટી ખાતર આવા આરોપો કરી રહી હોવાની વાત ચગી હતી. એ વખતે નિર્માતા મુકેશ ભટ્ટે પણ દિવ્યા ખોટો પબ્લિસિટી સ્ટન્ટ કરી રહી હોવાનો દાવો કર્યો હતો. હાલ જારી થયેલી ઓડિયો ટેપ મુજબ તે વખતે જ દિવ્યાએ મુકેશ ભટ્ટને ફોન કરીને કહ્યું હતું કે તેઓ તેની વિરુદ્ધ આવો અપપ્રચાર શા માટે કરી રહ્યા છે. તે વખતે મુકેશ ભટ્ટે તેને જવાબ આપ્યો હતો કે પોતે તેની વિરુદ્ધ કશું બોલ્યા નથી પરંતુ સામેની પાર્ટી ( એટલે કે આલિયા અને કરણ જોહર) તેની વિરુદ સિસ્ટમેટિક નેગેટિવ પીઆર કેમ્પેઈન ચલાવી રહ્યા છે. દિવ્યાનો જન્મદિવસ હતો તે જ દિવસે તેની વિરુદ્ધ આ બધા આરોપોનો મારો ચલાવી તેને માનસિક રીતે પરેશાન કરાઈ હતી. દરમિયાન, તાજેતરમાં ફરીથી મુકેશ ભટ્ટે કોઈ ઈન્ટરવ્યૂમાં દિવ્યા ફક્ત પ્રચાર ખાતર ગમે તેમ બોલતી હોવાનો આરોપ કર્યો હોવાનું કહેવાય છે. મુકેશ ભટ્ટે પોતાની ભત્રીજી આલિયા ભટ્ટનો બચાવ કર્યો હતો. આથી છંછેડાયેલી દિવ્યાએ તે સમયની તેમની વાતચીતની ઓડિયો ટેપ જ જાહેરમાં પ્રગટ કરી દીધી છે.

# એઆઈનો ઉપયોગ આસિસ્ટન્ટ તરીકે કરો, બોસ તરીકે નહીં : સોનુ નિગમ



## સોનુ નિગમે ટેક્નોલોજી અને સર્જનાત્મકતાના સંબંધ વિશે વાત કરી

જાણીતો ગાયક કાશ્મીરમાં કોન્સર્ટ કરવા માટે છેલ્લા થોડા વખતથી ચર્ચામાં હતો, જ્યાં તેણે દાલ લેકમાં શેર-ઈ-કશ્મીર ઈન્ટરનેશનલ કોન્વોકેશન કોમ્પલેક્સમાં પર્ફોર્મ કર્યું હતું. આ કોન્સર્ટમાં તેણે મહોમ્મદ રફીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. આ કોન્સર્ટમાં તેણે એક મસ્જિદની આઝાન માટે પોતાનો કોન્સર્ટ અટકાવી દીધો હતો, તેનો વીડિયો વાયરલ થયો હતો. કારણ કે ૨૦૧૭માં તેણે દબાણપૂર્વક થોપવામાં આવતી ધાર્મિકતા અને લાઉડ સ્પીકરમાં આઝાન અંગે નિવેદન કરીને વિવાદ છેડ્યો હતો. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સોનુ નિગમે ટેક્નોલોજી અને તેના મહત્વ વિશે વાત કરી હતી. સોનુ નિગમે કહ્યું, "એઆઈ સાથે આસિસ્ટન્ટ જેવું કામ લો, એને બોસની જેમ માન ન આપો. તમારી સર્જનાત્મકતાને મદદ કરવા માટે તેનો એક સાધન તરીકે ઉપયોગ કરો. પરંતુ એ ક્યારેય માણસના આત્માને, જે સંગીતને તેની ખરી સોડમ આપે છે, તેનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે."

જ્યારે અલગોરીધમ સાથે ચાલતા કન્ટેન્ટ અંગે સોનુ નિગમે જણાવ્યું, "હાલ, મને એવું લાગે છે કે ભલે તમારી ફીડમાં આવતું સંગીત અલગોરીધમ આધારીત હોય, પરંતુ મને ખરેખર એ સાંભળવું ગમે છે, તેથી હાલ તો મને એમાં કોઈ તકલીફ લાગતી નથી. આપણે બસ રાહ જોવી પડશે અને જોવું પડશે કે એ કઈ રીતે આગળ વધે છે."

આગળ સોનુ નિગમે કહ્યું કે પહેલાના સમયે લોકો ખાસ પ્રયત્ન કરતા અને સંગીત ખરીદવા માટે બહાર જતાં હતાં, જે એક ઊંડો વ્યક્તિગત અનુભવ હતો. હવે સમય બદલાતા કેસેટ અને આલ્બમનું સ્થાન સ્પોટીફાય અને અન્ય ઓડિયો પ્લેટફર્મે લીધું છે, તેના કારણે ખરો, પોતાની ઈચ્છા મુજબનું સંગીત સાંભળવાનો અનુભવ બિલકુલ યાદ આવે છે. આવનારા સમયમાં સોનુ નિગમ પોતાની સતરંગી કોન્સર્ટની ટુર શરુ કરે છે, જેમાંથી એક કોન્સર્ટ અમદાવાદમાં પણ યોજાવાનો છે.

# પવિત્રા પુનિયા બિઝનેસમેન સાથે લગ્ન કરશે ૩૯ વર્ષની વયે બનશે 'દુલ્હન'



મશહૂર ટીવી એક્ટ્રેસ પવિત્રા પુનિયા હાલમાં પોતાના અંગત જીવનને લઈને ખૂબ જ ચર્ચામાં છે. રિપોર્ટ્સ અનુસાર, આ ગ્લેમરસ અભિનેત્રી ટૂંક સમયમાં જ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. કહેવાય છે કે તે યુએસ સ્થિત એક કરોડપતિ બિઝનેસમેનની દુલ્હન બનશે. જોકે હજુ સુધી તેનું નામ જાહેર કરવામાં નથી આવ્યું.

મીડિયા રિપોર્ટ અનુસાર પવિત્રા પુનિયા આવતા વર્ષે ૨૦૨૬ના માર્ચ મહિનામાં લગ્ન કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભવ્ય સમારોહ ભારતમાં જ આયોજિત થશે. જોકે, આ વેડિંગ સેરેમની ખૂબ જ ખાનગી રીતે યોજાશે, જેમાં ફક્ત બંનેના પરિવારજનો અને નજીકના સંબંધીઓ જ હાજર રહેશે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે પવિત્રા પુનિયા અત્યારે ખૂબ જ ખુશ છે અને પોતાની જિંદગીના આ નવા અધ્યાયની શરૂઆત કરવા માટે તે ખૂબ ઉત્સાહિત છે. જોકે, અભિનેત્રીએ પોતે હજી સુધી આ લગ્નના રિપોર્ટ્સને સત્તાવાર રીતે કન્ફર્મ કર્યા નથી.

પવિત્રા પુનિયાએ ઑક્ટોબર મહિનામાં પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર સગાઈની તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં તેનો બોયફ્રેન્ડ તેને પ્રપોઝ કરતો જોવા મળ્યો હતો. જોકે, પવિત્રાએ હજી સુધી પોતાના ભાવી પતિનો ચહેરો જાહેર કર્યો નથી, પરંતુ આ સમાચારને લઈને તેના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે અને તેઓ જલ્દી જ પવિત્રાના 'દુલ્હે રાજા'ને જોવા માટે રાહ જોઈ રહ્યા છે.



# તારા સુતરીયાએ વીર પહારિયા સાથે માલદિવ્ઝમાં બર્થ ડે ઉજવ્યો


તારા સુતરિયાને તેના કથિત બોયફ્રેન્ડ વીર પહારિયા તરફથી લાગણીસભર શુભેચ્છાઓ મળી છે અને તારાને સરપ્રાઈઝ પણ આપી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર તેના અને તારાના કેટલાક ઈન્ટિમેટ ફોટો શેર કરીને લખ્યું હતું, "હેપ્પી બર્થ ડે માય હોલ હાર્ટ". આ મેસેજ સાથે વીરે તેમની બંનેની સાથે તસવીરો શેર કરી હતી, જેનાથી તેમના ફેન્સને તેમના સંબંધનો પણ અંદાજ આવે છે. તારાએ પોતાનો ૩૦મો જન્મ દિવસ માલદિવ્ઝમાં વીર સાથે મનાવ્યો હતો. વીરે શેર કરેલી તસવીરોમાંથી પહેલી તસવીરમાં તે તારાને કિસ કરી રહ્યો હોય, એવો પોઝ આપી રહ્યાં છે. અન્ય એક તસવીરમાં વીર તારા માટે પિઆનો વગાડે છે અને તારા એને સ્માઈલ કરતી જોઈ રહી છે. ત્રીજી તસવીરમાં વીર તારાને જમાડતો દેખાય છે જ્યારે અંતિમ ફોટોમાં તેઓ પોતાના પ્રવાસ દરમિયાન એક યોટ પર મજા કરતાં દેખાય છે.

# રાજકુમાર રાવ, કિર્તી સુરેશની નવી ફિલ્મનું ટાઈટલ શિક્ષક નક્કી થયું

મુંબઈ : રાજકુમાર રાવ અને કિર્તી સુરેશની આગામી ફિલ્મનું ટાઈટલ 'શિક્ષક' નક્કી થયું છે. ટાઈટલ પરથી ખ્યાલ આવે છે તેમ આ ફિલ્મ એજ્યુકેશન સેક્ટરને લગતી હશે. ફિલ્મમાં તાનિયા માનિકતલા પણ મહત્વની ભૂમિકામાં હશે.

આદિત્ય નિમ્બાલકર આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. આદિત્ય અગાઉ અનેક ફિલ્મોમાં એસોસિએટ ડિરેક્ટર તથા રાઈટર રહી ચૂક્યા છે. સ્વતંત્ર દિગ્દર્શક તરીકે તેમની આ પહેલી ફિલ્મ હશે.

રાજકુમાર રાવ આ વર્ષે 'માલિક' જેવી ગેંગસ્ટર ડ્રામા દ્વારા એક્શન હિરો બનવાના ફાંફા મારી ચૂક્યા બાદ હવે ફરી સિરિયસ રોલ તરફ વળ્યો છે. 'માલિક' ફિલ્મ બોક્સ ઓફિસ પર સદંતર ફલોપ ગઈ હતી.

# અહાનનો ફિલ્મી ખુલાસો, અનીત મારી માત્ર સારી મિત્ર છે

## અનીત સાથે અફેર ચાલતું હોવાની અફવા ફગાવી, તાજેતરમાં કરણ જોહરે સરેઆમ કહ્યું હતું કે અહાન અને અનીત રિયલ લાઈફ કપલ છે

મુંબઈ : 'સૈયારા'ની રીલ જોડી અનીત પડ્ડા અને અહાન પાંડે રિયલ લાઈફમાં પણ ડેટિંગ કરી રહ્યાં હોવાની ચર્ચા લાંબા સમયથી છે. જોકે, અહાને બિલકૂલ ફિલ્મી ભાષામાં ખુલાસો કરતાં કહ્યું છે કે તે અને અનીત ફક્ત સારાં મિત્રો જ છે.



અહાને એક વાતચીતમાં કહ્યું હતું કે તેને અને અનીતને બહુ જ સારું બને છે એ વાત સાચી છે. અમે બંને એકબીજાની કંપની બહુ એન્જોય કરીએ છીએ. પરંતુ, અમારી વચ્ચે રોમાન્ટિક રિલેશનશિપ નથી. અમે બંને એકબીજા સાથે કમ્ફર્ટ અને લાગણી અનુભવીએ છીએ એ સાચું છે પરંતુ કોઈ લાઈફટાઈમ કમીટમેન્ટ નથી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ફિલ્મ સર્જક કરણ જોહરે જ એવા વટાણા વેર્યા હતા કે અહાન અને અનીત રિયલ લાઈફમાં પણ રિલેશનશિપમાં છે. આમ પણ કરણ જોહર અનેક બોલીવૂડ કપલ્સની પ્રેમ કહાણીઓનો ભાંડો ફોડવા માટે કુખ્યાત છે.

બીજી તરફ બોલીવૂડમાં રિલેશનશિપ હોય છતાં પણ સારા મિત્રો હોવાનો ડોળ કરવો એ દાયકાઓ જૂની રીતરસમ છે. સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અલીનું શ્વેતા તિવારીની દીકરી પલક સાથે અફેર ચાલતું હોવાની ચર્ચા ચારેબાજુ છે પરંતુ ઈબ્રાહિમે પણ એવો જ ખુલાસો કર્યો છે કે તે અને પલક માત્ર સારાં મિત્રો છે.

# શ્રદ્ધા કપૂરના ભાઈને મુંબઈ પોલીસે સમન્સ પાઠવ્યું

## ૨૫૨ કરોડના ડ્રગ કેસમાં સિદ્ધાંતની પૂછપરછ કરાશે, ઓરીને પણ બીજું સમન્સ પાઠવી ૨૬ નવેમ્બરે હાજર રહેવા ફરમાન

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરના ભાઈને ૨૫૨ કરોડના ડ્રગ્સ કેસના સંદર્ભમાં સમન્સ પાઠવવામાં આવ્યું છે. મુંબઈ પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલે સિદ્ધાંતને સમન્સ પાઠવ્યું છે. સિદ્ધાંતને ૨૫ નવેમ્બરે પોતાનું નિવેદન નોંધાવવાનું રહેશે.

અગાઉ, પોપ્યુલર ઈન્ફ્લુએન્સર ઓરહાન અવત્રામણિ, જેને ઓરી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ANC દ્વારા સમન્સ મોકલવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલો અનુસાર, એન્ટી-નાર્કોટિક્સ સેલના ઘાટકોપર યુનિટે ઓરીને બીજું સમન્સ જારી કર્યું છે, જેમાં તેમને ૨૬ નવેમ્બરના રોજ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે.

ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, એન્ટી નાર્કોટિક્સ સેલે ઓગસ્ટમાં દાઉદ ઈબ્રાહિમ સાથે કામ કરતા ડ્રગ સ્મગલર સલીમ ડોલાના પુત્ર તાહેર ડોલાને દુબઈથી પ્રત્યાર્પણ કર્યો હતો.

પૂછપરછ દરમિયાન, તાહેર ડોલાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે બોલિવૂડ કલાકારો, મોડેલો, રેપર્સ, ફિલ્મ નિર્માતાઓ અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના સંબંધીઓ પણ ભારત અને વિદેશમાં તેના દ્વારા આયોજિત ડ્રગ પાર્ટીઓમાં હાજરી આપતા હતા.

પીટીઆઈના અહેવાલ મુજબ, તાહેર ડોલાએ દાવો કર્યો છે કે આ પાર્ટીઓમાં ડ્રગ્સ (મેફેડ્રોન) સપ્લાય કરવામાં આવે છે. આ પાર્ટીઓમાં હાજરી આપનારાઓમાં શ્રદ્ધા કપૂર, તેનો ભાઈ સિદ્ધાંત કપૂર, અલીશા પારકર (હસીના પારકરનો પુત્ર), નોરા ફતેહી, ઓરી ઉર્ફે ઓરહાન અવત્રામાની, લોકપ્રિય ફિલ્મ નિર્માતા જોડી અબ્બાસ-મસ્તાન, રેપર લોકા અને બાબા સિદ્દીકીના પુત્ર જીશાન સિદ્દીકીનો સમાવેશ થાય છે.

શ્રદ્ધા કપૂરે ૨૦૧૭ માં આવેલી ફિલ્મ 'હસીના પારકર'માં દાઉદ ઈબ્રાહિમની બહેન હસીનાની ભૂમિકા ભજવી હતી, જ્યારે તેના ભાઈ સિદ્ધાંત કપૂરે દાઉદ ઈબ્રાહિમની ભૂમિકા ભજવી હતી.



# ભારત સામે વ્હાઇટ બોલ સિરીઝ માટે સા. આફ્રિકાની ટીમ જાહેર

### બાવુમા વન-ડેમાં, માર્કરમ T20માં કેપ્ટનશીપ કરશે; ૩૦ નવેમ્બરથી સિરીઝ શરૂ થશે




સાઉથ આફ્રિકાએ ભારત સામેની ODI અને T20I સિરીઝ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે. ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમા ODIમાં પણ ટીમનું નેતૃત્વ કરશે. એડન માર્કરમ T20I ફોર્મેટમાં ટીમનું નેતૃત્વ કરશે. ત્રણ ODI અને પાંચ T20I મેચની આ સિરીઝ ૩૦ નવેમ્બરથી શરૂ થશે.

સાઉથ આફ્રિકાએ ઓટનીલ બાર્ટમેન, મેથ્યુ બ્રેટ્ઝકી, નાન્દ્રે બર્ગર, ક્વિન્ટન ડી કોક, પ્રણેલન સુબ્રાયન અને રૂબિન હરમનને વન-ડે ટીમમાં સામેલ કર્યા છે. આ ખેલાડીઓ વર્તમાન ટેસ્ટ સિરીઝનો ભાગ નથી. ત્રણ ODI મેચ રાંચી, રાયપુર અને વિશાખાપટ્ટનમમાં રમાશે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી લગભગ ૧૦ મહિના પછી ભારતમાં ફરી એકવાર રમતમાં આવશે. તેઓ છેલ્લે ઘરેલુ મેદાન પર ઇંગ્લેન્ડ સામેની ODI સિરીઝમાં રમ્યા હતા. દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા પછી, તેઓ ગયા મહિને ઓસ્ટ્રેલિયા સિરીઝમાં પાછા ફર્યા હતા.ડોનોવન ફેરેરા, રીઝા હેન્ડ્રિક્સ, જ્યોર્જ લિન્ડે, ડેવિડ મિલર અને એનરિચ નોર્કિયાને T20 ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. પાંચ મેચની સિરીઝ ૯ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન રમાશે. આ મેચ કટક, મુલ્લાનપુર, ધર્મશાળા, લખનઉ અને અમદાવાદમાં રમાશે.સાઉથ આફ્રિકાનો ભારત પ્રવાસ ૧૪ નવેમ્બરના રોજ કોલકાતામાં શરૂ થયો હતો. ટીમે ત્યાં પહેલી ટેસ્ટ જીતીને સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી હતી. બીજી મેચ હવે ૨૨ નવેમ્બરના રોજ ગુવાહાટીમાં રમાશે.

# દિલ્હી હાઈકોર્ટે ગંભીર સામેનો ફોજદારી કેસ રદ કર્યો

### કોરોના મહામારી દરમિયાન દવાઓનો સંગ્રહ કરવાના આરોપો લાગ્યા હતા



દિલ્હી હાઈકોર્ટે ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સામે લાયસન્સ વિના ડ્રગ્સનો સંગ્રહ અને વિતરણ કરવા બદલ ફોજદારી કેસ ફગાવી દીધો છે. શુક્રવારે, જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ કહ્યું, "ગંભીર અને તેમના ફાઉન્ડેશન સામે ફોજદારી ફરિયાદ રદ કરવામાં આવે છે."

હાઈકોર્ટે ત્રણ વર્ષ પહેલાં, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ આ કેસમાં કોઈપણ કાર્યવાહી પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. ગંભીર, તેની પત્ની, માતા અને ફાઉન્ડેશન સામે જારી કરાયેલા ટ્રાયલ કોર્ટના સમન્સને પડકારતી અરજીમાં ફોજદારી ફરિયાદ રદ કરવાની પણ માગ કરવામાં આવી હતી.

૨૦૨૧માં, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ગંભીરનું કાર્યાલય જરૂરિયાતમંદોને કોવિડ દવાઓનું વિતરણ કરી રહ્યું હતું. વિપક્ષે આને ગેરકાયદેસર સ્ટોકિંગ ગણાવ્યું હતું. જોકે, ગંભીરે દાવો કર્યો હતો કે આ એક માનવતાવાદી કામ છે અને કોઈને નુકસાન થયું નથી. આ પછી, ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે સમન્સ જારી કર્યા.

દિલ્હી સરકારના ડ્રગ કંટ્રોલ વિભાગે પૂર્વ દિલ્હીના તત્કાલીન સાંસદ ગૌતમ ગંભીર, તેમના NGO, અપરાજિતા સિંહ, ગંભીરની માતા સીમા ગંભીર અને પત્ની નતાશા ગંભીર વિરુદ્ધ ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટની કલમ ૧૮(c) અને કલમ ૨૭(b)(૨) હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

સીમા ગંભીર અને નતાશા ગંભીર આ સંસ્થાના ટ્રસ્ટી છે. કલમ ૧૮(c) લાઈસન્સ વિના દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકે છે. કલમ ૨૭(b)(૨) માન્ય લાઈસન્સ વિના દવાઓના વેચાણ અને વિતરણ માટે કેદની જોગવાઈ કરે છે.

# અનફિટ શુભમન ગિલ ગુવાહાટીથી મુંબઈ પહોંચ્યો, તબીબની દેખરેખમાં રહેશે

### ઇજાગ્રસ્ત ગિલ બીજી ટેસ્ટથી વંચિત, કદાચ વન-ડે સિરીઝ પણ ગુમાવશે

ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન શુભમન ગિલ હજી ગુરુવારે સાંજે સુધી બીજી ટેસ્ટમાં રમવા માટે અનિશ્ચિત હતો પરંતુ તેની પેથી આશા રખાતી હતી પણ શુક્રવારે તે ગુવાહાટી પહોંચ્યા બાદ અનફિટ જાહેર થયો હતો અને સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ અગાઉ મુંબઈ રવાના થઈ ગયો હતો. જ્યાં તબીબો તેની દેખરેખ રાખશે. આ ઉપરાંત ગિલ પ્રવાસી સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝ ગુમાવે તેવું પણ જોખમ પેદા થયું છે.

ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલને ગુવાહાટીમાં બીજી ટેસ્ટ મેચ અગાઉ ભારતીય ટીમમાંથી રિલીઝ કરવામાં આવ્યો હતો. તે શુક્રવારે મુંબઈ જવા રવાના થયો હતો. ગિલ ૧૯મી નવેમ્બરે ટીમ સાથે ગુવાહાટી પહોંચ્યો હતો પરંતુ ૨૦મીએ તાલીમ માટે રિપોર્ટ કર્યો ન હતો. એક અહેવાલ મુજબ તે મુંબઈમાં બે થી ત્રણ દિવસ આરામ કરશે અને પછી ડૉ. દિનશા પારડીવાલાની સલાહ લેશે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ સિરીઝની બીજી મેચ શનિવારથી શરૂ થશે.

અગાઉ કોલકાતા ટેસ્ટ દરમિયાન શુભમન ગિલને ગરદનમાં ઈજા થઈ હતી. તે મેચના બીજા દિવસે બેટિંગ કરવા આવ્યો હતો અને થોડા બોલ રમ્યા પછી તેની ગરદનમાં તકલીફ થઈ હતી. એક ફિઝિયોથેરાપિસ્ટ તેને તપાસવા આવ્યા અને તેને નિવૃત્તિ લેવી પડી. ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. તે પછી તેણે મેચમાં ભાગ લીધો ન હતો. ગિલ ટીમ સાથે ગુવાહાટી ગયો હતો પરંતુ હવે તે બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે.



# એશિઝ ટેસ્ટના પ્રથમ દિવસે જ સ્ટાર્ક, સ્ટોક્સ છવાયા

### બોલર્સનો તરખાટ, પ્રથમ દિવસે બંને ટીમની મળીને ૧૯ વિકેટ પડી, ઇંગ્લેન્ડ ૧૭૨, ઓસી. ૯/૧૨૩




પ્રતિષ્ઠિત એશિઝ ટેસ્ટ સિરીઝનો શુક્રવારે રોમાંચક પ્રારંભ થયો હતો. એક તરફ મિચેલ સ્ટાર્કે તરખાટ મચાવીને સાત વિકેટ ઝડપી લેતાં પ્રવાસી ઇંગ્લેન્ડની ટીમ માત્ર ૧૭૨ રનમાં આઉટ થઈ ગઈ હતી પરંતુ ઇંગ્લેન્ડે પણ વળતો પ્રહાર કરીને ૧૨૩ રનમાં ઓસ્ટ્રેલિયાની નવ વિકેટ ખેરવી દીધી હતી. આમ હાલમાં ઓસ્ટ્રેલિયા ૪૯ રન પાછળ છે અને તેની એક જ વિકેટ જમા છે. અહી શરૂ થયેલી મેચના પ્રથમ દિવસે બંને ટીમની મળીને ૧૯ વિકેટ પડી હતી જેમાંથી ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કે સાત અને ઇંગ્લેન્ડના બેન સ્ટોક્સે પાંચ વિકેટ ખેરવી હતી.

લગભગ ૫૫ હજાર પ્રેક્ષકોથી ભરપુર સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે એશિઝ સિરીઝનો પ્રારંભ થયા બાદ પ્રથમ દિવસે જ પેસ બોલર્સના દબદબા વચ્ચે બંને ટીમની બેટિંગની કસોટી થઈ હતી. બેન સ્ટોક્સે ટોસ જીતીને ગ્રીન ટોપ ઉપર પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ પેસ બોલર મિચેલ સ્ટાર્કની સાત વિકેટને કારણે ઇંગ્લેન્ડનો પ્રથમ દાવ ૩૨.૫ ઓવરમાં સમેટાઇ ગયો હતો. ત્યારબાદ ઇંગ્લિશ કેપ્ટન સ્ટોક્સે પાંચ વિકેટ ઝડપતા ઓસ્ટ્રેલિયાએ રમતના અંતે પ્રથમ દાવમાં નવ વિકેટે ૧૨૩ રન કર્યા હતા. દિવસાન્તે નાથાન લાયન ત્રણ અને બ્રેન્ડન ડોગેટ શૂન્ય ઉપર રમી રહ્યા હતા. પર્થ ટેસ્ટમાં પ્રથમ દિવસની ૧૯ વિકટનો પણ રેકોર્ડ નોંધાયો છે. અગાઉ ૧૯૦૯માં પ્રથમ દિવસની રમતમાં ૧૮ વિકેટ પડી હતી. ઓસ્ટ્રેલિયાએ પણ ઇનિંગ્સની ખરાબ શરૂઆત કરી હતી અને બીજા જ બોલે ઓપનર જેક વેધરાલ્ડની (૦૦) વિકેટ ગુમાવી હતી.

# સાંસદ ખેલ મહોત્સવ હેઠળ નરહરિ અમીન દ્વારા રમતમહોત્સવનું આયોજન

### રવિવારે બાસ્કેટબોલ અને સ્કેટિંગ જેવી રમતોનું પણ આયોજન થશે



રાજ્યસભાના સાંસદ નરહરિ અમીના દ્વારા હીરામણિ સ્કૂલના મેદાનમાં સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત રમતગમત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના ઉદઘાટન પ્રસંગે ગુજરાતના રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબહેન વાઘેલા તથા અતિથિવિશેષ પદે શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, ગાંધીનગરના મેયર મીરાબહેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ, નારણપુરાના ધારાસભ્ય જીતેન્દ્ર પટેલ, જનસહાયક ટ્રસ્ટના ઉપપ્રમુખ નીતાહેન પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી ડૉ, વરુણ અમીન, સેક્રેટરી આરસી પટેલ, ટ્રેઝરર વિજુબહેન પટેલ, રાજ્ય સહકારી બેંકના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, ટ્રસ્ટના સીઈઓ ભગવત અમીન તથા વિવિધ રમતોના કોચ, રેફરી અને ખાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવમાં વિવિધ રમતોની ૫૬ ટીમના ૬૮૬ ખેલાડીએ ભાગ લીધો હતો. ખોખોની ૧૭ ટીમ, કબડ્ડીની ૧૮ ટીમ, વોલીબોલની ૨૧ ટીમના ખેલાડીઓ ભાગ લીધો હતો અને તમામને પાર્ટિસિપેશન સર્ટિફિકેટ એનાયત કરાયું હતું. ઉદઘાટન પ્રસંગે રાજ્યસભાના સાંસદ નરહરિ અમીને જણાવ્યું હતું કે ૨૦૧૩-૧૪માં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગામડાના વિદ્યાર્થીઓ રમતોમાં ભાગ લઈ શકે તેથી ખેલો ગુજરાતન પ્રારંભ કરાવ્યો હતો. રમતગમતની સંસ્કૃતિ ઉભી થાય તે માટે દરેક રાજ્યમાં સરકારના સદસ્યો સાંસદ ખેલ મહોત્સવ યોજે તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો. આ વખતે સાંધ્યજીવન કુટિરના વડીલોએ પણ સંગીતખુરશીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે ગ્રામ્યવિસ્તારના ખેલાડીઓએ રમતોમાં ભાગ લઈને દેશનું ગોરવ વધાર્યું છે.

# સાઉથ આફ્રિકાની બે વિકેટ પડી:બાવુમાના કેપ્ટન તરીકે ૧૦૦૦ રન પૂરા

### સ્ટબ્સ સાથે અર્ધશતકીય ભાગીદારી કરી; સાઉથ આફ્રિકાનો સ્કોર ૧૫૧/૨

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ આજે ગુવાહાટીમાં રમાઈ રહી છે. બરસાપારા સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ રમી રહ્યો નથી. તેની જગ્યાએ રિષભ પંત કપ્તાની કરી રહ્યો છે.

હાલમાં, પહેલા દિવસનો બીજો સેશન ચાલી રહ્યો છે. સાઉથ આફ્રિકાએ ૨ વિકેટના નુકસાન પર ૧૫૧ રન બનાવી લીધા છે. ટેમ્બા બાવુમા અને ટ્રિસ્ટન સ્ટબ્સ ક્રીઝ પર છે. રાયન રિકલ્ટન અને એડન માર્કરમ આઉટ થઈ ચૂક્યા છે. ભારત તરફથી જસપ્રીત બુમરાહ અને કુલદીપ યાદવને વિકેટ મળી છે.

સાઉથ આફ્રિકા કોલકાતા ટેસ્ટ જીતીને સિરીઝમાં ૧-૦થી આગળ છે. ટીમ ઈન્ડિયા પર ઘરઆંગણાની પરિસ્થિતિમાં ૧૩ મહિનાની અંદર બીજી વાર ક્લીન સ્વીપનો ખતરો મંડરાઈ રહ્યો છે. ગયા વર્ષે ન્યૂઝીલેન્ડે ભારતને ૩-૦થી ટેસ્ટ સિરીઝ હરાવી હતી. સાઉથ આફ્રિકાને ભારતમાં છેલ્લી સિરીઝ જીત ૨૫ વર્ષ પહેલાં મળી હતી..

ટેસ્ટમાં કેપ્ટન તરીકે ટેમ્બા બાવુમાના ૧૦૦૦ રન પૂરા થઈ ગયા છે. આ ફોર્મેટમાં સાઉથ આફ્રિકા માટે આવું કરનાર તે નવમો ખેલાડી છે. તેણે તેની ૨૦મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ ડડલી નોર્સ સાથે દક્ષિણ આફ્રિકા માટે બીજી સૌથી ઝડપી છે. તે માત્ર ગ્રીમ સ્મિથ (૧૭ ઈનિંગ્સ)થી પાછળ છે.

બન્ને ટીમની પ્લેઈંગ-૧૧

ભારત : રિષભ પંત (કેપ્ટન/વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ, વોશિંગ્ટન સુંદર, નીતિશ રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

સાઉથ આફ્રિકા : ટેમ્બા બાવુમા (કેપ્ટન), એડન માર્કરમ, રેયાન રિકલ્ટન, વિયાન મુલ્ડર, ટોની ડી જ્યોર્જી, ટ્રિસ્ટન સ્ટબ્સ, કાયલ વેરેન (વિકેટકીપર), માર્કો યાન્સેન, સેનુરન મુથુસામી, સિમોન હાર્મર અને કેશવ મહારાજ.






ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના સરસાણા ખાતે સિટેક્ષ એક્ષ્પો ૨૦૨૫નું આજે સવારે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. ભવ્ય ટેક્સટાઈલ્સ પ્રદર્શન ત્રણ દિવસ માટે યોજવામાં આવ્યું છે.

# દીકરી સાથે ઝઘડો કરતા જમાઈની સસરાના હાથે હત્યા

## ફુલવાડી રોડ મસ્જીદ પાસે રાત્રે ચપ્પુના ઘા ઝીંકી યુવકને પતાવી દેવાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

ભરીમાતા ફુલવાડી રોડ મદીના મસ્જીદની સામે સસરાએ જમાઈ સાથે ઝઘડો કરી કેમ મારી પુત્રી સાથે ઝઘડો કરે છે તેમ કહી ચપ્પુથી જમાઈને છાતીના ભાગે ઘા મારી દીધા હતા. ગંભીર ઈજાને પગલે જમાઈનું મોત નિપજ્યું હતું. આ હત્યા મામલે મૃતકના પરિવાર દ્વારા ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

ચોકબજાર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તર પ્રદેશના ફૈઝાબાદ રસુલપુર ગામના વતની અને હાલ ભરીમાતા ફુલવાડી રોડ નદીમ બેકરીવાલાના મકાનમાં રહેતા મહમદ તોસીફ મહમદ રફીક શાહ ઉ.વ.૫૦ મજુરી કામ કરે છે. તેના પરિવારના સભ્ય સલમાન રફીખ અહેમદ શાહ ઉ.વ.૨૩ના થોડા સમય પહેલા નજીઉલ્લા મુસ્તાકીમ શાહની પુત્રી સાથે લગ્ન થયા હતા. દરમિયાન ગઈકાલે સાંજના સમયે નજીઉલ્લાએ તેના જમાઈ સલમાન રફીક શાહને કેમ મારી દિકરી સાથે ઝઘડો કરે છે તેમ કહી તેની પાસેના ચપ્પુથી જમાઈ પર હુમલો કરી દીધો હતો. જમાઈ સલમાન શાહને છાતીના ડાબી બાજુના ભાગે ઘા મારવામાં આવતા તે લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો. હોસ્પિટલ લઈ જવાયેલા જમાઈને મૃત જાહેર કરાયો હતો. આ મામલે ચોકબજાર પોલીસે ખુનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ તથા સાઉથ ગુજરાત કો.ઓપરેટીવ બેંક એસો. દ્વારા અવધ ઉટોપીયા ખાતે બેંકીંગ કોન્કલેવ-૨૫ના ભવ્ય આયોજનમાં ઉપસ્થિત રહેલા વિવિધ મહાનુભાવો તસવીરમાં નજરે પડે છે.

# દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં ૧૬૩૭ ડોઝીયર્સ બનાવવામાં આવ્યા : પ્રેમવીર સિંહ

**દક્ષિણ ગુજરાતના સૌથી વધારે સુરત જીલ્લો ૬૫૧ અને સૌથી ઓછા ડાંગ જિલ્લામાં ૮૭ આરોપીઓના ૧૦૦ કલાક ના ચેકિંગ દરમિયાન ચેક કારવામાં આવ્યા હતા**

સુરત, તા.૨૨

દિલ્હીમાં થયેલા બોમ્બ કાંડ બાદ ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા અગાઉ છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ જેવી કે હથીયાર ધારા,

એન.ડી.પી.એસ.એક્ટ, એપ્લોઝીવ એક્ટ, બનાવટી ચલણી નોટો, ટાડા/પોટા/મકોકા/યુ.એ.પી.એ.એક્ટ તથા પેટ્રોલીયમ એક્ટ હેઠળ દાખલ થયેલ ગુન્હાઓમાં પકડાયેલ આરોપીઓની યાદી બનાવવાની સુચના આપવામાં આવેલ અને આ આરોપીઓનું ૧૦૦ કલાકની અંદર ચેકીંગ પૂર્ણ કરી તેઓના ડોઝીયર્સ ખોલવામાં માટેની નિર્દેશ બાદ દક્ષિણ ગુજરાતના સુરત તાપી વલસાડ નવસારી અને ડાંગ જિલ્લામાં ૧૬૩૭ જેટલા આરોપીઓની ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું દક્ષિણ ગુજરાતના સુરત રેન્જ આઈ જી પ્રેમવીર સિંહ ના નેતૃત્વમાં સુરત વલસાડ નવસારી તાપી અને ડાંગ જીલ્લાઓમાં નીચે મુજબની પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. જેમાં સૌથી વધારે સુરત ગ્રામ્યમાં ૬૫૧ વલસાડ જિલ્લામાં ૪૭૧ નવસારી જિલ્લામાં ૩૨૧ તાપી જિલ્લામાં ૧૦૭ ડાંગ જિલ્લામાં ૮૭ આરોપીઓની ૧૦૦ કલાક દરમિયાન ની કામગીરીમાં ચેકિંગ કરવામાં આવ્યા હતા આ કામગીરી તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ ૧૦૦ કલાક દરમ્યાન આરોપીઓ ચેક કર્યા અંગે માહિતીનું પત્રક ભરવામાં આવ્યું હતું દક્ષિણ ગુજરાતમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અલગ અલગ જિલ્લામાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને તમામ એસપીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી

# સચીન હત્યા કેસમાં આરોપીને શરતી જામીન આપતી હાઈકોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સચિન ખાતે નોંધાયેલા મર્ડર કેસમાં સંડોવાયેલા આરોપી સન્ની સોનકરને શરતોને આધીન ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુક્ત કરતો હુકમ ફરમાવ્યો હતો. આ કેસની વિગત એવી છે કે, સચિન ખાતે મર્ડરનો ગુનો નોંધાયો હતો. જેમાં સંડોવાયેલા આરોપી સની મહેન્દ્ર સોનકરની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં જેલમાં બંધ સન્નીએ હાઈકોર્ટના વકીલ એ.એસ. ટીબાલીયા અને સુરતના વકીલ ઝફર બેલાવાલા મારફતે જામીન અરજી કરી હતી. બચાવ પક્ષે દલીલો થઈ હતી કે ચાર્જશીટને ધ્યાને લેવામાં આવે તો, આરોપીએ મરણ જનારને કોઈ ચપ્પુ વડે હુમલો કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. કહેવાતા બનાવના સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરવામાં આવેલ છે અને તે સી.સી.ટી.વી. ફુટેજ જોતાં પણ હાલના આરોપીએ મરણ જનારને કે ઈજા પામનારને કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવી કોઈપણ હકીકત દેખાય આવતી નથી. તેમજ નજરે જોનાર સાહેદોના નિવેદનોમા ખુબ જ વિરોધાભાષ જણાય આવતો દેખાય આવે છે.

# કોટક બીઝલેબસ સેસન્સ ટુનું લોન્ચીંગ

સુરત, તા.૨૨

IIMA Ventures અને Kotak Mahindra Bank દેશવ્યાપી રોડશોઝ સાથે Kotak BizLabs Season 2 લોન્ચ કરે છે – ઈમ્પેક્ટ-ડ્રિવન ટેક સ્ટાર્ટઅપ્સને ગતિ આપવા માટે National, October 2025: IIMA Ventures એ Kotak Mahindra Bank સાથે સહકારમાં Kotak BizLabs Season 2 અને દેશવ્યાપી રોડશોઝની શ્રેણી લોન્ચ કરી છે, જે ભારતના ટિયર-૨ અને ટિયર-૩ શહેરોના ૭૫ સામાજિક પ્રભાવ અને સ્થિરતાને કેન્દ્રમાં રાખનારા સ્ટાર્ટઅપ્સને ગતિ આપશે. આ એક્સેલરેટર ફાઉન્ડર્સને માર્ગદર્શન, ફંડિંગ સપોર્ટ અને સ્કેલેબલ તેમજ મજબૂત વેન્ચર્સ બનાવવા માટે જરૂરી નેટવર્ક્સ પ્રદાન કરશે.

આગામી રોડશોઝ ૨૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ સુરત ખાતે સાંજે ૫ વાગ્યે યોજાશે. આ સત્રોમાં ઉદ્યોગસાહસિકોને IIMA Ventures અને Kotak Mahindra Bankના મેન્ટર્સ અને પ્રોગ્રામ લીડર્સ સાથે સીધી વાતચીત કરવાનો અવસર મળશે, જેથી તેઓ Kotak BizLabs Season 2માં મળતા લાભો વિશે વધુ માહિતી મેળવી શકે. આ શહેર સ્તરના સત્રો IIMA Venturesના મજબૂત મેન્ટરશિપ નેટવર્ક અને ર્દઢ્ઢા ના ઈકોસિસ્ટમ સપોર્ટનો લાભ કેવી રીતે મેળવવો તેની સમજ આપવા માટે રચાયા છે. એપ્લિકેશન પ્રક્રિયા બાદ ટોચના ૩૦ સ્ટાર્ટઅપ્સને જયપુર, અમદાવાદ, ઈન્દોર અને નવિ મુંબઈ ખાતે પિચ માટે આમંત્રિત કરવામાં આવશે, જેમાંથી ટોચના ૨૫ IIM Ahmedabad ખાતે એક ઈન્ટેન્સિવ બૂટકેમ્પ માટે પસંદ કરવામાં આવશે. અંતિમ ૧૫ સ્ટાર્ટઅપ્સને ?૩૦ લાખ સુધીની ગ્રાન્ટ ફંડિંગ, મેન્ટરશિપ અને નેટર્વકિંગ સપોર્ટ આપવામાં આવશે. આ શહેર સ્તરના સત્રો IIMA Venturesના મજબૂત મેન્ટરશિપ નેટવર્ક અને Kotakના ઈકોસિસ્ટમ સપોર્ટનો લાભ કેવી રીતે મેળવવો તેની સમજ આપવા માટે રચાયા છે. એપ્લિકેશન પ્રક્રિયા બાદ ટોચના ૩૦ સ્ટાર્ટઅપ્સને જયપુર, અમદાવાદ, ઈન્દોર અને નવિ મુંબઈ ખાતે પિચ માટે આમંત્રિત કરવામાં આવશે, જેમાંથી ટોચના ૨૫ને IIM Ahmedabad ખાતે એક ઈન્ટેન્સિવ બૂટકેમ્પ માટે પસંદ કરવામાં આવશે. અંતિમ ૧૫ સ્ટાર્ટઅપ્સને ?૩૦ લાખ સુધીની ગ્રાન્ટ ફંડિંગ, મેન્ટરશિપ અને નેટર્વકિંગ સપોર્ટ આપવામાં આવશે. ચિંતન બક્ષી, Partner - Incubation, IIMA Ventures, કહે છે, “અમને વિશ્વાસ છે કે નવીનતા સૌથી વધુ શક્તિશાળી ત્યારે બને છે જ્યારે તે સર્વસમાવેશક હોય. ભારતના નાના શહેરોમાંથી ઊભી થતી વિચારોની ગુણવત્તા અદ્ભુત છે. Kotak BizLabs Season 2 મારફતે, અમે આ ઉદ્યોગસાહસિકોને IIMAના માર્ગદર્શન અને નેટવર્ક્સ દ્વારા ઝડપથી આગળ વધવા મદદ કરીએ છીએ.” હિમાંશુ નિવસરકર, Head – CSR & ESG, Kotak Mahindra Bank, ઉમેરે છે, “અમારું ધ્યેય નવીનતા અને હેતુ સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સને સમર્થન આપવાનું છે. Kotak BizLabs Season 2 મારફતે, IIMA Ventures સાથે સહકારમાં, અમે દેશના વિવિધ ખૂણેથી આવનારા આવા સ્ટાર્ટઅપ્સને સહાય કરવા ઉત્સુક છીએ.” Kotak BizLabs Season 2 માટેની એપ્લિકેશન્સ હવે ખુલ્લી છે. ફાઉન્ડર્સ અહીં અરજી કરી શકે છે: https://go.iimaventures.com/KotakBizlabsWebsite. About IIMA Ventures IIMA Ventures (પૂર્વે IIMA-CIIE) ૨૦૦૨માં IIM Ahmedabad ખાતે શરૂ થયું હતું અને ૨૦૦૭-૦૮માં સેક્શન-૮ કંપની તરીકે સ્થાપિત થયું હતું. એ ઉદ્યોગસાહસિકતા, ઈનોવેશન અને રોકાણના ક્ષેત્રે અગ્રણી સંસ્થા છે, જે અત્યાર સુધી ૧૦,૦૦૦થી વધુ ફાઉન્ડર્સને માર્ગદર્શન આપી ચૂક્યું છે, ૨૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને ગતિ આપી છે અને ૭૦૦થી વધુ કંપનીઓમાં રોકાણ કર્યું છે. About Kotak Mahindra Bank Limited૧૯૮૫માં સ્થાપિત Kotak Mahindra Group ભારતના અગ્રણી નાણાકીય સમૂહોમાંનું એક છે, જે બેંકિંગ, લેન્ડિંગ, એસેટ મેનેજમેન્ટ અને ઈનશ્યોરન્સ જેવા ક્ષેત્રોમાં સેવા આપે છે. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી, ગ્રુપ પાસે ૫,૫૧૧ શાખાઓ છે અને તેનો સંયુક્ત બેલેન્સ શીટ સાઈઝ 9.1 ટ્રિલિયન છે.

# કાપોદ્રાની યુવતીનો પીછો કરી છેડતી કરાતા પોલીસ ફરિયાદ

## સોશિયલ મીડિયામાં યુવતીને બદનામ કરનાર યુવકને શોધતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

કાપોદ્રા વિસ્તારમાં રહેતી યુવતીનો તેની ઓફીસ તેમજ ઘર સુધી પીછો કરી યુવતીની માતાને બદનામી થાય તેવું લખાણ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મુકનાર બદમાશ સામે ગઈકાલે યુવતી દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરીયાદ કરવામાં આવી હતી.

કાપોદ્રા પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર મુળ અમેરીલના વીંછીયા તાલુકાનો વતની ધવલ જયંતિ મેરજા છેલ્લા થોડા સમયથી કાપોદ્રા વિસ્તારમાં રહેતી યુવતીની છેડતી કરતો હતો. યુવતી ઘરેથી ઓફીસ અને ઓફીસથી ઘરે આવતી હતી ત્યારે તેનો પીછો કરીને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરવામાં આવતું હતું. આટલેથી વાત અટકી ન હતી. રોમિયો મિજાજી ધવલ મેરજાએ યુવતીની માતાને બદનામ કરવા માટે ઈન્સ્ટાગ્રામ આઈડી પર લખાણો લખી યુવતીની માસીની પુત્રીને મોકલી આપ્યા હતા. અવાર-નવારની કનડગતને કારણે આખરે આ મામલે ગઈકાલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

# એપલ ઓથોરાઈઝ ટ્રેનિંગ સેન્ટર માટે યુનિ.ને માન્યતા

સુરત, તા.૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત કાર્યરત જી. પી. દાવર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ડીપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.ને “Apple Authroised Training Center – Education” તરીકે સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ છે. વિભાગે આ જાહેરાત કરતા ગૌરવ અનુભવું હોવાનું જણાવ્યું છે.

આ પ્રતિષ્ઠિત માન્યતા વિભાગને ટેક્નોલોજી શિક્ષણ, રિસર્ચ અને સંશોધનક્ષેત્રે વૈશ્વિક ધોરણે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. આ સાથે વિભાગ હવે એપલના પ્રમાણિત તાલીમ કાર્યક્રમો શરૂ કરવા જઈ રહ્યો છે, જે વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકોને ઉદ્યોગસંગત કૌશલ્ય, હેન્ડ્સ-ઓન અનુભવ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય પ્રમાણપત્રો પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

### જોહનિસબર્ગ

પહેલા પાનાનું ચાલુ

આ ઉપરાંત, પીએમ મોદીએ નેસ્પર્સના ચેરમેન કૂસ બેકર અને ગ્રુપ સીઈઓ ફેબ્રિસિયો બ્લોસી સાથે પણ મુલાકાત કરી. આ બેઠકમાં રોકાણ સંબંધોને વધુ ગાઢ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ પછી, પીએમ મોદીએ દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી. આ વ્યક્તિઓ વિવિધ સમુદાય સંગઠનો સાથે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. તેઓએ વિવિધ મુદ્દાઓ પર પીએમ મોદી સાથે તેમના અનુભવો શેર કર્યા અને વિવિધ ક્ષેત્રોમાં ભારતની પ્રગતિની પ્રશંસા કરી.

દક્ષિણ આફ્રિકામાં ચિન્મય મિશન દ્વારા પીએમ મોદીને ભારત અને દક્ષિણ આફ્રિકાના અનાજ અને બાજરી ધરાવતું ફૂલદાની

ભેટ આપવામાં આવી. પીએમ મોદીએ જણાવ્યું કે આ ડર્બનના અન્નપૂર્ણા દેવી મંદિરમાં મૂકવામાં આવશે.

આ ઉપરાંત, પીએમ મોદીએ જોહાનિસબર્ગમાં ભારતીય મૂળના ટેક ઉદ્યોગસાહસિકો સાથે પણ મુલાકાત કરી. તેમણે ફિનટેક, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, કૃષિ, શિક્ષણ, આરોગ્યસંભાળ, તબીબી ઉપકરણો અને અન્ય ક્ષેત્રોમાં તેમના કાર્યની ચર્ચા કરી.

### બેગુસરાઈ

પહેલા પાનાનું ચાલુ

અંધારાનો ફાયદો ઉઠાવીને ભાગી ગયા.શિવદત્ત રાયને પકડીને પોલીસે જ્યારે પૂછપરછ કરી, તો તેની નિશાનદેહી પર એક ઘરમાંથી મોટી માત્રામાં હથિયાર, રોકડ અને કફ સિરપ જપ્ત કરવામાં આવ્યા છે.૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ની રાત્રે તેઘડા પોલીસ સ્ટેશન વિસ્તારના ધનકૌલ પંચાયતના સરપંચ મીના દેવીના બનહારા સ્થિત ઘરે અપરાધીઓએ તાબડતોબ ગોળીબાર કર્યો હતો.

જેમાં સરપંચના નાના પુત્ર અવનીશ કુમારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે મોટો પુત્ર રજનીશ કુમાર ઘાયલ થયો હતો. આ હત્યા લૂંટફાટનો વિરોધ કરવા બદલ થઈ હતી. આ મામલામાં શિવદત્ત રાય અને તેના ગેન્ગના સરગના સહિત અનેક આરોપીઓ પર નામજોગ પ્રાથમીક (FIR) નોંધાવવામાં આવી હતી.

આરોપીની ધરપકડ ન થતાં STF તેની પાછળ લાગી હતી, આ દરમિયાન ઈનપુટના આધારે રાત્રે જ્યારે તેની ધરપકડ કરવાની કોશિશ કરવામાં આવી, તો આરોપીઓએ પોલીસ પર ગોળી ચલાવી દીધી. પોલીસ પર ૬-૭ રાઉન્ડ ગોળી ચલાવી. જવાબમાં પોલીસે પણ ત્રણ રાઉન્ડ ગોળી ચલાવી છે.

### મધ્ય પ્રદેશમાં

પહેલા પાનાનું ચાલુ

એક અભ્યાસમાં જણાવાયું છે કે છેલ્લા દાયકા (૨૦૧૫-૨૦૨૪) દરમિયાન ભારતના સરેરાશ તાપમાનમાં આશરે ૦.૯ ડિગ્રીનો વધારો થયો છે. આના કારણે દેશમાં વારંવાર ગરમીના મોજા વધી રહ્યા છે, અને દર દાયકામાં ગરમ ??દિવસોની સંખ્યામાં ૫ થી ૧૦ દિવસનો વધારો થઈ રહ્યો છે.

ભારત, નોર્વે અને નેપાળના આબોહવા નિષ્ણાતોની ટીમ દ્વારા સંકલિત આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૧૯૫૦ના દાયકા પછી વર્ષના સૌથી ગરમ દિવસે પશ્ચિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં તાપમાનમાં ૧.૫-૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો હતો.

રાજસ્થાનમાં તીવ્ર ઠંડી વચ્ચે, ઉત્તરપશ્ચિમ દિશાના પવનોએ ધુમ્મસ બનાવવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે દિવસ દરમિયાન અન્ય દિવસોની તુલનામાં હળવો સૂર્યપ્રકાશ રહે છે. રાત્રિનું લઘુત્તમ તાપમાન પણ ૧ ડિગ્રી વધ્યું છે, જે ઘણા શહેરોમાં એકથી બે અંક સુધી પહોંચી ગયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન, હિલ સ્ટેશન માઉન્ટ આબુ સિવાય સૌથી ઠંડુ શહેર સીકર નજીક ફતેહપુર હતું, જ્યાં લઘુત્તમ તાપમાન ૬.૬ ડિગ્રી નોંધાયું હતું.

મધ્યપ્રદેશમાં છેલ્લા ૧૫ દિવસથી ભારે ઠંડી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભોપાલ અને ઈન્દોર સહિત સાત જિલ્લાઓમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. આ દરમિયાન, નરસિંહપુરમાં દિવસ દરમિયાન ઠંડીનો અનુભવ થયો હતો. રાત્રે પણ ઘણા શહેરોમાં પારો ગગડ્યો હતો. શનિવારે ભોપાલ અને ઈન્દોર સહિત સાત જિલ્લાઓમાં ઠંડીનું એલર્ટ લાગુ કરવામાં આવ્યું છે. જોકે, આવતીકાલથી રાહત મળવાની અપેક્ષા છે.

### આરોગ્ય વિમા

પહેલા પાનાનું ચાલુ

જ્યારે ગ્રુપ કવરમાં પણ આ પ્રકારની ગેરરીતિ હોવાનું બહાર આવ્યું છે જેમાં કેશલેસ પધ્ધતિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. દર વર્ષે આ પ્રકારના ફ્રોડથી ૮ થી ૧૦,૦૦૦ કરોડનું જે નુકસાન થાય છે તે નિવારી શકાય તેવું છે.

ખાસ કરીને રૂા.૫૦,૦૦૦ થી ૨.૫૦ લાખ સુધીના કલેઈમમાં આ પ્રકારની ગેરરીતિની શકયતા વધુ રહે છે અને તેમાં હવે એઆઈ આધારીત મેડીકલ કોડીંગ સિસ્ટમ અપનાવવા અને ડેટા શેરીંગમાં જે લુઝ સિસ્ટમ છે તેને મજબુત બનાવવાની ભલામણ કરવામાં આવી છે.

નાના કલેઈમ કે સામાન્ય રીતે વધુ સ્કુટીનીમાં આવતા નથી તેમાં આ પ્રકારના ફ્રોડ સરળતાથી થાય છે અને તે શોધવા માટેની કોઈ નિશ્રિત વ્યવસ્થા પણ નથી. નેશનલ હેલ્થ કલેઈમ એકસચેંજના ડેટાના આધારે આ તારણ આપવામાં આવ્યું છે. જો ફ્રોડ ઘટાડવામાં આવે તો વિમા પ્રિમીયમ પણ નીચુ જઈ શકે તેમ છે તેથી અંતે પોલીસી લેનારથી વિમા કંપનીઓ તમામને લાભની સ્થિતિ થશે.

### ચૂંટણી પંચની

પહેલા પાનાનું ચાલુ

અને અન્ય વિગતો પૂરી પાડવાની જરૂરિયાતથી સંપૂર્ણપણે મુક્ત રહેશે. પંચનો દાવો છે કે માતાપિતાના નામ પણ ટૂંક સમયમાં તેમાં દાખલ થવાથી મુક્તિ આપવામાં આવશે.

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પણ આ માહિતી શેર કરી છે. તેમાં એપ અને સ્ટેપ-બાય-સ્ટેપ નામ શોધ પ્રક્રિયા વિશે પણ માહિતી આપવામાં આવી છે. કમિશનનું કહેવું છે કે આનાથી લોકોને મતદાર યાદીમાં તેમના નામ સરળતાથી શોધવામાં અને SIRપ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરવામાં મદદ મળશે.

### માત્ર તસ્વીર અને

પહેલા પાનાનું ચાલુ

હોવા જોઈએ.આધાર એક્ટય પહેલાંથી જ ઓફલાઈન વેરિફિકેશન અને ફોટો કોપી રાખવા પર રોક લગાવે છે અને તે છતાં કેટલીક હોટેલ્સ, બેંક, ઈવેન્ટ કંપનીઓ આજે પણ આધાર કાર્ડની ફોટો કોપી સ્ટોર કરે છે. હવે યુઆઈડીએઆઈ એવો કાયદો લાવશે કે જેનાથી ફિઝિકલ કોપી વેરિફેશનમાં ઘટાડો થશે અને આધાર માત્ર ક્યુઆર કોડ કે નંબરની મદદથી ઓનલાઈન ઓથેન્ટિકેશન થઈ શકે છે.

આ ઉપરાંત આધાર કાર્ડનો ડોક્યુમેન્ટ તરીકે ઉપયોગ ના થવો જોઈએ. માત્ર નંબર અને ક્યુઆર કોડથી જ વેરિફિકેશન થવું જોઈએ નહીં તો તે ફેક કે બનાવટી હોઈ શકે છે. આ સિવાય યુઆઈડીએઆઈ ટૂંક સમયમાં જ એક એવી એપ લૉન્ચ કરશે, જે એમઆધારની જગ્યા લેશે. જે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના અનુરૂપ બનાવવામાં આવી રહી છે.

### યુક્રેન શાંતિ

પહેલા પાનાનું ચાલુ

પસંદગીનો સામનો કરી રહ્યું છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ યુનાઈટેડ સ્ટેટ્સનો ઉલ્લેખ કરીને આ નિવેદન આપ્યું.

એ નોંધવું જોઈએ કે ટ્રમ્પ વહીવટીતંત્રની આ ૨૮-મુદ્દાની યોજના લીક થઈ ગઈ હતી. આ શાંતિ યોજનામાં ઘણી જોગવાઈઓ છે જેને યુક્રેને શરૂઆતથી જ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

યોજના અનુસાર, કિવ પૂર્વી યુક્રેનમાં ડિનિટ્રોક પ્રદેશના મોટા વિસ્તારોને છોડી દેશે જે તેના કબજામાં છે. વધુમાં, તે તેના સૈનિકોની સંખ્યા ઘટાડશે. વધુમાં, આ યોજનામાં સૌથી મહત્વપૂર્ણ જોગવાઈ એ છે કે યુક્રેન નાટોમાં જોડાવાનું વચન આપશે નહીં. જો કે, ઝેલેન્સકીએ પહેલાથી જ આમ કરવાનો ઈનકાર કરી દીધો છે. યુક્રેન ટ્રમ્પના ૨૮-મુદ્દાના કરારને સ્વીકારશે કે નહીં તે જોવાનું બાકી છે.

શાંતિ યોજના મુજબ, યુક્રેનના ક્રિમીઆ, લુહાન્સ્ક અને ડોનેટ્સક પ્રદેશોને રશિયાનો વાસ્તવિક ભાગ ગણવામાં આવશે. તે સમય જતાં તેની લશ્કરી હાજરી ઘટાડવા અને મોસ્કો પર લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવવાનો પણ પ્રસ્તાવ મૂકે છે. યુક્રેનને ૧૦૦ દિવસની અંદર ચૂંટણીઓ યોજવાની અને નાટો સભ્યપદની કોઈપણ આશા છોડી દેવાની જરૂર પડશે.

યુક્રેનને યુએસ સુરક્ષા ગેરંટી મળશે. જોકે, વોશિંગ્ટનને આ માટે ચૂકવણી કરવી પડશે. યુક્રેનમાં પુનઃનિર્માણ અને રોકાણ કરવા માટે યુએસને ૫૦ ટકા નફો પણ મળશે અને પ્રતિબંધો હટાવ્યા પછી રશિયા સાથે આર્થિક ભાગીદારી પણ કરશે.

### પશ્ચિમ

પહેલા પાનાનું ચાલુ

સ્થાયી થયા છે જે બાંગ્લાદેશ સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે.

તેમની સાંદ્રતા મુખ્યત્વે નાદિયા અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં કેન્દ્રિત છે. જોકે, રાજ્ય ભાજપ નેતૃત્વએ માતુઆ સમુદાયને ખાતરી આપી છે કે ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘુસણખોરો સિવાય અન્ય કોઈએ પણ જેમણે મતદાર યાદીમાં પોતાના નામ નોંધાવ્યા છે તેમને સુધારણા પ્રક્રિયા વિશે ચિંતા કરવાની જરૂર નથી.ગુરુવારે, મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પત્ર લખીને સુધારણા પ્રક્રિયા મુલતવી રાખવા વિનંતી કરી હતી.

પત્રમાં, તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી અધિકારીઓ અને રાજ્યના નાગરિકો પર જે રીતે આ પ્રક્રિયા લાદવામાં આવી છે તે "અનિયોજિત, અસ્તવ્યસ્ત અને ખતરનાક" છે.તે જ દિવસે, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા (LOP) સુવેન્દુ અધિકારીએ પણ ઝઈઝને પત્ર લખીને મુખ્યમંત્રીના પત્રનો વિરોધ કર્યો હતો. તેમના પત્રમાં, વિપક્ષના નેતાએ દાવો કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરને લખેલો સીએમ બેનર્જીનો પત્ર SIR દ્વારા મતદાર યાદી શુદ્ધિકરણ અભિયાનને તોડફોડ કરવાનો એક ભયાવહ પ્રયાસ હતો અને તેમના પત્રની સામગ્રી રાજકીય રીતે પ્રેરિત અને હકીકતમાં ખોટી હતી.

### પાંડેસરાના ઉદ્યોગ

પેજ-૨ પાનાનું ચાલુ

ચકાસણી કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ધારાસભ્ય પ્રવિણ ઘોઘારીએ વિશેષ ધારાની જમીન બાબતે મહેસૂલ વિભાગમાં થતી નાણા ભરપાઈ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં બાકી રહેલા વ્યાજ માફ કરવાની માંગ સાથે મહાનગરપાલિકાની વેરાબીલમાં શિક્ષણ કર અંગે સ્પષ્ટતા કરવાની રજૂઆત કરી હતી.

ધારાસભ્ય સંગીતાબેન પાટીલે લિંબાયત વિસ્તારમાં વધતી જનસંખ્યાને ધ્યાને લઈને નાગરિક સુવિધા કેન્દ્ર તથા સિટી મામલતદાર કચેરી કાર્યરત કરવા રજૂઆત કરી હતી. જે સંદર્ભે કલેક્ટરશ્રી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

ધારાસભ્ય અરવિંદ રાણાએ અશાંતધારા સંબંધિત કેસોમાં ઝડપથી નિર્ણય આવે તેની માંગ કરી હતી. તેમજ વૃદ્ધ સહાય અને ગંગાસ્વરૂપા બહેનોને ઈ-KYC માટે પડી રહેલી મુશ્કેલીના નિવારણ માટે યોગ્ય પગલા જણાવતાં જિલ્લા પુરવઠા અધિકારીએ અગ્રતાના ધોરણે કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

સંકલન બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, માંડવી પ્રાયોજના અધિકારીશ્રી સુનિલ, પ્રાંત અધિકારીઓ, જિલ્લા પોલીસના અધિકારી, મહાનગરપાલિકાના અધિકારી સહિત વિવિધ વિભાગના પદાધિકારીઓ સંકલન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

### પુત્તુર મ્યુનિ.

પેજ-૨ પાનાનું ચાલુ

પ્લાન્ટની કામગીરી, બાયોડાયર્વસિટી પાર્ક, ડ્રીમ સિટી, સુરત મહાનગરપાલિકાની આઈકોનિક ઓફિસ બિલ્ડીંગ, ડુમસ સી ફેસ ડેવલોપમેન્ટ, પ્રેઝન્ટેશન મારફત માહિતી રજુ કરવામાં આવેલ. અંડર ગ્રાઉન્ડ ડસ્ટબીન, પઈ સેન્ટર, ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, ICCC મારફત કરવામાં આવતી તમામ પ્રકારની કામગીરી પ્રેઝન્ટેશન મારફત રજુ કરવામાં આવેલ.આ માહિતી મેળવી ઉપસ્થિત પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયા હતા.

વધુમા સદર પ્રતિનિધિ મંડળ આજરોજ પ્લાસ્ટીક વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ, ભટાર તથા આવતીકાલે ટર્શરી ટ્રીટમેન્ટ અને રીયુઝ ફેસીલીટી પ્લાન્ટ બમરોલી, કોસાડ ટ્રાન્સફર સ્ટેશન અને સી.એન્ડ ડી. વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ કોસાડની પણ મુલાકાત લેનાર છે.

### ભાઠા નદી

પેજ-૨ પાનાનું ચાલુ

પદાર્થોનો નિકાલ કરવાથી માછલીઓ સહિત જળચર જીવોનું મોટા પાયે મૃત્યુ, જમીન-પાણીનું પ્રદૂષણ અને સ્થાનિક લોકોના આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે. આ બાબતે તા.૦૯/૦૬/૨૦૨૩ની રજૂઆત છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. ડૉ. ચૌધરીએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનને પત્ર લખીને તાત્કાલિક તપાસ અને કડક કાનૂની કાર્યવાહી કરવા માંગ કરી છે. ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, “આ તમામ મુદ્દાઓ નિયમોના ઉલ્લંઘન, પર્યાવરણનો વિનાશ અને જનતાના હિત સામે ગંભીર પ્રશ્ન ઉભા કરે છે. સરકારે તાત્કાલિક હસ્તક્ષેપ કરી કાયદાનું શાસન સુનિશ્ચિત કરવું જોઈએ.”

### મોરા ગામ

પેજ-૨ પાનાનું ચાલુ

સી રોડની આ કામગીરી માત્ર માર્ગ નિર્માણ પૂરતી સીમિત નથી, પરંતુ તે ગામના વિકાસનો નવો પાયો સાબિત થવાનો છે. નાગરિકો સુવિધા, સુરક્ષા અને સમય બચત જેવી અનેક સુવિધાઓ સાથે ‘નવી દિશામાં મોરાગામ આગળ વધી રહ્યું છે.

છેલ્લા પાનાનું ચાલુ

### વેજલપુર પોલીસના

ફરિયાદ નોંધાવી છે.બરકતઅલી ચાવડા લિફ્ટમાં જઈ રહ્યા હતા ત્યારે એક યુવતી પણ સાથે હતી. લિફ્ટ બંધ થતાં જ ચાવડાએ યુવતીના ખભા પર હાથ મૂકીને અડપલાં કર્યાં હતાં. લિફ્ટ છઠ્ઠા માળે પહોંચી એ સમયે બીજી વ્યક્તિઓ લિફ્ટમાં આવતાં બરકત ચાવડા લિફ્ટમાંથી બહાર નીકળી ગયો હતો.બીજી બાજુ, ગભરાઈ ગયેલી યુવતીએ તાત્કાલિક ૧૮૧નો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમે યુવતીને પૂછપરછ કરી કાયદાકીય માહિતી આપી હતી. બાદમાં યુવતીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બરકતઅલી ચાવડા હાલમાં ગાંધીનગર કંટ્રોલરૂમમાં ફરજ બજાવે છે. અગાઉ તેઓ અમદાવાદ એસીબી અને રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂક્યા છે. પીઆઈ ચાવડા અગાઉ પણ આ પ્રકારના વિવાદમાં આવી ચૂક્યા છે. મળતી માહિતી અનુસાર, અગાઉ કચ્છમાં દુષ્કર્મની ફરિયાદ થઈ હતી, જ્યારે તેઓ PSI હતા, પરંતુ એમાં સમાધાન થઈ ચૂક્યું છે.

વેજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ રણજિતસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ચાવડા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં આ મામલે તપાસ ચાલી રહી છે.

### ચેક રિટર્ન

ગૌરવ પ્રજાપતિને પૈસાની જરૂર હતી. જેથી હરીશ સોલંકીએ ગૌરવ પ્રજાપતિની માલિકીનો ફ્લેટ ગીરવેથી લઈ ગૌરવને રૂ.૩.૧૦ લાખ આપ્યા હતા. જેનો નોટોરાઈઝ્ડ ગીરો કરાર પણ હરિશ સોલંકીને લખી આપ્યો હતો. દરમિયાન હરીશ પરિવાર સાથે ગૌરવ પાસેથી લીધેલ ફ્લેટમાં રહેવા જતા ખબર પડી હતી કે, ગૌરવ પ્રજા?પતિએ આ ફ્લેટની લોનની ભરપાઈ નહી કરતા આ ફ્લેટને ટાંચમાં લેવાની તૈયારી ચાલી રહી છે. જેથી હરીશ સોલંકીએ ગૌરવ પ્રજાપતિને ગિરવે લીધેલ ફ્લેટનો કબજો આપી રૂ.૩.૧૦ લાખની માગણી કરી હતી. ગૌરવે હરીશ સોલંકીને રૂ.૩.૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ગૌરવ સામે હરીશ સોલંકીએ વકીલ નિમેષ પી.દલાલ મારફતે ચેક રિટર્નનો કેસ કર્યો હતો.

### ડીજીપી

કર્મચારીઓને આગામી તા.૨૫ નવેમ્બરના રોજ ગુજરાત પોલીસ એકેડમી કરાઈ ખાતે આયોજીત સમારંભમાં એવોર્ડ આપવામાં આવશે. રાજ્યના ડીજીપી વિકાસ સહાય સહિતના ગુજરાત પોલીસના સિનીયર અધિકારીઓ દ્વારા એનાયત કરવામાં આવતા ડીજીપી ડીસ્ક-૨૦૨૪માં સંયુક્ત પો.કમિશનર રાઘવેન્દ્ર વત્સ (ક્રાઈમ), લગધીરસિંહ એ.ઝાલા ડીસીપી, એન.પી.ગોહિલ એસીપી, વી.આર.મલ્હોત્રા એસીપી તેમજ એસઓજી પીઆઈ અતુલ સોનારા, પીઆઈ એચ.એ.સિંધા સહિત ૧૬ પોલીસ અધિકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૨ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ફોર્મ જમા કરાવવા મતદારો ઉમટી પડ્યા

## ‘સર’ પ્રક્રિયાને અભૂતપૂર્વ પ્રતિસાદ : મતદાન મથકોમાં મતદારોની લાઈનો લાગી, આવતીકાલે રવિવારે પણ ફોર્મ જમા કરી શકાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

એસઆઈઆરની કામગીરી ચાલી રહી છે ત્યારે આજથી બે દિવસ વિશેષ મતદાર નોંધણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સુરત શહેર જિલ્લાની દરેક સ્કુલોમાં સવારથી જ મતદારોની ભીડ ઉમટી હતી. લાંબી કતારોમાં બુથ લેવલ ઓફીસરો પાસે પોતાના નોંધણી ફોર્મ જમા કરાવતા લોકો નજરે પડ્યા હતા. ચુંટણી વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ કાર્યક્રમ અંતર્ગત હજારોની સંખ્યામાં બે દિવસમાં નોંધણી થશે. એસઆઈઆરની કામગીરી માટે અલગ-અલગ વિભાગનાં કર્મચારીઓ અને અધિકારીઓને પણ બુથ લેવલ ઓફીસરની જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે તા.૨૨ નવેમ્બર અને ૨૩ નવેમ્બર શનિ અને રવિવારના દિવસે લોકોને સમય મળી રહે તે માટે આ નોંધણીની પ્રક્રિયા સ્કુલોમાં રાખવામાં આવી છે. જિલ્લામાં પણ આજે સવારથી નોંધણી કેન્દ્રો ઉપર તેમજ શાળાઓમાં લોકોનો ધસારો જોવા મળ્યો હતો. ભારતના ચુંટણી પંચે મતદારોની નોંધણી નિયમો અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ગુજરાત સહિત દેશના ૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેસોમાં એસઆઈઆર વિશેષ સઘન સુધારણાનો આદેશ આપ્યો હતો. દરમિયાન ગુજરાત સહિતના રાજ્યોમાં આ કામગીરી હાલ ચાલી રહી છે. મતદાર નોંધણી સુધારણા કાર્યક્રમ અંતર્ગત આજે અને આવતીકાલે સુરત શહેર જિલ્લામાં શાળાઓમાં બુથ લેવલ ઓફીસરો દ્વારા મતદારોના ફોર્મની ચકાસણી અને સબમિશન કરાયું હતું. સવારથી શહેર જિલ્લામાં લોકોની લાંબી કતારો લાગી હતી. આજે અને આવતીકાલે સર પ્રક્રિયા અંતર્ગત ફોર્મ જમા કરવાના હોવાથી આજે શનિવારે સવારથી જ મતદાન કેન્દ્રોમાં મતદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.


# ‘સર’ પ્રક્રિયા અંગે ચૂંટણી પંચની જાહેરાતમાં સમય અલગ-અલગ

## ચૂંટણી પંચની જાહેરખબરોમાં સમય વિસંગતતાને કારણે મતદારો મુંઝવણમાં મુકાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

ઈલેકશન ડિપાર્ટમેન્ટ દ્વારા સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવીઝન (એસઆઈઆર)ની કામગીરી ચાલી રહી છે ત્યારે સુરત શહેર જિલ્લામાં આજે શનિવારે અને આવતીકાલે રવિવાર એમ બે દિવસ માટે મતદારો માટે નામ, સરનામા સુધારા વધારા ફેરફાર સહિતની કામગીરી કરવામાં આવશે. દરમિયાન મતદારો માટે અખબારોમાં પ્રસિધ્ધ કરાયેલી જાહેરાતમાં પણ વિસંગતતા ઉડીને આંખે વળગી રહી છે. જેના કારણે મતદારો મુંઝવણમાં મુકાઈ ગયા છે.


ગણતરીફોર્મ પરત કરી શકો છો
#SIR2025
તા. ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ - સવારે ૯ થી બપોરે ૧ દરમિયાન
ગુજરાતના મતદારો ૨૦૦૨ની મતદારયાદીમાં
પોતાનું / માતા / પિતા / દાદા / દાદીના નામની
"વિગતો સાથે" કે "વિગતો વિના"
ગણતરી ફોર્મ સહી કરીને BLO ને મતદાનમથકે જમા કરાવી શકે છે.
મતદારયાદીમાં બે જગ્યાએ નામ રાખવું તે ૧ વર્ષ સુધીની કેદ ને પાત્ર છે


મતદારયાદી ખાસ સઘન સુધારણા
કાર્યક્રમ
SIR-2026
આપના મતદાન મથકે એન્યુમેરેશન ફોર્મ (EF) જમા કરાવવવાની સુવર્ણ તક
તા.૨૨/૧૧/૨૦૨૫- શનિવાર
તા.૨૩/૧૧/૨૦૨૫ – રવિવાર
સવારે: ૦૯.૦૦ કલાક થી સાંજે: ૦૫.૦૦ કલાક આપના મતદાન મથકે

‘સર’ ૨૦૨૫ પ્રક્રિયા અંતર્ગત વર્તમાન પત્રોમાં મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત દ્વારા પ્રસિદ્ધ કરાયેલી જાહેર ખબરમાં ગણતરી ફોર્મ જમા કરાવવા માટે તા.૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ સવારે ૯ થી બપોરે ૧ દરમિયાન મુજબની સુચના આપવામાં આવી છે. જ્યારે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરાયેલી જાહેર ખબરમાં મતદાન મથકમાં સવારે ૯-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી ફોર્મ જમા કરવાનું જણાવાયું છે. જાહેર ખબરમાં સમયની વિસંગતતાના કારણે મતદારો મુંઝવણમાં મુકાઈ ગયા છે.

# વેજલપુર પોલીસના પીઆઈ ચાવડા દ્વારા યુવતીની છેડતી

## એપાર્ટમેન્ટની લીફ્ટમાં પોલીસ અધિકારીએ યુવતી સાથે કરેલા અડપલા કર્યા

**અમદાવાદ, તા.૨૨**

અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર બરકતઅલી ચાવડા સામે છેડતીની ફરિયાદ નોંધાઈ છે. PI ચાવડાએ વિશાલા વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટની લિફ્ટમાં યુવતીના ખભે હાથ મૂકી શારીરિક અડપલાં કર્યાં હોવાનો યુવતીએ આક્ષેપ કર્યો છે. વેજલપુર પોલીસે યુવતીની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં ગાંધીનગર કંટ્રોલરૂમમાં ફરજ બજાવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસ ઈન્સ્પેક્ટર બરકતઅલી ચાવડા સામે ૧૯ વર્ષીય યુવતીએ શારીરિક અડપલાં કર્યાં હોવાનો આરોપ મૂક્યો છે. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું છે કે PI ચાવડાએ લિફ્ટમાં તેની સાથે અડપલાં કર્યાં હતાં અને તેના ખભા પર હાથ મૂક્યો હતો. ગભરાઈ ગયેલી યુવતીએ અભયમ હેલ્પલાઈનને ફોન કર્યો હતો. ટીમે કાઉન્સેલિંગ કર્યા બાદ યુવતીએ આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશનમાં

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્ન કેસમાં ગૌરવ પ્રજાપતિને કેદની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

બેંકમાં મોર્ગેજ મુકેલી મિલકતનો ગીરો કરાર લખી આપી તેના બદલામાં મેળવેલી રકમની પરત ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં બમરોલીના ગૌરવ પ્રજાપિતને કોર્ટે બે માસની સજા અને ચેકની બમણી રકમ ચૂકવી આપવા આદેશ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ નિમેષ પી.દલાલે દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, ભેસ્તાન ખાતે સંગમ સોસાયટીમાં રહેતા હરીશ કાશીનાથ સોલંકીની ઓળખાણ એક દલાલ મારફતે ગૌરવ મનોજ પ્રજાપતિ(રહે.ન્યુ હરિધામ સોસા., કાશીનગરની બાજુમાં, બમરોલી) સાથે થઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# દેશી પિસ્તોલ સાથે પરપ્રાંતિય ઝડપાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

વરેલીગામ સંસ્કાર સ્કુલ સામેના રોડ પરથી કડોદરા જીઆઈડીસી પોલીસે મુળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પલસાણામાં રહેતા એક યુવકને દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ સહિતની ચીજ-વસ્તુઓ કબ્જે કરી તેની પુછપરછ હાથ ધરી હતી. તેને પિસ્તોલ આપનાર વરેલીના જ મનોજ મિશ્રા નામના યુવાનને વોન્ટેડ જાહેર કરાયો હતો.

કડોદરા જીઆઈડીસી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પલસાણા સર્વિસ રોડથી વરેલી તરફ જતા રસ્તા પરથી કડોદરા જીઆઈડીસી પોલીસે ધીરેન્દ્રપ્રતાપસિંગ ભીષમસીંગ રાજપુત રહે. વિરલ કોમ્પલેક્ષ, પલસાણાને દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે ઝડપી પાડ્યો હતો. તે કોઈ ગુનો કરવાના ઈરાદે પિસ્ટલ લાવ્યો હતો કે કેમ તે બાબતે પોલીસે તેની પુછપરછ હાથ ધરી હતી.

# ડીજીપી કમેન્ડેશન ડીસ્ક માટે ૧૧૦ અધિકારીઓની પસંદગી

## એવોર્ડ માટે સુરત પોલીસના ૧૬ અધિકારીઓ સીલેક્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**

ગુજરાત પોલીસના ડીજીપી કમેન્ડેશન ડીસ્ક-૨૦૨૪ માટે સુરત સહિત રાજ્યભરમાંથી ૧૧૦ ઉચ્ચ પોલીસ અધિકારી, કર્મચારીને તેમની પોલીસ ડિપાર્ટમેન્ટમાં સારી કામગીરી બદલ એવોર્ડ આપવા પસંદગી કરવામાં આવી છે.

લોકોની સેવા સુરક્ષા અને સલામતિ માટે રાત દિવસ એક કરીને પોલીસ વિભાગમાં નિષ્ઠાપુર્વક ફરજ બજાવતા પોલીસ અધિકારી

અનુસંધાન પાના ૭ પર

લાયન્સ ઉમરા-પીપળોદ એજ્યુકેશન સોસાયટી, સુરત.
શારદાયતન શાળા
લેકવ્યુ ગાર્ડનની સામે, પીપળોદ, સુરત-૭.
www.shardayatan.in
Email Id :- info@shardayatan.in
પ્રવેશ અંગે (શૈ.વર્ષ ૨૦૨૬-૨૭)
પૂર્વ - પ્રાથમિક વિભાગ (ગુજરાતી માધ્યમ /ગ્લોબલ ગુજરાતી માધ્યમ)
આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જુ.કે.જી. / સિ.કે.જી. ના પ્રવેશપત્રો તા.૨૪/૧૧/૨૦૨૫ ને સોમવારથી બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ દરમ્યાન મળશે.
- જુ.કે.જી. માટે તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ ત્રણ વર્ષ પૂરા થયેલાં બાળકો જ પ્રવેશને પાત્ર રહેશે.
- સિ.કે.જી. માટે તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ ચાર વર્ષ પૂરા થયેલાં બાળકો જ પ્રવેશને પાત્ર રહેશે.
- પ્રવેશ ફોર્મ મેળવવા માટે અંગ્રેજી જન્મ તારીખના દાખલાની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવી.
- સંપૂર્ણ વિગત ભરેલ પ્રવેશપત્ર - અંગ્રેજી જન્મ દાખલાની નકલ સાથે આ જ સમયગાળા દરમ્યાન કાર્યાલયમાં પરત સ્વીકારવામાં આવશે.
- ગ્લોબલ ગુજરાતી (ગુજલીશ) માધ્યમમાં વિદ્યાર્થીઓને ક્રમશ : ગણિત અને વિજ્ઞાન વિષયો અંગ્રેજી ભાષામાં શીખવવામાં આવશે.
- પ્રવેશપત્ર મેળવ્યા બાદ સંપૂર્ણ માહિતી સાથે ભરેલ પ્રવેશપત્રો દિન-૧૦ માં શાળાની વહીવટી ઓફિસમાં જમા કરાવી એડમિશન કન્ફર્મ કરાવી લેવાનું રહેશે.
શાળા સમિતિ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
અને
સુરત ટેક્ષમેક ફેડરેશન
ભારતનું વિશાળ ટેક્ષ્ટાઈલ મશીનરી પ્રદર્શન
SGCCI
SGCTIDC
12th EDITION
SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
SURAT TEXMAC FEDERATION
રજીસ્ટ્રેશન માટે
:: સ્થળ :: સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર અને પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત. સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦
POWERED BY pickwell Textile Machinery
PLATINUM SPONSOR HAIJIA Air Jet & Water Jet Looms GOLDEN ID
GOLD SPONSOR OM SATYA DELIVERING EXCELLENCE
SILVER SPONSORS OKOSU CERATECH PVT. LTD. synergy WANLI
ANNUAL EVENT PARTNERS
SFA SINGHI FINANCIAL ADVISORS Siddharth Pradeep Singhi
JAINAM
Luthra Group
GEPIL
SOLEX ENERGY
Liberty's
KP GROUP
SIGNATURE RAPIER-JACQUARD-AIRJET
NJ GROUP
Mehta Wealth
THE SURAT PEOPLE'S CO-OP. BANK LTD.
JBGO JAY BHAGWAN GROUP ORGANISATION

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી
ગુજરાત સરકાર

માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્દહસ્તે

સામાન્ય વહીવટ વિભાગ હેઠળના
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારશ્રીના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૪૪૭૩ ઉમેદવારોને
નિમણૂક પત્ર એનાયત સમારોહ
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
પ્રેરક ઉપસ્થિતિ
શ્રી જીતુભાઈ એસ. વાઘાણી
માનનીય મંત્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
શ્રી અર્જુનભાઈ ડી. મોઢવાડીયા
માનનીય મંત્રી, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ડૉ. પ્રદ્યુમન જી. વાજા
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા શિક્ષણ વિભાગ
શ્રી રમણભાઈ બી.સોલંકી
માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ
જુનિયર ક્લાર્ક, વર્ગ-૩
(મહેસૂલ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગૃહ વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કાયદા વિભાગ, નાણાં વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ)
સિનિયર ક્લાર્ક
(કૃષિ અને સહકાર વિભાગ, નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)
હેડ ક્લાર્ક
(કૃષિ અને સહકાર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)
ઑફિસ આસિસ્ટન્ટ
(સામાન્ય વહીવટ વિભાગ)
સબ રજિસ્ટ્રાર, ગ્રેડ ૧/૨, વર્ગ-૩ અને સ્ટેમ્પ નિરીક્ષક, વર્ગ-૩
(મહેસૂલ વિભાગ)
હિસાબનીશ, વર્ગ-૩ અને પેટા હિસાબનીશ, વર્ગ-૩
(નાણાં વિભાગ)
ડેપો મેનેજર / આસિસ્ટન્ટ ડેપો મેનેજર
(અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ)
મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩, સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ-૩ અને ગૃહપતિ
(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ)
મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ-૩
(આદિજાતિ વિકાસ વિભાગ)
સર્વેયર
(વન અને પર્યાવરણ વિભાગ)
તારીખ: ૨૨-૧૧-૨૦૨૫ સમય: સાંજે ૦૪:૦૦ વાગે સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર
કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat